
Friday, 31 July 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક



આપણા સર્જક ઈશ્વરે આપણા મન અને વ્યક્તિત્વને ઘણી શક્તિઓ અને ક્ષમતાઓ આપી છે. પ્રાર્થના આપણને આપણી શક્તિ વધારવામાં મદદ કરે છે. - ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી
RNI No. DDGUJ/2003/13906
દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com
દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૨૮ ● સંવત-૨૦૮૨ અષાઢ વદ બીજ ● Web: www.vartmanpravah.com
vartmanpravah @VartmanPravahD

## ૧૬ મહિનાની માસૂમ બાળકી સાથે દુષ્કર્મ કરનારા હેવાનને ૨૦ વર્ષની સજાનો દમણની જિલ્લા અદાલતે કરેલો આદેશ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૩૦**

નાની દમણના દાભેલ (મંજુબેન કી ચાલ) વિસ્તારમાં ૧૬ મહિનાની માસૂમ બાળકી પર બળાત્કાર કરવાના આરોપીને જિલ્લા અને સત્ર ન્યાયાધીશ શ્રી રાજેશ તિવારીની કોર્ટે દોષિત ઠેરવ્યો છે અને તેને ૨૦ વર્ષની સખત કેદ અને ૧૦,૦૦૦ રૂપિયા દંડની સજા ફટકારી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે, આ કેસ ૧૯ જાન્યુઆરી, ૨૦૨૩નો છે (એફઆઈઆર તારીખ ૧૯ જાન્યુઆરી, ૨૦૨૩, ગુનો નં.૯/૨૩). આરોપી, દિલીપ રામચંદ્ર ગૌતમે, જે ઉત્તર પ્રદેશના પ્રતાપગઢના વતની છે, અને ચાર બાળકોના પિતા છે, તેણે દારૂના નશામાં આ ક્રૂરતા આચરી હતી. માસૂમ બાળકી તેની માતા સાથે બેઠી હતી ત્યારે આરોપી તેને બિસ્કિટનું વચન આપીને લલચાવીને લઈ ગયો. જ્યારે છોકરી લાંબા સમય સુધી દેખાઈ નહીં, ત્યારે માતાએ તેની શોધ શરૂ કરી. થોડા સમય પછી, આરોપી છોકરીને પાછી લાવ્યો, પરંતુ તેના અન્ડરવેર ગાયબ હતા અને તેના ગુપ્તાંગમાંથી લોહી નીકળતું હતું. જ્યારે માતાએ તેને પૂછપરછ કરી, ત્યારે આરોપી ઘટનાસ્થળેથી ભાગી ગયો. તબીબી તપાસમાં છોકરીના ગુપ્તાંગ પર ગંભીર રીતે ફાટી જવાની અને કોઈ વસ્તુનો ઉપયોગ થયાની પુષ્ટિ થઈ.

**નક્કર પુરાવા અને પોલીસની ત્વરિત કાર્યવાહીને કારણે આરોપીને દોષિત ઠેરવવામાં આવ્યો**

આ કેસની તપાસ SHO/PSI શ્રી વિશાલ પટેલ અને ઈન્ચાર્જ ઓફિસર શ્રી ધનજી દુબરિયાની ટીમ દ્વારા ખંતપૂર્વક કરવામાં આવી હતી. ઘટનાના એક મહિના પછી, ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

ટ્રાયલ દરમિયાન, પોલીસે કોર્ટ સમક્ષ એક મજબૂત દાવો રજૂ કર્યો હતો. ૧૦ સાક્ષીઓના નિવેદનો અને ફોરેન્સિક પુરાવાઓના આધારે કેસ સાબિત થયો, જેમાં બાળકને લઈ જતા આરોપીના ફૂટેજનો પણ સમાવેશ થાય છે. FSL રિપોર્ટ આરોપી અને બાળક બંનેના કપડાં પરના લોહીના નમૂનાઓ સાથે મેળ ખાતો હતો.

કેસની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને, આરોપીને અગાઉ જામીન આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો. કોર્ટે તેને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬ (હવે ફોજદારી કાર્યવાહી સંહિતાની સંબંધિત કલમો) અને POCSO કાયદાની કલમ ૬ હેઠળ ૨૦ વર્ષની જેલની સજા ફટકારી હતી. સરકારી સરકારી વકીલ શ્રી હરિઓમ ઉપાધ્યાયે ધારદાર દલીલો કરી



આરોપીને જેલના સળિયા પાછળ ધકેલ્યો હતો.

## ભારતીય હવામાન વિભાગની ભારેથી અતિ ભારે વરસાદની આગાહીના પગલે આજે દમણ જિલ્લાની આંગણવાડીઓ, શાળા-કોલેજો અને આઈ.ટી.આઈ. સહિતની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં જાહેર કરાયેલી રજા

**આ રજા વિદ્યાર્થીઓ સિવાય શિક્ષકો તથા શૈક્ષણિક સંસ્થાઓના સ્ટાફને લાગૂ પડશે નહિ**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૩૦**

ભારતીય હવામાન વિભાગ (IMD), હવામાન કેન્દ્ર, અમદાવાદ દ્વારા ૩૦/૦૭/૨૦૨૬ના રોજ સાંજની આગાહીમાં, આગામી ૨૪ કલાક દરમિયાન દમણ જિલ્લામાં (રેડ એલર્ટ)ની આગાહી કરવામાં આવી છે. પડોશના જિલ્લાઓ અને પ્રદેશોમાં પણ ભારેથી અતિ ભારે વરસાદ પડવાની સંભાવના છે, જેના પરિણામે પાણી ભરાઈ જવા, પૂર આવવા, નદીઓ અને નાળાઓમાં પાણીનુ સ્તર વધવું, પરિવહન વિક્ષેપિત થવું અને વરસાદ સંબંધિત અન્ય ઘટનાઓ બની શકે છે, જેની દમણ જિલ્લા પર વ્યાપક અસર પડી શકે છે. તેથી આવતી કાલ તા.૩૧/૦૭/૨૦૨૬ના રોજ સાવચેતીના પગલા તરીકે દમણ જિલ્લાની આંગણવાડીઓ, સરકારી અને ખાનગી શાળા-કોલેજો, પોલીટેકનિક અને આઈ.ટી.આઈ. સહિતની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં દમણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિદ્યાર્થીઓ માટે રજા જાહેર કરવામાં આવેલ છે.

ભારે વરસાદ, પાણી ભરાવા અને અન્ય કોઈપણ પૂર જેવી ઘટના અંગે કોઈપણ અપડેટ્સ, માહિતી ફરિયાદો અથવા આપત્તિના સમયે જાહેર જનતાએ ઈમરજન્સી કંટ્રોલ રૂમ નંબર ૧૦૭૭, ૦૨૬૦-૨૨૩૧૩૭૭, ૦૨૬૦-૨૨૫૩૦૦૦ અને વોટ્સએપ ૮૩૪૭૨૯૪૩૪૨ પર સંપર્ક કરવા દમણ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જણાવાયું છે.

## દાનહની એકલવ્ય મોડલ આવાસીય સ્કૂલ શેલટીના વિદ્યાર્થીએ રાષ્ટ્રીય સ્તરે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સંઘપ્રદેશનું વધારેલું ગૌરવ

**જનજાતીય વિદ્યાર્થી શિક્ષા સમિતિ દ્વારા આયોજીત છઠ્ઠા ઈએમઆરએસ રાષ્ટ્રીય સાંસ્કૃતિક મહોત્સવ ઉદ્‌ભવમાં ધોરણ૧૦ના વિદ્યાર્થી સતીશ ચૌધરીએ પારંપરિક વાદ્ય યંત્ર નિર્માણ પ્રતિયોગિતામાં મેળવેલું પ્રથમ સ્થાન**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૩૦**

દાદરા નગર હવેલીની એકલવ્ય મોડલ આવાસીય શાળા શેલ્ટીના ધોરણ-૧૦નો વિદ્યાર્થી શ્રી સતીશ મહેન્દ્ર ચૌધરીએ રાષ્ટ્રીય સ્તરે પોતાની પ્રતિભાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રાષ્ટ્રીય જનજાતીય વિદ્યાર્થી શિક્ષા સમિતિ દ્વારા આયોજીત છઠ્ઠા ઈએમઆરએસ રાષ્ટ્રીય સાંસ્કૃતિક મહોત્સવ ઉદ્‌ભવમાં પારંપરિક વાદ્ય યંત્ર નિર્માણ પ્રતિયોગિતામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી પ્રદેશનું નામ રોશન કર્યું છે.

આ આયોજન આંધ્રપ્રદેશના વડેશ્વરમ સ્થિત કેએલ વિશ્વવિદ્યાલયમા આયોજીત કરવામાં આવ્યું હતું. જેમા સતીશ ચૌધરીએ જનજાતીય સંસ્કૃતિની ઓળખ માનવામા આવતા પારંપરિક વાદ્ય યંત્ર તારપાના નિર્માણ કરી નિર્ણાયકોને પ્રભાવિત કર્યા હતા. એમની કલાત્મક દક્ષતા સર્જનાત્મક વિચાર અને પારંપરિક જ્ઞાન એમને રાષ્ટ્રીય સ્તર પર સર્વોચ્ચ સન્માન અપાવ્યું.




ઉદ્‌ભવ રાષ્ટ્રીય જનજાતીય વિદ્યાર્થી સમિતિના વાર્ષિક રાષ્ટ્રીય સાંસ્કૃતિક મહોત્સવ છે જેનો ઉદેશ્ય દેશભરના એકલવ્ય મોડલ આવસીય શાળાના વિદ્યાર્થીઓને જનજાતીય કલા, સંસ્કૃતિ, લોકસંગીત, હસ્તશિલ્પ અને પારંપરિક વિરાસતને પ્રદર્શિત કરવાના રાષ્ટ્રીય મંચ ઉપલબ્ધ કરાવવાનો છે અને આ અમૂલ્ય સાંસ્કૃતિક ધરોહરાને સંરક્ષણ અને સવર્ધનને પ્રોત્સાહન આપે છે.

આ ઉપલબ્ધી દાનહ અને દમણ-દીવના પ્રશાસકશ્રી પ્રફુલભાઇ પટેલના દૂરદર્શી નેતૃત્વ અને ઈએમઆરએસ સ્ટેટ સોસાયટી દાનહ દ્વારા જનજાતીય શિક્ષાની સાથે સાથે સ્થાનીય સંસ્કૃતિ અને પરંપરાઓના સંરક્ષણ માટે કરવામાં આવી રહેલ સતત પ્રયાસાનું પણ પરિણામ છે.

ઈએમઆરએસ શેલ્ટી પોતાની સ્થાપનાના સમયથી જ વિદ્યાર્થીઓમાં સ્થાનીય જનજાતીય કલા, સંસ્કૃતિ અને પારંપરિક કૌશલના સંરક્ષણ અને સંવર્ધનના માટે નિરંતર કાર્ય કરી રહ્યુ છે. શાળાના વિદ્યાર્થી સમય સમય પર રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરની સાંસ્કૃતિક પ્રતિયોગિતામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી પોતાની પ્રતિભા દેખાડી ચૂક્યા છે.

શાળાના આચાર્ય શ્રી રાકેશકુમારે વિદ્યાર્થીઓમાં છુપાયેલ પ્રતિભાઓને ઓળખવા અને એમને યોગ્ય માર્ગદર્શન અને અવસર ઉપલબ્ધ કરાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. શાળાના શિક્ષકોએ નિયમિત ટ્રેનિંગ, પ્રોત્સાહન અને સતત માર્ગદર્શનના માધ્યમથી વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્તરની પ્રતિયોગિતા માટે તૈયાર કર્યા છે. જેનું પરિણામ આજે આખા પ્રદેશની સામે છે. સતીશ મહેન્દ્ર ચૌધરીની આ ઉપલબ્ધી ફક્ત શાળાનું જ નહિ પરંતુ આખા દાદરા નગર હવેલી માટે ગૌરવનો વિષય છે.

## હવેથી દાનહ અને દમણ-દીવમાં ટ્યુશન ક્લાસ, કોચિંગ સેન્ટરથી લઈ પ્રિ-પ્રાઈમરી અને સ્કૂલ ચલાવવા માટે શિક્ષણ નિર્દેશાલયની પરવાનગી ફરજીયાત

**સંઘપ્રદેશ દાનહ અને દમણ-દીવમાં સ્કૂલ એજ્યુકેશન રૂલ્સ-૨૦૨૬ નોટિફાઈ કરાયો**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૩૦**

દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં હવેથી પ્રિ-પ્રાઈમરી, કોચિંગ સેન્ટર, ટ્યુશન ક્લાસ, ધાર્મિક શૈક્ષણિક સંસ્થાઓ તથા દરેક ખાનગી શાળાઓએ સંઘપ્રદેશના શિક્ષણ નિર્દેશાલયની પરવાનગી લેવી ફરજીયાત બનાવવામાં આવી છે. જે ખાનગી શાળાઓ પરવાનગી દ્વારા ચાલતી છે તેમને આ આદેશ અસરકર્તા નહિ રહેશે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે સંઘપ્રદેશ દાનહ અને દમણ-દીવ પ્રશાસને ૧૨મી જૂન, ૨૦૨૬ના રોજ પ્રશાસનના ઓફિશિયલ ગેઝેટમાં દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ એજ્યુકેશન રૂલ્સ-૨૦૨૬ને નોટિફાઈ કરવામાં આવ્યો છે. જેમાં દર્શાવેલ કેટલાક નિયમો મુજબ દાનહ અને દમણ-દીવ કેન્દ્રશાસિત પ્રદેશમાં સંસ્થા ચલાવવા માટે હવેથી શિક્ષણ નિર્દેશાલયની જરૂરી માન્યતા અથવા પરવાનગી લેવાની રહેશે. તો તેઓએ હવેથી દાનહ અને દમણ-દીવ સ્કૂલ એજ્યુકેશન રૂલ્સ-૨૦૨૬ના નિયમો મુજબ ડાયરેક્ટર ઓફ એજ્યુકેશનથી માન્યતા અથવા પહેલેથી

**ધાર્મિક શૈક્ષણિક સંસ્થાઓએ પણ પરવાનગી લેવી પડશે**

કેન્દ્રશાસિત પ્રદેશ દાનહ અને દમણ-દીવમાં ચાલતી દરેક ગેરમાન્યતા પ્રાપ્ત સ્કૂલ, સ્ટેન્ડ એલોન પ્રિ-પ્રાઈમરી સ્કૂલ અને અનઔપચારિક શિક્ષણ આપવાવાળી સંસ્થાઓ જેમ કે, કોચિંગ સેન્ટર, ટ્યુશન સેન્ટર, ધાર્મિક સંસ્થા અથવા આ પ્રકારના બીજા શિક્ષણ કેન્દ્રને તેથી સંઘપ્રદેશ દાનહ અને દમણ-દીવમાં શિક્ષણ આપવાવાળી તમામ શૈક્ષણિક સંસ્થાઓ, ટ્રસ્ટ, સોસાયટી, ઓર્ગેનાઈઝેશન અને લોકો જો કોઈપણ માન્યતા વગર શૈક્ષણિક સંસ્થા, ધાર્મિક શૈક્ષણિક સંસ્થા, કોચિંગ સેન્ટર, ટ્યુશન સેન્ટર અથવા કોઈ બીજું ઈન્સ્ટિટ્યૂશન ચલાવી રહ્યા હશે પરવાનગી લેવી જરૂરી છે.

હવેથી પ્રશાસનની પરવાનગી વગર ચાલતી સ્કૂલો સામે દાનહ અને દમણ-દીવ સ્કૂલ એજ્યુકેશન એક્ટ ૧૯૮૪ અને તેના અંતર્ગત બનાવવામાં આવેલ નિયમો મુજબ જરૂરી કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

આ રાઈટ ટુ એજ્યુકેશન અધિનિયમ ૨૦૦૯ની કલમ ૨(૯)ની અંતર્ગત પરિભાષિત માન્યતા પ્રાપ્ત ખાનગી પૂર્વ પ્રાથમિક વિદ્યાલયોને છોડીને દરેકે પરવાનગી લેવી પડશે.

જે પણ શૈક્ષણિક સંસ્થાઓ હમણાં પ્રશાસનની માન્યતા અથવા પહેલાંથી પરવાનગી વગર ચાલી રહી છે તેવી તમામ શૈક્ષણિક સંસ્થાઓને આ અખબારી યાદી જારી થયાના એક મહિનાની અંદર દાનહ અને દમણ-દીવના જિલ્લા શિક્ષણ કાર્યાલયમાં પોતાની અરજી નિર્ધારિત દસ્તાવેજની સાથે જમા કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

## રોટરી ક્લબ ઓફ દમણે કુંતા સ્કૂલના ૨૩૫ વિદ્યાર્થીઓને નોટબુકનું કર્યું વિતરણ

**ક્લબ ભવિષ્યમાં પણ શિક્ષણ, આરોગ્ય અને સમુદાય વિકાસ સંબંધિત જાહેર સેવાઓ પૂરી પાડતી રહેશેઃ પ્રમુખ રોટરીયન જયેશ જોશી**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૩૦**

રોટરી ક્લબ ઓફ દમણ દ્વારા આજે ગુરુવાર, તા.૩૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે વાપીના કુંતા સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓ માટે નોટબુક વિતરણ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવા પ્રોજેક્ટના ભાગ રૂપે, આશરે ૨૩૫ વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેનાથી તેમને નવા શૈક્ષણિક વર્ષ માટે અભ્યાસ સામગ્રી મેળવવામાં મદદ મળી શકે.

આ કાર્યક્રમનો ઉદેશ્ય વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યે ઉત્સાહ વધારવાનો અને આર્થિક જરૂરિયાતવાળા બાળકોને શૈક્ષણિક સહાય પૂરી પાડવાનો હતો. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને શાળા વહીવટીતંત્ર, શિક્ષકો અને વાલીઓએ રોટરી ક્લબના પ્રયાસો બદલ તેમનો આભાર માન્યો હતો.

આ અવસરે રોટરી ક્લબ ઓફ દમણના પ્રમુખ રોટરીયન જયેશ જોશીએ જણાવ્યું હતું કે, શિક્ષણ એ સામાજિક પરિવર્તનનું સૌથી અસરકારક માધ્યમ છે, અને દરેક બાળકને આવશ્યક શૈક્ષણિક સંસાધનો પૂરા પાડવા એ ક્લબ માટે પ્રાથમિકતા છે. ક્લબ ભવિષ્યમાં શિક્ષણ, આરોગ્ય અને સમુદાય વિકાસ સંબંધિત આવી જાહેર સેવા સેવાઓ પૂરી પાડતી રહેશે.

આ પ્રોજેક્ટનું નેતૃત્વ સાક્ષરતા અધ્યક્ષ, રોટરીયન નિમિષા પાઠક દ્વારા કરવામાં આવ્યું હતું. જયપુર રોટરી ક્લબના રોટરીયન શ્રીમતી અનુરાધા શર્મા આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યા હતા, જેમણે શાળાના બાળકોને ચોકલેટનું વિતરણ કર્યું હતું. ક્લબના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર



અપૂર્વા પાઠક, ફર્સ્ટ લેડી બિંદિયા જોશી, સ્પાઉસ અમીષા ઈટવાલા અને પ્લાસ્ટ ઈન્ડિયા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પણ હાજર રહ્યા હતા, અને તેમના સહયોગથી, કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

રોટરી ક્લબ ઓફ દમણ શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ અને સમુદાય વિકાસ ક્ષેત્રોમાં સતત સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા સમાજના વિવિધ વર્ગો માટે સકારાત્મક પરિવર્તન લાવવા માટે પ્રતિબદ્ધ છે.

## રોટરી ક્લબ ઓફ દાદરા નગર હવેલીનો ૧૪મો પદગ્રહણ સમારોહ સંપન્ન થયો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૩૦**

સેલવાસમાં રોટરી ક્લબ ઓફ દાદરા નગર હવેલીનો ૧૪મો પદગ્રહણ સમારોહ યોજાયો હતો. સમારંભના મુખ્ય અતિથિ તરીકે નગરપાલિકાના કાઉન્સિલર ડો. અવધેશસિંહ ચૌહાણ અને ઈન્સ્ટોલેશન ઓફિસર રોટેરીયન નિલેશ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

સમારોહ દરમ્યાન ક્લબના નવા હોદ્દેદારોએ પદભાર સંભાળ્યો અને સમાજ સેવા, આરોગ્ય, શિક્ષણ અને જનકલ્યાણ ક્ષેત્રે નિરંતર કાર્ય કરવાનો સંકલ્પ






વ્યક્ત કર્યો.

આ અવસરે રોટરી ક્લબના સભ્યો, અગ્રણીઓ અને સમાજસેવકો ઉપસ્થિત રહ્યા હતા.




## સુવિચાર - સદ્‌વિચાર

લોકો તેમનો માર્ગ ગુમાવે છે,
જ્યારે તેઓ તેમનું કારણ ગુમાવે છે

## કવિતા

### મોરલાનું પીછું!

વાંસળીના વનમાં એક મોરલાનુ પીછું!
નાચે થનગન થનગન મોરલાનું પીછું!

જમુનાના તટ પર બે ગોરાં ગોરાં પગલાં!
વેરે ઝાંઝર ઝણકાર ગોરાં ગોરાં પગલાં

તરુવર કદમ્બનાં રૂડાં રતૂમડાં પાન!
બની હરખઘેલાં પાડે તાલી રતૂમડાં પાન!

આભલે વાદળીનાં વીજ આંજ્યાં નેણલાં!
વરસાવે સોણલાં વીજ આંજ્યાં નેણલાં!

સોણલાને રંગે ભીનાં ભીનાં પીંછું ને પગલાં!
બની ગાંડાતૂર નાચે પીંછું ને પગલાં!

- કનૈયાલાલ જોશી

## આજની જોક

આ દૂનિયામાં ત્રણ પ્રકારના લોકો હોય છે.
પોઝિટીવ : જે આગળ વધવામાં મદદ કરે
નેગેટીવ : જે આગળ વધતા અટકાવે
રીલેટીવ : જે પોઝીટીવ અને નેગેટીવ બંનેની પથારી ફેરવી નાંખે વાત સાચી ને!



## કબીર વાણી

**કુબુદ્ધિકો સુઝે નહિ, ઉઠ ઉઠ દેવલ જાય;**
**દિલ દેહેરાકી ખબર નહીં, પથ્થર તે કહાં પાય?**

**-અર્થાત-**

જેઓને ખરી સમજ નથી તેઓજ દોડતા દોડતા દેવળમાં જાય છે; માણસનું અંતઃકરણજ પરમેશ્વરનું રહેઠાણ છે એ વાત તેઓને ખબર ન હોવાથી બિચારા, પથ્થરનાં બાંધેલા દેવળમાં ઈશ્વરને શોધવા જાય છે, તે પરમાત્મા તેઓને કેમ મળે? (Know Ye not that Ye are the Temples of God and the Spirit of God dwelleth in Ye?-Christ.)

## આજનો દિન વિશેષ

### પ્રેમચંદ

ધનપત રાય શ્રીવાસ્તવ (૩૧ જુલાઈ ૧૮૮૦ - ૮ ઓક્ટોબર ૧૯૩૬), જે પ્રેમચંદ તરીકે જાણીતા હતા, હિન્દી અને ઉર્દૂમાં સૌથી લોકપ્રિય નવલકથાકાર, વાર્તાકાર અને વિચારક હતા. તેમણે સેવાસદન, પ્રેમાશ્રમ, રંગભૂમિ, નિર્મલા, ગબન, કર્મભૂમિ, ગોદાન વગેરે જેવી લગભગ દોઢ ડઝન નવલકથાઓ અને કફન, પૂસ કી રાત, પંચ પરમેશ્વર, બડે ઘર કી બેટી, બુઢી કાકી, દો બૈલોં કી કથા વગેરે જેવી ત્રણસોથી વધુ વાર્તાઓ લખી. તેમાંથી મોટાભાગની હિન્દી અને ઉર્દૂ બંને ભાષાઓમાં પ્રકાશિત થઈ હતી. તેમણે તેમના સમયના તમામ મુખ્ય ઉર્દૂ અને હિન્દી સામયિકો જેમ કે ઝમાના, સરસ્વતી, માધુરી, મર્યાદા, ચાંદ, સુધા વગેરેમાં લખ્યું. તેમણે હિન્દી અખબાર જાગરણ અને સાહિત્યિક સામયિક હંસનું સંપાદન અને પ્રકાશન પણ કર્યું. આ માટે તેમણે સરસ્વતી પ્રેસ ખરીદ્યું જે પાછળથી ખોટમાં ગયું અને બંધ કરવું પડ્યું. પ્રેમચંદ ફિલ્મો માટે પટકથા લખવા મુંબઈ આવ્યા અને લગભગ ત્રણ વર્ષ ત્યાં રહ્યા. તેઓ તેમના જીવનના છેલ્લા દિવસો સુધી સાહિત્ય સર્જનમાં રોકાયેલા રહ્યા. મહાજની સભાયતને તેમનો છેલ્લો નિબંધ માનવામાં આવે છે, સાહિત્ય કા વર્ષ્ય તેમનું છેલ્લું વ્યાખ્યાન છે, કફન તેમની છેલ્લી વાર્તા છે, ગોદાન તેમની છેલ્લી સંપૂર્ણ નવલકથા છે અને મંગલસૂત્ર તેમની છેલ્લી અધૂરી નવલકથા છે.

૧૯૦૬ થી ૧૯૩૬ વચ્ચે લખાયેલું પ્રેમચંદનું સાહિત્ય આ ત્રીસ વર્ષોનો સામાજિક અને સાંસ્કૃતિક દસ્તાવેજ છે. તે સમયગાળાના સામાજિક સુધારણા આંદોલનો, સ્વતંત્રતા સંગ્રામ અને પ્રગતિશીલ ચળવળોના સામાજિક પ્રભાવોને સ્પષ્ટ રીતે દર્શાવે છે. તે સમયગાળાની બધી મુખ્ય સમસ્યાઓ જેમ કે દહેજ, અસંગત લગ્ન, ગુલામી, ભાડું, અસ્પૃશ્યતા, જાતિ ભેદભાવ, વિધવા લગ્ન, આધુનિકતા, લિંગ સમાનતા, વગેરે તેમાં દર્શાવવામાં આવ્યા છે. આદર્શવાદી વાસ્તવવાદ તેમના સાહિત્યનું મુખ્ય લક્ષણ છે. હિન્દી વાર્તાઓ અને નવલકથાઓના ક્ષેત્રમાં, ૧૯૧૮ થી ૧૯૩૬ ના સમયગાળાને ''પ્રેમચંદ યુગ'' અથવા ''પ્રેમચન્દ યુગ'' કહેવામાં આવે છે.

## આજની યાત્રાઃ જગન્નાથ મંદિર, પુરી

જગન્નાથ મંદિર એ વિષ્ણુના સ્વરૂપ જગન્નાથને સમર્પિત એક હિન્દુ મંદિર છે. તે ભારતના પૂર્વ કિનારે ઓડિશાના પુરીમાં આવેલું છે. મંદિરના રેકોર્ડ મુજબ, અવંતીના રાજા ઈન્દ્રદ્યુમ્ને મુખ્ય મંદિર બનાવ્યું હતું. હાલના મંદિર સંકુલનું નિર્માણ અગિયારમી સદીથી મુખ્ય જગન્નાથ મંદિરને બાદ કરતાં, અગાઉના મંદિરોના સ્થાન પર કરવામાં આવ્યું હતું, અને તેની શરૂઆત પૂર્વીય ગંગા વંશના પ્રથમ શાસક અનંતવર્મન ચોડગંગા દ્વારા કરવામાં આવી હતી. મંદિરની ઘણી ધાર્મિક વિધિઓ શબરી તંત્રો પર આધારિત છે જે અનુક્રમે આદિવાસી માન્યતાઓમાંથી વિકસિત થઈ છે. સ્થાનિક દંતકથાઓ મૂર્તિઓને નીલમાધબ દેવ સાથે જોડે છે જેની પૂજા આદિવાસી દ્વારા કરવામાં આવે છે અને દૈતપતિઓ (સેવકો) આદિવાસીઓના વંશજ હોવાનો દાવો કરે છે. આ મંદિર શ્રી વૈષ્ણવ પરંપરાના ૧૦૮ અભિમાન ક્ષેત્રમમાંનુ એક છે.

આ મંદિર તેની વાર્ષિક રથયાત્રા, રથ ઉત્સવ માટે પ્રખ્યાત છે, જે ત્રણ દેવતાઓ - જગન્નાથ, બલભદ્ર અને સુભદ્રાનું સન્માન કરે છે. આ ઉત્સવ દરમિયાન, ત્રણ મુખ્ય દેવતાઓને મોટા અને સુશોભિત રથ અથવા મંદિરના ગાડીઓ પર ખેંચવામાં આવે છે. ભીલ સબર આદિવાસી પૂજારીઓ તેમજ મંદિરમાં અન્ય સમુદાયોના પૂજારીઓ દ્વારા પૂજા કરવામાં આવે છે. મોટાભાગના હિન્દુ મંદિરોમાં જોવા મળતા પથ્થર અથવા ધાતુના ચિહ્નોથી વિપરીત, જગન્નાથની છબી માર્ગોસા લાકડામાંથી કોતરવામાં આવે છે અને દર ૧૨ કે ૧૯ વર્ષે એક સમાન પ્રતિકૃતિ સાથે વિધિપૂર્વક બદલવામાં આવે છે, જેમાં એક મહિના સુધી ચાલતો એક વિસ્તૃત સમારોહ નબકલેબર કહેવાય છે. આ મંદિર ચાર ધામ તીર્થસ્થાનોમાંનુ એક છે.

મંદિર બધા હિન્દુઓ માટે પવિત્ર અને પવિત્ર છે, અને ખાસ કરીને વૈષ્ણવ પરંપરાઓમાં. ઘણા મહાન વૈષ્ણવ સંતો, જેમ કે ચૈતન્ય મહાપ્રભુ, રામાનુજાચાર્ય, માધવાચાર્ય, નિમ્બાર્કાચાર્ય, વલ્લભાચાર્ય અને રામાનંદ, મંદિર સાથે ગાઢ રીતે સંકળાયેલા હતા.

### અત્યંત જરૂરી કામ વગર ઘરની બહાર ન નીકળવા અપીલ

# ગુજરાતમાં આગામી ૪ દિવસ ભારે, ૧૩ જિલ્લામાં વરસાદની આગાહી

**વહીવટી તંત્રને સજ્જ કરાયું છે, અધિકારીઓની રજાઓ રદ્દ કરાઈ : NDRF-SDRF ટીમો તૈનાત કરાશે, આર્મી, નેવી અને એરફોર્સને સ્ટેન્ડબાય રખાઈ**

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**ગાંધીનગર, તા.૩૦**

હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાત માટે આગામી ૪ દિવસ આફતસમાન છે. આગામી ૩૧ જુલાઈથી ૨ ઑગસ્ટ દરમિયાન રાજ્યના અનેક જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. સુરત, વડોદરા, અમદાવાદ, ભાવનગર, ભરુચ, આણંદ, નર્મદા, તાપી, ડાંગ, છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ અને મહીસાગર સહિતના વિસ્તારોમાં હાઈ ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

ભારે વરસાદની આગાહીને પગલે વહીવટી તંત્રને સંપૂર્ણપણે સજ્જ અને સતર્ક રાખવાના હેતુથી ગાંધીનગર સ્થિત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર - SEOC ખાતે એક સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજાઈ હતી. વીડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજાયેલી આ બેઠકમાં પ્રભાવિત થઈ શકે તેવા તમામ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે હાલની પરિસ્થિતિ અને આપત્તિ વ્યવસ્થાપનની પૂર્વતૈયારીઓની ઉંડાણપૂર્વક સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં સુરત, વડોદરા, અમદાવાદ, ભાવનગર, ભરુચ, આણંદ, નર્મદા, તાપી, ડાંગ, છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાના કલેક્ટર તથા ઉચ્ચ અધિકારીઓ વીડિયો કોન્ફરેન્સના માધ્યમથી સીધો સંવાદ સાધ્યો હતો.

સમીક્ષા બાદ પ્રભાવિત તમામ જિલ્લાના અધિકારીઓની રજાઓ તાત્કાલિક અસરથી રદ કરવાનો આદેશ આપ્યો છે. આ સાથે જ કોઈપણ ઈમરજન્સી પરિસ્થિતિને પહોંચી વળવા માટે દરેક જિલ્લામાં 24x7 કંટ્રોલ રૂમ કાર્યરત રાખવા અને એક વર્ગ-૧ અધિકારીને રાઉન્ડ ધ ક્લોક સુપરવિઝન માટે તૈનાત કરવાનો નિર્દેશ આપ્યો છે. નીચાણવાળા અને સંવેદનશીલ વિસ્તારોમાં આપત્તિ વ્યવસ્થાપન માટે જરૂરિયાત મુજબ NDRF અને SDRFની ટીમોને ત્વરિત તૈનાત કરવા જણાવાયુ છે. અત્યંત કટોકટીની સ્થિતિમાં રાહત અને બચાવ કામગીરી માટે ભારતીય સેનાની ત્રણેય પાંખો(આર્મી, નેવી અને એરફોર્સ)ને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. અધિક મુખ્ય સચિવે કહ્યુ છે કે સ્થાનિક સ્તરે વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને સંબંધિત જિલ્લા કલેક્ટરઓ શાળાઓ અને આંગણવાડીઓમાં રજા જાહેર કરવા અંગે યોગ્ય નિર્ણય લઈ



શકશે. આ ઉપરાંત, જે વિસ્તારોમાં પૂર કે પાણી ભરાવાની સંભાવના વધુ હોય ત્યાંથી નાગરિકોને સમયસર અને સુરક્ષિત રીતે આશ્રયસ્થાનોમાં સ્થળાંતરિત કરવા સૂચના આપવામાં આવી છે. આ આશ્રયસ્થાનોમાં નાગરિકો માટે ભોજન, શુદ્ધ પીવાનું પાણી અને જરૂરી તબીબી સુવિધાઓ સુનિશ્ચિત કરવા અધિકારીઓને નિર્દેશ આપવામાં આવ્યો છે.

સાથે જ, વરસાદની પરિસ્થિતિ અને વહીવટી તંત્ર દ્વારા હાથ ધરાયેલી કામગીરી અંગે નાગરિકો સુધી સાચી માહિતી પહોંચે તે માટે મીડિયા સાથે સતત વિગતો શેર કરવા પણ કલેક્ટરોને સૂચના આપી છે. આ ઉપરાંત રાહત કમિશનરે જણાવ્યું હતું કે,

રાજ્યમાં જોખમી હોર્ડિંગ્સ, બેનર્સ અને સાઈનબોર્ડ્સને તાત્કાલિક અસરથી હટાવીને તે વિસ્તારોને સુરક્ષિત કરવાના આદેશ આપવામાં આવ્યા છે. તેજ પવન કે વાવાઝોડાને કારણે જર્જરિત મકાનો અથવા જોખમી બાંધકામોથી નાગરિકોને કોઈ હાનિ ન પહોંચે તે માટે જરૂરી તમામ સલામતીના પગલાં લેવા વહીવટી તંત્રને જણાવાયું છે.

હાલમાં સમગ્ર સરકારી મશીનરીને 'ઍલર્ટ મોડ' પર મૂકી દેવામાં આવી છે. આગામી દિવસોમાં આપત્તિજનક વરસાદની શક્યતાને ધ્યાનમાં રાખીને રાહત કમિશનરે રાજ્યના તમામ નાગરિકોને અત્યંત જરૂરી કામ વગર ઘરની બહાર ન નીકળવા અપીલ પણ કરી હતી.

હવામાન વિભાગ દ્વારા અમદાવાદ, વડોદરા સહિત ૧૩ જિલ્લામાં અતિભારે વરસાદનું રેડ ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તેને જોતાં વિદ્યાર્થીઓની સુરક્ષા અર્થે ૩૧મી જુલાઈ ૨૦૨૬ના રોજ અમદાવાદ અને વડોદરામાં તમામ શાળા-કૉલેજોમાં રજા જાહેર કરાઈ છે. સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓ તેમજ કૉલેજોમાં શૈક્ષણિક કાર્ય બંધ રહેશે. વાલીઓ-વિદ્યાર્થીઓને તાત્કાલિક જાણ કરવા તાકીદ કરાઈ છે. અન્ય જિલ્લામાં પણ કલેકટરને સ્થિતિ મુજબ નિર્ણય લેવા સરકારે આદેશ આપ્યો છે.

હવામાન વિભાગના અનુમાન પ્રમાણે ૩૧ જુલાઈ રાજ્ય માટે સૌથી વધુ ચિંતાજનક દિવસ બની શકે છે. અમદાવાદ સહિત ૧૧ જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યાં અત્યંત ભારે વરસાદની શક્યતા છે. ખાસ કરીને નર્મદા જિલ્લામાં ભારેથી અસાધારણ અત્યંત ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે.

આવતીકાલે સૌરાષ્ટ્રના અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર, ગાંધીનગર, ખેડા, પંચમહાલ અને દાહોદમાં ઓરેન્જ એલર્ટની સાથે અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આ ઉપરાંતના તમામ જિલ્લાઓમાં યલો એલર્ટ આપવામાં આવી છે.

૧ ઓગસ્ટે પણ રહેશે ભારે વરસાદ - ૧ ઓગસ્ટે પણ અમદાવાદ, આણંદ, સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં રેડ એલર્ટ યથાવત રહેશે. જ્યારે બોટાદ, ભાવનગર, મોરબી, કચ્છ, વાવ-થરાદ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર અને ભરૂચ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

૨ ઓગસ્ટે વરસાદની તીવ્રતા ઘટશે - ૨ ઓગસ્ટે રાજ્યમાં વરસાદની તીવ્રતામાં થોડો ઘટાડો થવાની શક્યતા છે. કચ્છ, વાવ-થરાદ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યાં ભારે વરસાદની સંભાવના છે. સાવચેતી રાખવાની અપીલ- હવામાન વિભાગે નદી-નાળાઓ નજીક ન જવા, પાણી ભરાયેલા રસ્તાઓ પર વાહન ચલાવતી વખતે ખાસ સાવચેતી રાખવા તેમજ સ્થાનિક તંત્રની સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરી છે. નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોએ ખાસ સાવધાન રહેવાની જરૂર છે.

# ટાટા એઆઈજીએ આ ચોમાસામાં વાહનોની વધુ સમજદારીપૂર્વક સંભાળ રાખવા માટે કરેલી અપીલ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૩૦**

ગુજરાતના અનેક વિસ્તારોમાં સતત ભારે વરસાદ અને પૂર જેવી સ્થિતિ સર્જાઈ રહી છે. આવી પરિસ્થિતિમાં પૂરગ્રસ્ત વિસ્તારોમાં રહેતા વાહનમાલિકોને તેમના વાહનોને પાણીથી થતા નુકસાનનું જોખમ વધી જાય છે.

ટાટા એઆઈજી જનરલ ઈન્શ્યોરન્સના હેડ-મોટર અન્ડરરાઈટિંગ એ.કિરણ કુમારે જણાવ્યું હતું કે, 'ગુજરાતના વાહનમાલિકો ચોમાસા દરમિયાન પાણી ભરાયેલા રસ્તા પર વાહન ચલાવવાથી લઈને અચાનક વાહન બગડવા જેવી અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. ટાટા એઆઈજીની કોમ્પ્રિહેન્સિવ મોટર ઈન્શ્યોરન્સ પોલિસીનો હેતુ આવી પરિસ્થિતિમાં વાહનચાલકોને

TATA AIG INSURANCE

જરૂરી સહયોગ પૂરો પાડવાનો છે, જેથી તેઓ સુરક્ષિત રહે અને દરેક પરિસ્થિતિ માટે તૈયાર રહે. યોગ્ય વીમા કવર ઉપલબ્ધ હોય તો પોલિસીધારકો ચોમાસાની ઋતુમાં વધુ આત્મવિશ્વાસ અને માનસિક શાંતિ સાથે મુસાફરી કરી શકે છે.

ટાટા એઆઈજીના વ્યાપક મોટર ઈન્શ્યોરન્સ પ્લાન્સ પૂર સહિતના વિવિધ જોખમોથી થતા નુકસાન સામે સુરક્ષા આપવા માટે તૈયાર કરવામાં આવી છે. સાથે જ એન્જિન સિક્યોર જેવા એડ-ઓન કવર અને રોડસાઈડ આસિસ્ટન્સ જેવી સેવાઓ અણધારી પરિસ્થિતિમાં વાહનને વધારાની મદદ પૂરી પાડે છે. પરિણામે, ચોમાસા દરમિયાન વાહનમાલિકો વધુ સુરક્ષિત અને સજ્જ રહી શકે છે. ટોઈંગ અને ઓન-રોડ રિપેર વાહન રસ્તામાં બગડી જાય તો મફત ટોઈંગ અને સ્થળ પર જ મરામતની સુવિધા ઉપલબ્ધ છે. રોડસાઈડ આસિસ્ટન્સ (આરએસએ) કવર હેઠળ માત્ર એક ફોન કોલથી મદદ ઉપલબ્ધ થાય છે.

૧૧,૦૦૦થી વધુ ગેરેજનું વિશાળ નેટવર્ક, ઝડપી ક્લેઈમ પ્રક્રિયા, ૨૪×૭ સહાય કટોકટીની પરિસ્થિતિમાં મદદ માટે સમર્પિત સપોર્ટ ટીમ ચોવીસે કલાક ઉપલબ્ધ રહે છે, જેથી ગ્રાહકોને શ્રેષ્ઠ સેવા મળી રહે છે.

# દીવના એએસઆઈ ભરત દેવજી બામણીયાની વય માર્યાદા પૂર્ણ થતા શુભેચ્છા વિદાય સમરોહ આયોજિત કરવામાં આવ્યો




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૩૦**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવ ખાતે આજે પોલીસ કર્મી એએસઆઈ શ્રી ભરત દેવજી તેમની પોલીસ ફરજ પરથી વય મર્યાદા પૂર્ણ તથા તેમનું પોલીસ હેડ ક્વાર્ટર ખાતે શુભેછા વિદાય સમારોહ યોજાયો હતો.

દીવ એસપી શ્રી રામ કૃષ્ણ સરને શ્રી ભરત ભાઈ દેવજી બામણીયાને શાલ ઓઢાડી ફૂલ હાર પહેરાવી અને પોલીસ મોમેન્ટો આપી સન્માનિત કર્યા હતા તેમના ૪૧ વર્ષની સર્વિસ દરમિયાન તેમને પોલીસ કર્મી તરીકે નિષ્ઠા ઈમાનદારી અને શાંતિ પૂર્વક ફરજ બજાવી હતી. તેમના સરળ સ્વભાવની દીવ પોલીસ વિભાગને કમી રહેશે.

આ પ્રસંગે દીવ એસપીએ પણ તેમના આગળનું જીવન સ્વસ્થ, સારૂ અને પરિવાર સાથે હસી ખુશીથી વિતાવે તે માટે



શુભકામના પાઠવી હતી અને પોલીસ ડિપાર્ટમેન્ટની ક્યારેય પણ જરૂર પડે તે હંમેશા તેમને મદદરૂપ બનશે. આ પ્રસંગે ભરત દેવજીએ પણ પોલીસની સર્વિસ દરમિયાન તેમની અનેક ક્ષણ યાદગાર રહેશે હંમેશા જિંદગીભરનું સંભારણું રહેશે.

આ પ્રસંગે ઉપસ્થિત પોલીસ કર્મીઓ તથા શ્રી ભરતભાઈનું સમગ્ર પરિવાર હાજર રહ્યા હતા અને શ્રી ભરતભાઈને પુષ્પ આપી તથા શાલ ઓઢાડી સન્માનિત કર્યા હતા અને જેમની સ્વાસ્થ જિંદગીની કામના કરી હતી.

વિદાય સમારોહ બાદ તેમના પરિવારે ડીજેના તાલે મુખ્ય માર્ગ પર રેલી કાઢી વાજતે ગાજતે તેમના ઘરે પહોંચ્યા હતા.

આ પ્રસંગે શ્રી ભરત દેવજીએ પણ સન્માન બદલ સમગ્ર ઉપસ્થિત લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો. આ શુભેછા સમારોહ દરમિયાન દીવ SDPO રાહુલ બલ્હારા, પી.આઈ શ્રી રમેશ ગાવિત, પીએસઆઈ શ્રીમતી ભાવિની હળપતિ, તમામ પોલીસ કર્મીઓ, ભરતભાઈના પરિવારજનો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### અતિભારે વરસાદ અને વાવાઝોડાની આગાહીને પગલે

# વાંસદા તાલુકામાં નદીકાંઠાના વિસ્તારોમાં સ્થળાંતરની કાર્યવાહી



તસ્વીર : દીપક સોલંકી ચીખલી

## તકેદારીના ભાગરૂપે વાંસદા તાલુકાના નદીકાંઠા અને ડેમથી અસરગ્રસ્ત ગામોના લોકોને આશ્રયસ્થાને પહોંચવા અપીલ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૩૦**

હવામાન વિભાગ દ્વારા અતિભારે વરસાદ અને તેજ પવન/વાવાઝોડાની આગાહી જાહેર કરવામાં આવતા વાંસદા વહીવટી તંત્ર દ્વારા આગોતરા સાવચેતીના ભાગરૂપે નદીકાંઠા અને ડેમથી અસરગ્રસ્ત વિસ્તારોમાં વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે.

આ અંતર્ગત વાંસદા તાલુકાના પ્રતાપનગર, ધરમપુરી અને વાંસદા ગામોના નદી કિનારે તથા ખાડી નજીક આવેલા ફળિયાઓમાં વહીવટી તંત્ર દ્વારા રૂબરૂ મુલાકાત લઈ સ્થાનિક રહેવાસીઓને સંભવિત જોખમ અંગે સમજણ આપવામાં આવી હતી. રહેવાસીઓને સાવચેતીના ભાગરૂપે વિલંબ કર્યા વગર વહેલામાં વહેલું સલામત સ્થળે સ્થળાંતર કરી નિયત કરાયેલા આશ્રયસ્થાનો પર પહોંચવાની સૂચના આપવામાં આવી હતી.

આ ઉપરાંત વાંસદા તાલુકાના નદી કિનારા તથા ડેમના પાણીથી અસરગ્રસ્ત બની શકે તેવા અન્ય ગામોમાં પણ તંત્ર દ્વારા માઈકિંગ, રૂબરૂ સંપર્ક અને સ્થાનિક પ્રતિનિધિઓના સહયોગથી લોકોને સલામત સ્થળે સ્થળાંતર કરવા, નદી-નાળાઓ અને પાણી ભરાયેલા વિસ્તારોમાં અવરજવર ટાળવા તેમજ તંત્રની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

# આર્દી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડનો આઈપીઓ બુધવાર, ૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખુલશે




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૩૦**

આર્દી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ તેનો રૂા.૨ની ફેસ વેલ્યૂ ધરાવતા ઈક્વિટી શેરોનો આઈપીઓ બુધવાર, ૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખોલવાની યોજના ધરાવે છે. એન્કર ઈન્વેસ્ટર માટે બિડીંગ તારીખ, બિડીંગ/ઓફર ખુલવાની તારીખના કામકાજના એક દિવસ અગાઉ એટલે કે મંગળવાર, ૪ ઓગસ્ટ, ૨૦૨૬ રહેશે. જ્યારે બિડીંગ/ઓફર બંધ થવાની તારીખ શુક્રવાર, ૭ ઓગસ્ટ, ૨૦૨૬ રહેશે. આ ઓફર માટે રૂા. ૨ની ફેસ વેલ્યૂ ધરાવતા દરેક ઈક્વિટી શેરનો પ્રાઈસ બેન્ડ રૂા.૫૦થી રૂા.૫૩ નક્કી કરવામાં આવ્યો છે. રોકાણકારો ઓછામાં ઓછા ૨૮૧ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૨૮૧ ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ્સ લગાવી શકશે.કંપનીના ઈક્વિટી શેર્સને બીએસઈ લિમિટેડ ("BSE") અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ("NSE") પર લિસ્ટ કરવાની દરખાસ્ત છે. આ ઓફરના હેતુ માટે એનએસઈ નિયુક્ત સ્ટોક એક્સચેન્જ રહેશે. બુક રનિંગ લીડ મેનેજર્સઃપેન્ટોમેથ કેપિટલ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ ઓફરના રજિસ્ટ્રાર : કેફિન ટેક્નોલોજીસ લિમિટેડ

### હવામાન વિભાગની અતિભારે વરસાદની આગાહીને પગલે

# ચીખલી તાલુકામાં વહીવટી તંત્ર દ્વારા અગમચેતીના ભાગરૂપે નદી કાંઠાના ડૂબાઉ વિસ્તારના લોકોને સલામત સ્થળે ખસી જવાની સૂચના આપી



**બપોર બાદ શાળાઓમાં પણ રજા આપી દેવામાં આવી**



-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૩૦**

હવામાન વિભાગની અતિભારે વરસાદની આગાહીને પગલે ચીખલી તાલુકામાં વહીવટી તંત્ર દ્વારા અગમચેતીના ભાગરૂપે નદી કાંઠાના ડૂબાઉ વિસ્તારના લોકોને સલામત સ્થળે ખસી જવાની સૂચના આપવામાં આવી હતી. બપોર બાદ શાળાઓમાં પણ રજા આપી દેવામાં આવી હતી.

જિલ્લામાં વરસાદના રેડ એલટને પગલે વહીવટી તંત્ર એલર્ટ મોડમાં આવી પોલીસ સ્ટાફ સાથેની અલગ અલગ ટીમો દ્વારા તાલુકાના કાવેરી નદી કાંઠાના હરણગામ, ખૂંધ, સાદકપોર ગોલવાડ, ચીખલી, તલાવચોરા, સમરોલી, મજીગામ, હોન્ડ, વંકાલ, ઘેકટી ઉપરાંત ખરેરા નદી કાંઠાના ઘેજ સહિતના ગામોમાં ગત ગુરૂવારના અતિભારે વરસાદ સાથે લોકમાતાઓમાં ઘોડાપૂરમાં વધુ અસરગ્રસ્ત ગામોમાં લોકાને સલામત સ્થળે ખસી જવાની સૂચના આપી સાવચેત કરવામાં આવ્યા હતા. તાલુકામાં સૌથી પ્રભાવિત ગામોમાં નાયબ મામલતદાર સહિતના અધીકારીઓએ ધામા નાંખી લોકોને ઘરવખરી સહિતના માલસામાનને આજુબાજુની પ્રાથમિક શાળા સહિતના સલામત સ્થળોએ ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

તાલુકામાં ગત સપ્તાહમાં આવેલા પૂરમાં મોટાપાયે ઘરો અને ઘરવખરી, પશુધન અને ખેતીવાડીને વ્યાપક નુકસાન થયું હતું અને અનેક પરિવારોએ ભયના ઓથાર હેઠળ રાત વિતાવી હતી. તેવામાં હાલે રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. ત્યારે લોકોને ઓછામાં ઓછુ નુકશાન થાય તે માટે અગમચેતીના ભાગરૂપે તંત્ર દ્વારા તકેદારીના પગલાં લેવામાં આવ્યા છે. જોકે, હાલે જિલ્લા કલેક્ટરશ્રી મનીષભાઈ ગુરવાણી દ્વારા નાની નાની બાબતો પર ધ્યાન રાખવામાં આવતા સમગ્ર જિલ્લાના તંત્રમાં નવો સંચાર જોવા મળી રહ્યો છે.

બીજી તરફ એનડીઆરએફની ટીમ દ્વારા પણ તલાવચોરા સહિતના ગામોમાં લોકો સમક્ષ પૂરની સ્થિતિમાં કઈ અને કેવી તકેદારી રાખવાની તે અંગે જાણકારી આપી હતી. તલાવચોરામાં જગદીશ્વર મહાદેવજીના મંદિર હોલમાં જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ ડો.અમિતાબેન પટેલ ઉપરાંત સ્થાનિક આગેવાન ડો. અશ્વિનભાઈ, ગામના સરપંચ સહિતનાની ઉપસ્થિતિમાં પૂરગ્રસ્ત વિસ્તારના લોકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# વલસાડની બે હાઈસ્કૂલમાં પૂરગ્રસ્ત વિદ્યાર્થીઓને નવા પાઠ્યપુસ્તકો અને શૈક્ષણિક કિટનું વિતરણ કરાયું







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૩૦**

વલસાડ જિલ્લામાં તાજેતરમાં આવેલા પૂરના કારણે અનેક વિદ્યાર્થીઓના પાઠ્યપુસ્તકો અને શૈક્ષણિક સામગ્રીને નુકસાન પહોંચ્યું હતું. આવા વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય અવિરત રહે અને તેઓ અભ્યાસથી વંચિત ન રહે તે માટે જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા રાહત કામગીરી હાથ ધરવામાં આવી છે.

વલસાડ શહેરની શાહ કે.એમ.એસ. હાઈસ્કૂલ તથા કૈલાસ ઓવારા હાઈસ્કૂલ, પારડી સાંઢપોર ખાતે પૂરથી અસરગ્રસ્ત વિદ્યાર્થીઓને નવા પાઠ્યપુસ્તકો અને શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જિલ્લા શિક્ષણ અધિકારી ડો.રાજેશ્રી એલ. ટંડેલના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં વલસાડ જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ દિનેશભાઈ પટેલ, ઉચ્ચતર માધ્યમિક સંઘના પ્રતિનિધિ નિનાદ રાઠોડ, માધ્યમિક સંઘના પ્રતિનિધિ દીપકભાઈ પટેલ તથા વલસાડ જિલ્લા પરીક્ષા સમિતિના સહયોગથી વિદ્યાર્થીઓને નવા પાઠ્યપુસ્તકો અને શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓને આપવામાં આવેલી શૈક્ષણિક કિટ વલસાડ જિલ્લા આચાર્ય સંઘ, માધ્યમિક સંઘ, ઉચ્ચતર માધ્યમિક સંઘ તથા વલસાડ જિલ્લા પરીક્ષા સમિતિના સહયોગથી ઉપલબ્ધ કરવામાં આવી હતી, જ્યારે નવા પાઠ્યપુસ્તકો શિક્ષણ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા. જિલ્લા શિક્ષણ અધિકારી ડો.રાજેશ્રી એલ. ટંડેલે જણાવ્યું કે, આગામી દિવસોમાં જિલ્લાના તમામ પૂરગ્રસ્ત વિદ્યાર્થીઓને તબક્કાવાર નવા પાઠ્યપુસ્તકો, નોટબુક તથા અન્ય જરૂરી શૈક્ષણિક સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ કામગીરી અંતર્ગત અંદાજે ૨૭૦૦ જેટલા પૂરગ્રસ્ત વિદ્યાર્થીઓ સુધી આ શૈક્ષણિક સહાયનો લાભ પહોંચાડવામાં આવશે.

વિવિધ સામાજિક સંસ્થાઓ, દાતાશ્રીઓ, શિક્ષણપ્રેમીઓ તથા શૈક્ષણિક સંગઠનોના સહયોગથી આ કામગીરી સતત ચાલુ રાખવામાં આવશે, જેથી કુદરતી આફતના કારણે કોઈપણ વિદ્યાર્થીના શિક્ષણમાં વિક્ષેપ ન આવે અને દરેક વિદ્યાર્થી નિયમિત રીતે અભ્યાસ ચાલુ રાખી શકે.

# વલસાડ જિલ્લામાં ભારે વરસાદ અને પૂર બાદ આરોગ્ય અને રોગચાળા અટકાયતી કામગીરી શરૂ

**૭૬૩ મેડિકલ અને પેરામેડિકલ ટીમો દ્વારા ૧૯,૮૦,૯૭૬ વસ્તીનું સર્વેલન્સ**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૩૦**

વલસાડ જિલ્લામાં પડેલા અતિભારે વરસાદ અને પૂરની સ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે રાહત અને બચાવ તેમજ રોગચાળા અટકાયતી કામગીરી હાથ ધરવામાં આવી છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાં નાગરિકોના સ્વાસ્થ્યની સુરક્ષા માટે આરોગ્ય ટીમો સક્રિય થઈ ગઈ છે. જિલ્લામાં કુલ ૧૧૦ ગામ અને વોર્ડ અસરગ્રસ્ત થયા છે, જેમાં કુલ ૪૧,૮૨૮ લોકો પ્રભાવિત થયા છે. આ વિસ્તારોમાં ૭૬૩ મેડિકલ અને પેરામેડિકલ ટીમો કાર્યરત છે, જેમના દ્વારા ૧૯,૮૦,૯૭૬ વસ્તીનું સર્વેલન્સ કરવામાં આવ્યું છે. જિલ્લામાં પૂર પ્રભાવિત વિસ્તારોમાં સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં ઝાડા, ઉલટી, શરદી, તાવ અને ખાંસી જેવા લક્ષણો ધરાવતા દર્દીઓની સમયસર તપાસ અને સારવાર સુનિશ્ચિત કરવામાં આવી છે.

લોકોના સ્વાસ્થ્ય રક્ષણ માટે પીવાના પાણીના સ્રોતાનું ક્લોરિનેશન કરવામાં આવી રહ્યું છે. અત્યાર સુધીમાં કુલ ૩,૬૧,૮૮૮ ક્લોરીન ગોળીઓનું વિતરણ કરવામાં આવ્યું છે.તેમજ પાણીના શુદ્ધિકરણ માટે મોટા પ્રમાણમાં ચૂનાનો છંટકાવ પણ કરવામાં આવ્યો છે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, તેઓ ઉકાળેલું પાણી પીએ અને સ્વાસ્થ્ય સંબંધિત કોઈપણ સમસ્યા જણાય તો તુરંત જ નજીકના મેડિકલ કેમ્પ કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરે.

**તાલુકાવાર આરોગ્ય અને અટકાયતી કામગીરી**

| પ્રા.આ.કેન્દ્ર/ વિસ્તાર | અસરગ્રસ્ત ગામ/વોર્ડ | અસરગ્રસ્ત વસ્તી | મેડિકલ ટીમ | ઝાડા-ઉલ્ટી કેસ | શરદી-તાવ-ખાંસી |
|---|---|---|---|---|---|
| વલસાડ | ૩૭ | ૧૮,૯૮૪ | ૧૬૩ | ૨૯૩ | ૯૨૫ |
| પારડી | ૮ | ૨૫૩ | ૯૦ | ૫૧ | ૭૩૮ |
| નાનાપોંઢા | ૧૩ | ૧,૬૧૧ | ૫૭ | ૧૫૮ | ૪૮૩ |
| ઉમરગામ | ૨૬ | ૧૧,૭૨૭ | ૧૩૮ | ૨૯૭ | ૮૨૨ |
| ધરમપુર | ૧૫ | ૧,૩૯૩ | ૮૮ | ૨૧૬ | ૫૯૨ |
| કપરાડા | ૧ | ૧૮ | ૧૩૧ | ૨૯૪ | ૫૧૮ |
| ULB વાપી | ૧૦ | ૭,૮૪૨ | ૯૬ | ૨૯૧ | ૭૪૩ |
| **ટોટલ** | **૧૧૦** | **૪૧,૮૨૮** | **૭૬૩** | **૧,૬૦૦** | **૬,૯૧૬** |

### ગુરુ પૂર્ણિમાના પાવન અવસરે

# ભાજપ યુવા મોર્ચા દ્વારા અંબાચ પ્રા.શાળાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટનું વિતરણ કરાયું



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૩૦**

તા.૨૯/૦૭/૨૦૨૬ ના રોજ અંબાચ ગામે, પૂરથી પ્રભાવિત મોટી નાયકવડ પ્રાથમિક શાળાના ૧૯ વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ, નોટબુક તથા અન્ય શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. RP સેલ્સ નાનાપોંઢાના શ્રી પ્રકાશભાઈ ચૌધરીના સહયોગથી યોજાયેલા આ સેવા કાર્યમાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ અર્પણ કરી તેમને શિક્ષણ પ્રત્યે પ્રેરિત કરવામાં આવ્યા તેમજ તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

આ પ્રસંગે વલસાડ જિલ્લા યુવા મોરચાના મહામંત્રી શ્રી મયંકભાઈ, પૂર્વ વલસાડ જિલ્લા સંગઠન મંત્રી શ્રી અંકિતભાઈ, પારડી તાલુકા યુવા મોરચાના પ્રમુખ શ્રી રવિભાઈ પટેલ, મહામંત્રી શ્રી પ્રિયાંકભાઈ, ઉપપ્રમુખ શ્રી સત્યમભાઈ, મંત્રી શ્રી સરમેશભાઈ, કાર્યાલય મંત્રી શ્રી વૃષાંગભાઈ તેમજ અંબાચ ગામના આગેવાનો ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા બદલ RP સેલ્સ, શ્રી પ્રકાશભાઈ ચૌધરી, શ્રી જગદીશભાઈ પુરોહિત, તેમની સમગ્ર ટીમ, ઉપસ્થિત આગેવાનો, શિક્ષકગણ અને ગ્રામજનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

"વિદ્યાદાન એ સર્વોત્તમ દાન છે. શિક્ષણથી જ ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ થાય છે."

### કરમબેલી ગામે જીવંત કરી સેવા અને સંવેદનાની પરંપરા

# અનરાધાર વરસાદ વચ્ચે સરપંચ અને ગામના યુવાનોની સમયસૂચકતાએ ૨૫ દિવસની બાળકી સહિત માતાને સુરક્ષિત સ્થળે પહોંચાડી માનવતાનું અનોખું ઉદાહરણ પૂરૂ પાડ્યું







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૩૦**

વલસાડ જિલ્લામાં તાજેતરમાં પડેલા અભૂતપૂર્વ અને અનરાધાર વરસાદે અનેક વિસ્તારોમાં જનજીવનને ભારે અસર પહોંચાડી હતી. ખાસ કરીને ઉમરગામ તાલુકાના અનેક ગામોમાં પૂરની સ્થિતિ સર્જાતા માર્ગો બંધ થઈ ગયા હતા અને સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું હતું. વહીવટી તંત્ર સતત રાહત અને બચાવ કામગીરીમાં વ્યસ્ત હોવા છતાં અનેક સ્થળોએ સ્થાનિક લોકોના સહકાર અને સમયસૂચકતા આશાનું કિરણ બની ઊભા રહ્યા હતા.

ઉમરગામ તાલુકાના કરમબેલી ગામમાં પણ પૂરના પાણી મોટાભાગના ઘરોમાં ઘૂસી જતા અનેક પરિવારો મુશ્કેલીમાં મુકાયા હતા. આ દરમિયાન પોતાના પિયરમાં આવેલી મયુરીબેન મિલનભાઈ ધોડી અને તેમની માત્ર ૨૫ દિવસની બાળકી કિશ્વી પણ ઘરમાં જ ફસાઈ ગયા હતા. ચારેબાજુ પાણી ભરાઈ જતાં બહાર નીકળવાનો કોઈ સુરક્ષિત માર્ગ ઉપલબ્ધ રહ્યો નહોતો.

**આલેખન**
**- પ્રફુલ પટેલ**

આવી કપરી પરિસ્થિતિની જાણ થતાં કરમબેલી ગામના સરપંચ શ્રી કૌશલભાઈએ ગામના યુવાનો સાથે તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી. ઘરોમાં ગળાડૂબ પાણી હોવાથી નવજાત બાળકીને હાથમાં લઈને બહાર લાવવું જોખમી હતું. ત્યારે ગામના યુવાનોની સૂઝબૂઝ અને સંવેદનશીલતાથી બાળકીને પ્લાસ્ટિકના ટબમાં સુરક્ષિત રીતે સુવડાવવામાં આવી અને વરસાદથી રક્ષણ મળે તે માટે છત્રીની ઓટ આપીને પૂરના પાણીમાંથી સલામત રીતે બહાર કાઢવામાં આવી હતી.

આ દૃશ્યે જાણે ભગવાન શ્રીકૃષ્ણના બાળપણની યાદ તાજી કરી દીધી હોય તેમ, યશોદાના નંદલાલને ટોપલીમાં લઈ જતા વાસુદેવની ભાવના જીવંત કરી હતી. બાળકીને સુરક્ષિત સ્થળે પહોંચાડ્યા બાદ માતા મયુરીબેનને પણ ટ્યુબના સહારે બચાવીને નજીકના ઊંચાણવાળા વિસ્તારમાં આવેલા ઘરમાં સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા. ગામના યુવાનોની હિંમત, સંકલન અને સેવાભાવથી માતા અને બાળકી બંને સુરક્ષિત બન્યા હતા.

કુદરતી આપત્તિના સમયમાં કરમબેલી ગામે દર્શાવેલી એક્તા, માનવતા અને જવાબદારીની ભાવના સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ છે. સરપંચ શ્રી કૌશલભાઈ તથા ગામના યુવાનોએ આપત્તિને માત્ર પડકાર તરીકે નહીં, પરંતુ લોકસેવાની તક તરીકે સ્વીકારી જીવ બચાવવાનું પ્રશસ્તિપાત્ર કાર્ય કર્યુ છે.

# વાંસદા તાલુકામાં પ્રથમવાર નવી ટેક્નોલોજીથી રસ્તાના મરામતની કામગીરી હાથ ધરાઈ

**ઈકોફિક્સ કોલ્ડમિક્ષ મટીરીયલથી ખાનપુરથી બારતાડ રોડ અને મોતીવાલઝર દુબળ ફળિયા લીમઝર રોડ પર પેચવર્ક કરાયું**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૩૦**

દક્ષિણ ગુજરાતમાં ચોમાસાની ઋતુ દરમિયાન ચાર મહિના સુધી અવિરત વરસાદ શરૂ રહે છે, ત્યારે આ નવી ટેક્નોલોજીથી વરસાદની ઋતુમાં પણ મરામતની કામગીરી કરી શકાય તેમ હોવાથી ગ્રામજનોને ચોમાસાની ઋતુમાં પણ રાહત થશે. હાલમાં વરસાદનું જોર ધીમું થતાં વાંસદા તાલુકામાં ગ્રામીણ રસ્તાઓ પર ઈકોફિક્સ કોલ્ડમિક્ષ મટીરીયલથી ખાનપુરથી બારતાડ રોડ અને મોતીવાલઝરથી દૂબળ ફળિયા થઈ લીમઝર રોડ પર પેચવર્કની કામગીરી કરવામાં આવી. પંચાયત માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર સાથે આ નવી ટેક્નોલોજીના ફાયદાઓ વિશે ચર્ચા દરયિમાન મળેલ માહિતી મુજબ ઈકાફિક્સ કોલ્ડમિક્સએ રોડ રસ્તાઓ અને ખાડાના તાત્કાલિક સમારકામ માટે વપરાતું એક અદ્યતન, ટકાઉ અને પર્યાવરણ-અનુકૂળ કોલ્ડ મિક્સ ડામરનું મટીરીયલ છે. સામાન્ય ગરમ ડામરના બદલે આ ટેક્નોલોજીનો ઉપયોગ ઝડપી અને સરળ રિપેરિંગ માટે થાય છે.

ઈકોફિક્સ કોલ્ડમિક્સ મટીરીયલ ગરમ કર્યા વગર સીધો ઉપયોગ કરી શકાય છે.આ મટીરીયલને વાપરવા માટે કોઈ મોટી ફેક્ટરી કે પ્લાન્ટમાં ગરમ કરવાની જરૂર પડતી નથી. તેને બેગમાંથી બહાર કાઢીને સીધા જ ખાડા કે બગડેલા રસ્તા પર પાથરી શકાય છે.

**ચોમાસામાં અને ભીની જગ્યાએ પણ ઉપયોગી :** સામાન્ય ડામર પાણીવાળી જગ્યાએ ટકતો નથી, પરંતુ ઈકોફિક્સ કોલ્ડમિક્સ ભીના અથવા પાણી ભરાયેલા ખાડામાં પણ સીધો વાપરી શકાય છે.ખાડામાંથી પાણી સંપૂર્ણ ખાલી ન કરો તો પણ આ મટીરીયલ મજબૂત પકડ બનાવે છે.

**તાત્કાલિક ટ્રાફિક ચાલુ થઈ શકે છે :** રસ્તો રિપેર કર્યા પછી તેને કલાકો કે દિવસો સુધી બંધ રાખવો પડતો નથી.મટીરીયલ પાથરીને સરખું દાબ્યા પછી તરત જ વાહનોની અવરજવર માટે રસ્તો ખુલ્લો મૂકી શકાય છે. પર્યાવરણ માટે અનુકૂળ અને ઓછું પ્રદૂષણ પેદા કરે છે. આ મટીરીયલ બનાવવામાં અને વાપરવામાં ગરમીની જરૂર પડતી ન હોવાથી કાર્બનનું ઉત્સર્જન ખૂબ ઘટે છે. આમાં સ્ટીલ અને આયર્ન સ્લેગ જેવા રિસાયકલ કરેલા વેસ્ટ મટીરીયલનો ઉપયોગ થતો હોવાથી તે પર્યાવરણને નુકસાન પહોંચાડતું નથી. સમય અને ખર્ચની બચત થાય છે.મોટા મશીનો, મજૂરો અથવા ગરમ બોઈલરની જરૂર પડતી ન હોવાથી કામ ઝડપથી પૂર્ણ થાય છે અને મજૂરી ખર્ચ ઘટે છે. નાના સમારકામ માટે આ ખૂબ આર્થિક અને ફાયદાકારક વિકલ્પ છે.

**લાંબો સમય ટકી રહે તેવી મજબૂતી :** તે ઉત્તમ વોટર રેઝિસ્ટન્સ (પાણી સામે પ્રતિકાર) આપે છે, જેથી વરસાદના પાણીથી ખાડા ફરીથી જલ્દી પડતા નથી. સામાન્ય ટેમ્પરરી પેચિંગ કરતા આ મટીરીયલ રસ્તા પર લાંબા સમય સુધી ટકે છે. આ મટીરીયલની થેલીઓને લાંબા સમય સુધી સ્ટોર કરી રાખી શકાય છે. જ્યારે પણ રસ્તા પર ખાડો પડે ત્યારે થેલી ખોલીને તરત વાપરી શકાય છે. આમ ઈકોફિક્સ કોલ્ડમિક્સ ખાસ કરીને ચોમાસા દરમિયાન રસ્તાઓ, સોસાયટીના એપ્રોચ રોડ, પાર્કિંગ એરિયા અને હાઈવે પર પડેલા ખાડાઓને ઓછા ખર્ચે, સરળતાથી અને કાયમી ધોરણે પૂરવા માટે એક બહેતરીન સોલ્યુશન છે


નવસારી જિલ્લા તેમજ ચીખલી તાલુકાના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો...

દિપક સોલંકી - 98796 87316

વર્તમાન પ્રવાહ
તંત્રી લેખ

# સીજેપીએ તમામ દેખાવકારો સામે કેસ પાછા ખેંચવાનો કરેલો આગ્રહ

નેશનલ એલીજિબિલિટિ કમ એન્ટ્રન્સ ટેસ્ટ(નીટ)ના પેપર લીક પ્રકરણથી રચાયેલી 'કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)'એ આ મામલે કેન્દ્રના શિક્ષણમંત્રી પદેથી ધર્મેન્દ્ર પ્રધાનનાં રાજીનામાંની માંગ સરકાર પાસે પરાણે મનાવીને વિજય મેળવ્યો છે, પણ આ દરમ્યાન રાજધાની દિલ્હીના જંતરમંતર પર યુવાનોની તીવ્ર બનેલી લાગણીઓ અને તેની સામે પોલીસે લીધેલાં પગલાંની હવે ચોમેર ચર્ચા છે. એક તરફ સીજેપીએ દેખાવકારો સામેના પોલીસ કેસ આટોપી લેવા અને તેમના દેખાવો દરમ્યાન બળપ્રયોગ કરનાર પોલીસ જવાનો અધિકારીઓની સામે કાર્યવાહી કરવાની ચીમકી આપી છે. સંસદમાં આ મુદ્દો ગાજી રહ્યો છે ત્યારે હવે સર્વોચ્ચ અદાલતે પોલીસ પગલાંની સ્વતંત્ર તપાસની હિમાયત કરી છે. સાથોસાથ સગીર વિદ્યાર્થીઓ અને કોઈ ગુનાહિત ભૂતકાળ ન હોય તેવા અન્ય દેખાવકારોને રાહત આપવાની સૂચના આપી છે. પુરા દેશનું ધ્યાન આકર્ષિત કરનાર સીજેપી હવે પોલીસની કાર્યવાહીમાં પોતાના કાર્યકરો ભોગ બન્યાનું જણાવીને જવાબદારો સામે પગલાં લેવા દબાણ ઊભું કરી રહી છે ત્યારે સમગ્ર પ્રકરણમાં હવે નવું પરિમાણ ઉમેરાયું છે. દેખાવો દરમ્યાન હુમલાનો ભોગ બનેલા પોલીસના પરિવારજનોએ જવાબદારો સામે પગલાં લેવા સર્વોચ્ચ અદાલતનાં દ્વાર ખખડાવ્યાં છે. દિલ્હી પોલીસ સૂત્રો તરફથી સાંપડેલી એક વિગત એવી પણ છે કે, સંસદ તરફ કૂચમાં અને દેખાવોમાં અપરાધીક રેકોર્ડ ધરાવતા તત્ત્વો ભળી ગયા હતા અને તેમણે હુમલાભાંગફોડ, અરાજકતા ફેલાવવા જેવા કૃત્યો આચર્યા હતા. સુપ્રીમ કોર્ટની ચિંતા એ અનુસંધાને હોવાનું સમજાય છે. ગુનાહિત ભૂતકાળ ધરાવતા હિંસક દેખાવકારોને રાહત ન અપાવાની સર્વોચ્ચ અદાલતની સૂચના તેમને ગળે ઊતરી નથી. સીજેપીએ પોલીસ પર હુમલો કરનાર ગુનાહિત ઈતિહાસ ધરાવતા દેખાવકારોને જવા ન દેવા સામે વાંધો ઉઠાવ્યો છે. સીજેપીએ તમામ દેખાવકારો સામે કેસ પાછા ખેંચવાનો હઠાગ્રહ રાખ્યો છે. સીજેપીએ પોતાના દેખાવો અને ધરણાં શાંતિપૂર્ણ હોવાનું જણાવ્યા પછી સીજેપીએ સર્વોચ્ચ અદાલતની સૂચના સામે વાંધો ઉઠાવવો યોગ્ય છે કે નહિ તે તો કાયદાવિદો જ જાણે. હવે તો ચોંકાવનારી હકીકતો અને આંકડા સામે આવી રહ્યા છે જેમાં આ યુવાનો વચ્ચે ૨,૮૭૩ દેખાવકાર ગુનાહિત ભૂતકાળ કે વર્તમાન ધરાવતા હતા. આમાંથી લગભગ ૯૦૦ એવા હતા જેમની સામે હત્યા, લૂંટ અને દુષ્કર્મ જેવા આરોપ લાગેલા છે. માત્ર દેખાવ કરનાર યુવાનોને દોષમુક્ત કરી દેવાની વાત વ્યાજબી છે, પણ ભૂતકાળમાં ખરડાયેલા લોકોને પોલીસ કેસમાંથી રાહત આપવાની સીજેપીની જીદ ખરા અર્થમાં અરાજકતાને સીધાં સમર્થન સમાન છે. જંતરમંતરના હિંસક દેખાવોની સ્વતંત્ર તપાસનાસર્વોચ્ચ અદાલતના આદેશને આવકારવો જોઈએ. દૂધનું દૂધ, પાણીનું પાણી થઈ જશે. બાકી સુપ્રીમ કોર્ટ સર્વોચ્ચ છે, એને કેમ કોઈ સૂચન આપી શકે?

### સરકારની કાર્યવાહી સામે વિદ્યાર્થીઓનો આક્રોશ

## CJPનું આંદોલન પુરું થયા બાદ જંતર મંતર પર Gen-Z ફરી મેદાને

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૩૦:** કેન્દ્રીય શિક્ષણ મંત્રીના રાજીનામા બાદ કોકરોચ જનતા પાર્ટી (CJP)એ જંતર-મંતર પરથી પોતાનો પ્રોટેસ્ટ પૂરો કર્યો હતો. પરંતુ, આ મુદ્દો ફરી એકવાર ગરમાવા લાગ્યો છે. CJPના આ પ્રોટેસ્ટમાં મુખ્ય લડાઈ લડનારા Gen Z યુવાઓ ફરી એકવાર જંતર-મંતર પહોંચી ગયા છે. તેમના હાથમાં બેનર છે અને તેઓ સૂત્રોચ્ચાર કરી રહ્યા છે. પરંતુ સૌથી મોટો સવાલ એ છે કે આખરે આ યુવાનો હવે શા માટે ધરણા પ્રદર્શન કરી રહ્યા છે, તેમની મુખ્ય માગણીઓ શું છે અને આ વિરોધ પાછળ કોણ છે?સૌથી પહેલા એ જાણવું જરૂરી છે કે જંતર-મંતર પર ધરણા કરવા પહોંચેલા વિદ્યાર્થીઓ સીધી રીતે કોકરોચ જનતા પાર્ટી સાથે જોડાયેલા નથી. અહીં પ્રદર્શન કરી રહેલા યુવાનો 'દિશા વિદ્યાર્થી સંગઠન'ના છે.


જોકે, CJPના નેતૃત્વમાં થયેલા અગાઉના પ્રોટેસ્ટમાં પણ આ સંગઠનના યુવાનો સામેલ હતા. આ વિદ્યાર્થીઓની મુખ્ય માગણી એ છે કે જે વિદ્યાર્થીઓને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે, તેમને તાત્કાલિક મુક્ત કરવામાં આવે. આ સિવાય કોર્ટે પણ નિર્દેશ આપ્યો છે કે જે વિદ્યાર્થીઓનો ડેટા એકત્ર કરવામાં આવ્યો છે, તે રેકોર્ડને સિસ્ટમમાંથી હટાવવામાં આવે. પ્રોટેસ્ટમાં સામેલ એક વિદ્યાર્થીનીએ પીટીઆઈ સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, 'અમે ૩૬ દિવસ સુધી અહીં ટકી રહ્યા હતા. સરકારનું વલણ એવું છે કે પહેલા વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કરવામાં આવે છે, ત્યારબાદ રાજીનામું આપવામાં આવે છે અને પછી ફરી અમારી વિરૂદ્ધ જ કાર્યવાહી કરવામાં આવે છે. દેશના અલગ-અલગ ભાગો જેવા કે બિહાર, અસમ, બંગાળ અને મુંબઈના વિદ્યાર્થીઓ આજે એકસાથે ઊભા છે. સરકારના આકરા વલણ બાદ હવે દેશનો ખૂણે-ખૂણો જંતર-મંતર બની ગયો છે. વિદ્યાર્થીઓ માત્ર એટલું જ ઈચ્છે છે કે અટકાયત કરાયેલા યુવાનોને છોડવામાં આવે અને તેમનો એકત્ર કરાયેલો ડેટા રેકોર્ડમાંથી દૂર કરવામાં આવે. જંતર-મંતર પર એકઠા થયેલા વિદ્યાર્થીઓ સરકાર સામે ભારે આક્રોશ વ્યક્ત કરતા જોવા મળ્યા હતા.

વિદ્યાર્થીઓએ 'વિદ્યાર્થીઓની ધરપકડ બંધ કરો', 'ડરાવવાનું અને ધમકાવવાનું બંધ કરો' અને 'એફઆઈઆર બંધ કરો' જેવા તીવ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા. બીજી તરફ, CJPએ પણ અસમ, બિહાર, પશ્ચિમ બંગાળ અને દિલ્હી સહિતના રાજ્યોમાં પ્રદર્શનકારીઓ સામે થયેલી પોલીસ કાર્યવાહી સામે વિરોધ નોંધાવ્યો છે. CJPના રાષ્ટ્રીય પ્રવક્તા આશુતોષ રાંકાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કેન્દ્રીય મંત્રીઓનું ધ્યાન દોર્યું હતું કે પ્રદર્શનકારીઓ સામે કાર્યવાહી ન કરવાના આશ્વાસનનો ભંગ થઈ રહ્યો છે. જો સરકારે પોતાનું વચન ન પાળ્યું, તો પાર્ટી ફરીથી આંદોલન કરવા માટે મજબૂર બનશે.

## પેપરની ચોરી કરનાર બચતા રહ્યા, મહેનત કરનાર માર ખાતા રહ્યાઃ રાજ્યસભામાં બોલ્યા મલ્લિકાર્જુન ખડગે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૩૦:** રાજ્યસભામાં પબ્લિક એક્ઝામિનેશન (સંશોધન) બિલ, ૨૦૨૬ પર ચર્ચા દરમિયાન કોંગ્રેસ અધ્યક્ષ અને રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેના નિવેદન બાદ ભારે હોબાળો મચ્યો હતો. ખડગેએ પેપર લીક મામલે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર નિશાન સાધ્યું અને કેન્દ્ર સરકાર પર આકરા પ્રહાર કર્યા. જે બાદ ગૃહમાં ભારે હોબાળો મચી ગયો.




મલ્લિકાર્જુન ખડગેએ પોતાના ભાષણની શરૂઆત શાયરીથી કરી અને પેપર લીકની ઘટનાઓને લઈને સરકાર પર આકરા પ્રહાર કર્યા. તેમણે કહ્યું કે, "પેપરની ચોરી કરનાર બચતા રહ્યા, મહેનત કરનાર માર ખાતા રહ્યા, આ કેવો ન્યાય, આ કેવી રીત કે ગુનેગાર હસતા રહ્યા, માસૂમ રડતા રહ્યા." તેમણે કહ્યું કે, હું આવું એટલા માટે કહી રહ્યો છું કારણ કે પેપર લીકના કારણે હજારો વિદ્યાર્થીઓને નુકસાન થયું. હજારો માતા-પિતાઓ, હજારો મહિલાઓ અને બાળકો પરેશાન થયા છે અને માત્ર કડક કાયદો લાવવાથી સમસ્યાનો ઉકેલ નહીં આવે.

મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, તમે ચર્ચા માટે લાવેલા 'પબ્લિક એક્ઝામિનેશન એમેન્ડમેન્ટ બિલ ૨૦૨૬'માં માત્ર આંકડા બદલ્યા છે. આ બિલમાં ફક્ત આંકડા જ બદલાતા રહ્યા. આનાથી કંઈ થવાનું નથી. તમે વધુ દંડ, કડક સજા, સ્પેશ્યલ ટાસ્ક ફોર્સ, ફાસ્ટ ટ્રેક કોર્ટ જેવી જોગવાઈઓ સામેલ કરી છે. આનાથી કોઈ ફરક પડવાનો નથી. ફરક એ વાતથી પડશે કે તમે આ પરીક્ષા કેવી રીતે યોજો છો અને પેપર લીક ન થાય તેના માટે કેવી રીતે તૈયારી કરો છો, તેના પર આધાર રાખે છે. આવો કડક કાયદો લાવવાની માંગ અમે ૨૦૨૪માં જ કરી હતી. પણ ત્યારે તમે અમારી વાત ન માની અને તમે તમારા ભાષણમાં કહ્યું કે તમે લોકો સહમત નહોતા. પણ અમે વારંવાર તમને આ કડક કાયદો બનાવવા માટે કહેતા રહ્યા. પણ તમે એવું ન કર્યું. જે કામ તમે બે વર્ષ પછી કરી રહ્યા છો, તે તમે ૨૦૨૪માં જ શા માટે નહીં કર્યું?... એટલે જ આંદોલન થયું."

રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતાએ આગળ કહ્યું કે, "તમે તે આંદોલનને સંભાળી શક્યા નહીં. ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ આ આંદોલનમાં ઘાયલ થયા છે. ઘણા હોસ્પિટલમાં વેન્ટિલેટર પર છે. ઘણા બાળકોને પેલેટ ગનના છરા વાગ્યા છે. ટીવીમાં આ જોઈને અમને શરમ આવી, તેમને આવી કે નહીં તે મને ખબર નથી. આ બધામાં જવાબદાર કોણ છે. ગૃહમંત્રી જવાબદાર છે. તમે બંધ રૂમમાં બેસીને મારી આ વાત સાંભળી રહ્યા હશો, પણ વધારે દિવસો સુધી બંધ રૂમમાં છુપાઈ શકશો નહીં. અમે ખેંચીને તમને બંધ રૂમમાંથી બહાર ખેંચીને લાવીશું."

# ડૉ. જીતેન્દ્ર સિંહે રાજ્યસભામાં પબ્લિક એક્ઝામિનેશન્સ (પ્રિવેન્શન ઑફ અનફેર મીન્સ) એમેન્ડમેન્ટ બિલ, ૨૦૨૬ રજૂ કર્યું

### પરીક્ષામાં ગેરરીતિઓ પર અંકુશ લાવવા અને વિદ્યાર્થીઓ તથા યુવાનોના હિતોની સુરક્ષા માટે આ વિધેયક કાનૂની માળખાને વધુ મજબુત બનાવે છે: ડૉ. જિતેન્દ્ર સિંહ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**નવી દિલ્હી, તા.૩૦**

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી; પૃથ્વી વિજ્ઞાન રાજ્ય મંત્રી (સ્વતંત્ર પ્રભારી) અને પ્રધાનમંત્રી કાર્યાલય, કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન, અણુ ઊર્જા અને અવકાશ રાજ્ય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે આજે લોકસભા દ્વારા પસાર કરાયેલા પબ્લિક એક્ઝામિનેશન્સ (પ્રિવેન્શન ઑફ અનફેર મીન્સ) એમેન્ડમેન્ટ બિલ, ૨૦૨૬ને રાજ્યસભામાં વિચારણા માટે રજૂ કર્યું હતું.




વિધેયક પર ચર્ચાની શરૂઆત કરતાં ડૉ. જીતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે, આ સુધારા વિધેયક પબ્લિક એક્ઝામિનેશન્સ (પ્રિવેન્શન ઑફ અનફેર મીન્સ) એક્ટ, ૨૦૨૪નો એક કુદરતી વિસ્તાર છે અને ૨૦૨૪નો કાયદો વર્તમાન સુધારા વિધેયક સાથે મળીને જાહેર પરીક્ષાઓમાં ગેરરીતિઓને રોકવા માટે સ્વતંત્ર ભારતમાં આ પ્રકારનું પ્રથમ વ્યાપક કાયદાકીય માળખું બનાવે છે. તેમણે જણાવ્યું હતું કે, આ કાયદો જાહેર પરીક્ષા પદ્ધતિમાં ગુણવત્તા, સુસંગતતા, પારદર્શિતા અને વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવાની સાથે વિદ્યાર્થીઓ અને યુવાનોના હિતોનું રક્ષણ કરવા માટે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સરકાર રચનાત્મક સૂચનો માટે ખુલ્લી છે અને તાજેતરના અનુભવ અને પ્રતિસાદને ધ્યાનમાં રાખીને, કાયદાને વધુ કડક અને અસરકારક બનાવવાના ઉદ્દેશ્ય સાથે સુધારા આગળ લાવવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, આ સુધારા પરીક્ષામાં ગેરરીતિઓ અને પેપર લીક પ્રત્યે સરકારની ઝીરો ટોલરન્સની નીતિની પુનઃપુષ્ટિ કરે છે જ્યારે વિદ્યાર્થીઓના વાસ્તવિક પ્રયાસો સુરક્ષિત રહે તે સુનિશ્ચિત કરે છે. આ કાયદાની જરૂરિયાત પર પ્રકાશ પાડતા, ડૉ. જીતેન્દ્ર સિંહે કહ્યું કે મજબૂત રાષ્ટ્રીય કાનૂની માળખાની જરૂરિયાત પર ભાર મૂકતા, રાજ્ય અથવા પરીક્ષા આપતી એજન્સીને ધ્યાનમાં લીધા વિના, વર્ષોથી દેશના વિવિધ ભાગોમાં પ્રશ્નપત્ર લીક થવાની અને પરીક્ષા સંબંધિત ગેરરીતિઓની ઘટનાઓ નોંધાઈ છે.

મંત્રીએ ગૃહને માહિતગાર કર્યા હતા કે પબ્લિક એક્ઝામિનેશન્સ (પ્રિવેન્શન ઑફ અનફેર મીન્સ) બિલ જાન્યુઆરી ૨૦૨૪માં રજૂ કરવામાં આવ્યું હતું, ફેબ્રુઆરી ૨૦૨૪માં ઘડવામાં આવ્યું હતું, જ્યારે આ એક્ટ અમલમાં આવ્યો હતો અને જૂન ૨૦૨૪માં નિયમો અધિસૂચિત કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે આ એક્ટ યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC), સ્ટાફ સિલેક્શન કમિશન (SSC), રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ્સ (RRBs), ઈન્સ્ટિટ્યૂટ ઑફ બેંકિંગ પર્સનલ સિલેક્શન (IBPS) અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) સહિતની અગ્રણી ભરતી એજન્સીઓ દ્વારા આયોજિત પરીક્ષાઓને આવરી લે છે. ડૉ. જીતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે, આ કાયદાનો ઉદ્દેશ્ય જાહેર પરીક્ષાઓમાં વધુ સુસંગતતા, વિશ્વસનીયતા અને પારદર્શિતા સુનિશ્ચિત કરવાનો છે જેથી નિષ્ઠાવાન અને લાયક ઉમેદવારોને તેમના વાસ્તવિક પ્રયાસો માટે પુરસ્કૃત કરવામાં આવે અને સંગઠિત પરીક્ષા સંબંધિત ગુનાઓ દ્વારા તેમનું ભવિષ્ય જોખમમાં ન મુકાય. સુધારા વિધેયકના મુખ્ય લક્ષણોની સ્પષ્ટતા કરતા મંત્રીએ જણાવ્યું હતું કે ગેરરીતિઓનો આશરો લેતી વ્યક્તિઓ માટેની સજા ત્રણથી પાંચ વર્ષની કેદથી વધારીને પાંચથી દસ વર્ષ કરવાની પ્રસ્તાવના છે, જ્યારે મહત્તમ દંડ ₹૧૦ લાખથી વધારીને ₹૫૦ લાખ કરવાનો પ્રસ્તાવ છે. આવા ગુનાઓમાં સામેલ સર્વિસ પ્રોવાઈડર્સ માટે, મહત્તમ દંડ ₹૧ કરોડથી વધારીને ₹૫ કરોડ અને જાહેર પરીક્ષાઓ યોજવા પરનો પ્રતિબંધનો સમયગાળો ચાર વર્ષથી વધારીને આઠ વર્ષ કરવાનો પ્રસ્તાવ છે. સર્વિસ પ્રોવાઈડર્સના ડાયરેક્ટર્સ અને વરિષ્ઠ મેનેજમેન્ટ માટેની સજા પણ ત્રણથી દસ વર્ષની કેદથી વધારીને પાંચથી દસ વર્ષ કરવાની પ્રસ્તાવના છે, જેમાં મહત્તમ દંડ ₹૧ કરોડથી વધારીને ₹૫ કરોડ કરવામાં આવ્યો છે. વિધેયક આગળ સંગઠિત અપરાધ માટેની સજા પાંચથી દસ વર્ષની કેદથી વધારીને સાતથી દસ વર્ષ કરવા અને મહત્તમ દંડ ₹૧ કરોડથી વધારીને ₹૧૦ કરોડ કરવાનો પ્રસ્તાવ મૂકે છે. મંત્રીએ જણાવ્યું હતું કે સુધારા વિધેયક આ એક્ટ હેઠળના ગુનાઓ માટે સ્પેશિયલ ફાસ્ટ ટ્રેક કોર્ટોની સ્થાપના, બે મહિનાની અંદર તપાસ પૂર્ણ કરવા અને ચાર્જશીટ ફાઈલ કર્યાની તારીખથી ત્રણ મહિનાની અંદર ટ્રાયલ પૂર્ણ કરવાની પણ જોગવાઈ કરે છે. તે આગળ સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર્સની નિમણૂક અને સ્પેશિયલ ટાસ્ક ફોર્સ અથવા સેન્ટ્રલ એજન્સી દ્વારા તપાસ માટે નવી જોગવાઈ ઉમેરવાની સુવિધા આપે છે, જ્યાં પણ જરૂર હોય ત્યાં, સંગઠિત પરીક્ષા સંબંધિત ગુનાઓ સામે ઝડપી અને અસરકારક કાર્યવાહી સુનિશ્ચિત કરી શકાય.

### છ સ્પેશિયલ ફાસ્ટ ટ્રેક કોર્ટ કાર્યરત; પબ્લિક એક્ઝામિનેશન કેસોના ઝડપી નિકાલ માટે વધુ કોર્ટો સ્થાપિક કરવાની યોજના તૈયાર થઈ રહી છેઃ ડો. જિતેન્દ્ર સિંહ

ડૉ. જિતેન્દ્ર સિંહે ગૃહને માહિતી આપી હતી કે દેશમાં અત્યાર સુધીમાં છ વિશેષ ફાસ્ટ ટ્રેક કોર્ટની સ્થાપના કરવામાં આવી છે અને કેસોના ઝડપી નિકાલ માટે આવી વધુ કોર્ટોની સ્થાપનાની યોજના પણ બનાવવામાં આવી રહી છે. તેમણે જાહેર પરીક્ષા ઈકોસિસ્ટમને મજબૂત કરવા માટે સરકાર દ્વારા રચવામાં આવેલી હાઈ-લેવલ ટાસ્ક ફોર્સનો પણ ઉલ્લેખ કર્યો હતો અને જણાવ્યું હતું કે, નિષ્ણાત સમિતિની ભલામણોને અમલમાં મૂકવામાં નોંધપાત્ર પ્રગતિ થઈ ચૂકી છે, જેમાં તેની ૪૬માંથી ૩૫ ભલામણો પહેલેથી જ અમલમાં મૂકાઈ ગઈ છે. વિધેયક માટે ગૃહનો સહયોગ માંગતા ડૉ. જીતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે પ્રસ્તાવિત સુધારા દેશની જાહેર પરીક્ષા પદ્ધતિની નિષ્ઠા, પારદર્શિતા અને ન્યાયીપણામાં જનતાના વિશ્વાસને પુનઃસ્થાપિત કરશે અને સાથે સાથે લાખો વિદ્યાર્થીઓ અને નોકરી ઈચ્છુક ઉમેદવારોની આકાંક્ષાઓનું રક્ષણ કરશે.

## કેન્દ્ર સરકારે રાજ્યસભામાં UDISE+ ૨૦૨૫-૨૬ રિપોર્ટ રજૂ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૩૦**

દેશમાં શિક્ષણના સુધારા અને 'સબ પઢે, સબ બઢે'ના દાવાઓ વચ્ચે એક ચોંકાવનારો અહેવાલ સામે આવ્યો છે. કેન્દ્ર સરકારે રાજ્યસભામાં રજૂ કરેલા અધિકૃત આંકડા મુજબ, દેશભરમાં ૧,૦૦,૮૪૩થી પણ વધુ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓ માત્ર એક જ શિક્ષકના ભરોસે ચાલી રહી છે. રાજ્યસભામાં શિક્ષણ રાજ્ય મંત્રી જયંત ચૌધરીએ આપેલા આ જવાબથી સ્પષ્ટ થાય છે કે, કાગળ પર વિદ્યાર્થી-શિક્ષકનો ગુણોત્તર ભલે યોગ્ય દેખાતો હોય, પણ વાસ્તવમાં શિક્ષકોની ભારે અછત અને અસમાન ગોઠવણી છે.




**દેશભરમાં ૧,૦૦,૮૪૩થી વધુ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓ માત્ર એક જ શિક્ષકના ભરોસે ચાલે છે**

યુનિફાઈડ ડિસ્ટ્રિક્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ ફોર એજ્યુકેશન (UDISE+) ૨૦૨૫-૨૬ના આંકડા અનુસાર, આ મામલે આંધ્ર પ્રદેશ દેશમાં સૌથી આગળ છે. રાજ્યમાં ૧૬,૩૫૭ શાળાઓ એવી છે જે માત્ર એક જ શિક્ષક દ્વારા ચલાવવામાં આવી રહી છે, જે રાષ્ટ્રીય આંકડાના ૧૬% કરતાં પણ વધુ છે. દેશની કુલ એક શિક્ષકવાળી શાળાઓમાંથી લગભગ ૬૫% શાળાઓ માત્ર ૭ રાજ્યોમાં જ આવેલી છે.

**સૌથી વધુ અસરગ્રસ્ત ટોપ ૭ રાજ્યોઃ**

આંધ્ર પ્રદેશઃ ૧૬,૩૫૭ શાળાઓ
ઝારખંડઃ ૯,૮૨૭ શાળાઓ
મહારાષ્ટ્રઃ ૯,૨૬૯ શાળાઓ
કર્ણાટકઃ ૮,૦૪૨ શાળાઓ
ઉત્તર પ્રદેશઃ ૭,૮૭૪ શાળાઓ
રાજસ્થાનઃ ૭,૨૦૦ શાળાઓ
પશ્ચિમ બંગાળઃ ૬,૭૬૯ શાળાઓ

અન્ય રાજ્યોની સ્થિતિ અને શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર પ્રદેશો

આ સમસ્યા માત્ર ચોક્કસ રાજ્યો પૂરતી સીમિત નથી, પરંતુ દેશના અન્ય ભાગોમાં પણ ફેલાયેલી છે. તેલંગાણામાં ૪,૭૯૩, તમિલનાડુમાં ૩,૯૫૭, અસમમાં ૩,૧૫૯, હિમાચલ પ્રદેશમાં ૩,૧૨૮, ઉત્તરાખંડમાં ૨,૬૫૫ અને છત્તીસગઢમાં ૨,૪૬૧ શાળાઓ એક શિક્ષકના ભરોસે ચાલે છે. **બીજી તરફ કેટલાક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્થિતિ પ્રમાણમાં ઘણી સારી છે.** કેરળમાં આવી માત્ર ૬૭, નાગાલૅન્ડમાં ૩૫, સિક્કિમમાં ૩૧, લદ્દાખમાં ૨૮, દિલ્હીમાં ૭ અને અંદમાન-નિકોબારમાં માત્ર ૧ શાળા જ એક શિક્ષક પર નિર્ભર છે. શિક્ષણ મંત્રાલયના જણાવ્યા મુજબ, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) હેઠળ દેશમાં સરેરાશ વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તર યોગ્ય મર્યાદામાં છે. પ્રાઈમરી લેવલે દર ૧૯ બાળકો પર ૧ શિક્ષક, અપર પ્રાઈમરીમાં દર ૧૭ બાળકો પર ૧, સેકન્ડરીમાં દર ૧૫ બાળકો પર ૧ અને હાયર સેકન્ડરીમાં દર ૨૩ બાળકો પર ૧ શિક્ષકની સરેરાશ છે. પરંતુ આ સરેરાશ આંકડા એ વાસ્તવિકતાને છુપાવે છે કે જમીની સ્તરે એક જ શિક્ષકને અભ્યાસ કરાવવાની સાથે સાથે વહીવટી કામગીરી, મિડ-ડે મીલની દેખરેખ અને અલગ-અલગ ધોરણના બાળકોને એકસાથે ભણાવવાની ફરજ પડે છે. સંસદમાં મંત્રાલયે સ્પષ્ટતા કરી હતી કે શિક્ષકોની ભરતી, સેવાની શરતો અને શાળાઓમાં તેમની ગોઠવણી કરવાની જવાબદારી સંપૂર્ણપણે રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોની હોય છે. શિક્ષકોની નિવૃત્તિ, રાજીનામા, નવા પદોનું સર્જન અને ગ્રામીણ કે આદિવાસી વિસ્તારોમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં થતા સતત ફેરફારને કારણે પદો ખાલી રહેતા હોય છે. કેન્દ્ર સરકારે જણાવ્યું છે કે રાજ્યોને પારદર્શક પ્રક્રિયા દ્વારા ખાલી જગ્યાઓ ભરવાની સલાહ આપવામાં આવે છે અને 'સમગ્ર શિક્ષા' યોજના હેઠળ આ માટે નાણાકીય સહાય પણ પૂરી પાડવામાં આવે છે.

## યુક્રેનનો આરોપઃ'કાળા સમુદ્રમાં સ્થિતિ વણસી અને ભારત અમારી સાથે વાત નથી કરતું'

### નવી દિલ્હી સ્થિત યુક્રેની દૂતાવાસે ભારતના ડાયરેક્ટોરેટ જનરલ ઓફ શિપિંગ દ્વારા જાહેર કરાયેલી બે અલગ-અલગ એડવાઈઝરી પર કડક વાંધો ઉઠાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૩૦**

યુક્રેનના ચોર્નોમોર્સ્ક બંદર પર 'MV AMIR1' નામના જહાજમાં 13 ભારતીય નાવિકો ફસાયેલા છે. આ વિસ્તારમાં રશિયા દ્વારા સતત મિસાઈલ અને ડ્રોન હુમલાઓ થઈ રહ્યા હોવાથી પરિસ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે. આ તંગદિલી વચ્ચે યુક્રેને ભારતની દરિયાઈ સુરક્ષા એડવાઈઝરી અને વિદેશ મંત્રાલયના વલણ પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. યુક્રેન સરકારે દાવો કર્યો છે કે બ્લેક સી (કાળો સમુદ્ર) માં વણસી રહેલી સુરક્ષા સ્થિતિ અંગે ચર્ચા કરવા માટે યુક્રેનના વિદેશ મંત્રી એન્ડ્રી સિબિહા ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે ફોન પર વાત કરવા માંગે છે. પરંતુ ભારત તરફથી હજુ સુધી કોઈ જ પ્રતિભાવ આપવામાં આવ્યો નથી. જોકે, યુક્રેન સ્થિત ભારતીય દૂતાવાસે જણાવ્યું છે કે આ પરિસ્થિતિને 'સર્વોચ્ચ પ્રાથમિકતા' આપવામાં આવી રહી છે અને નાવિકોની સુરક્ષા માટે સતત સંપર્ક જાળવી રાખવામાં આવ્યો છે.નવી દિલ્હી સ્થિત યુક્રેની દૂતાવાસે ભારતના ડાયરેક્ટોરેટ જનરલ ઓફ શિપિંગ દ્વારા જાહેર કરાયેલી બે અલગ-અલગ એડવાઈઝરી પર કડક વાંધો ઉઠાવ્યો છે.

**સ્ટ્રેટ ઓફ હોર્મુઝઃ** શિપિંગ કંપનીઓને સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો હતો કે ભારતીય નાવિકોને હોર્મુઝ ક્ષેત્રમાં મોકલવાનું ટાળવામાં આવે.

**બ્લેક સીઃ** રશિયન હુમલાઓના જોખમ અને અગાઉ ભારતીય નાવિકોના મોત છતાં બ્લેક સી માટે આવી કોઈ કડક એડવાઈઝરી કે રોક લગાવવામાં આવી નથી. યુક્રેની દૂતાવાસે સવાલ કર્યો છે કે શું બ્લેક સી માટે લેવાયેલા સુરક્ષાના પગલાં ત્યાં રહેલા જોખમ પ્રમાણે પૂરતા છે? યુક્રેને 'ફોરવર્ડ સીમેન્સ યુનિયન ઓફ ઈન્ડિયા'ની તે અપીલને પણ સમર્થન આપ્યું છે જેમાં હાઈ રિસ્ક ઝોનમાં કામ કરતા ભારતીય નાવિકો માટે મજબૂત સુરક્ષાની માંગ કરવામાં આવી હતી. યુક્રેને આશા વ્યક્ત કરી છે કે ભારતીય વિદેશ મંત્રાલય અને DGMA આ મામલે યોગ્ય અને કડક પગલાં ભરશે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

Commonwealth Games માં નીરજ ચોપરાએ કરી કમાલ

## નીરજ ચોપરાએ પાકિસ્તાનના અર્શદ નદીમને પછાડીને ફાઈનલની ટિકિટ કરી પાકી

**ગ્લાસગોમાં રમાયેલા ક્વોલિફિકેશન રાઉન્ડમાં નીરજ ચોપરાએ પોતાના સવર્શ્રેષ્ઠ પ્રયાસમાં ૭૯.૬૧ મીટર દૂર ભાલો ફેંક્યો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૩૦ :** કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬માં ભારત માટે જેવલિન થ્રો તરફથી શાનદાર સમાચાર આવ્યા છે. લાંબા સમય બાદ કોમનવેલ્થ ગેમ્સમાં વાપસી કરી રહેલા સ્ટાર ભાલાફેંક ખેલાડી નીરજ ચોપરાએ મેન્સ જેવલિન થ્રોની ફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. ખાસ વાત એ રહી કે નીરજ એકલા નહીં, પરંતુ ભારતના ત્રણેય જેવલિન થ્રોઅર ક્વોલિફિકેશનનો પડકાર પાર કરવામાં સફળ રહ્યા.



રોહિત યાદવ અને યશ વીર સિંહે પણ દમદાર પ્રદર્શન કરતા ફાઈનલની ટિકિટ હાંસલ કરી. તો બીજી તરફ પાકિસ્તાનના ઓલિમ્પિક ચેમ્પિયન અર્શદ નદીમ પણ આગામી રાઉન્ડમાં પહોંચી ગયો છે.

ખાસ વાત એ રહી કે નીરજ ક્વોલિફિકેશન રાઉન્ડમાં અર્શદ નદીમ કરતાં વધુ દૂર ભાલો ફેંકવામાં સફળ રહ્યો.

ગ્લાસગોમાં રમાયેલા ક્વોલિફિકેશન રાઉન્ડમાં નીરજ ચોપરાએ પોતાના સવર્શ્રેષ્ઠ પ્રયાસમાં ૭૯.૬૧ મીટર દૂર ભાલો ફેંક્યો. તે ૮૪.૦૦ મીટરના ઓટોમેટિક ક્વોલિફિકેશન માર્ક સુધી તો ન પહોંચી શક્યો, પરંતુ બંને ક્વોલિફિકેશન ગ્રુપના કુલ પ્રદર્શનના આધારે તેઓ પાંચમા સ્થાને રહીને ૧૨ ખેલાડીઓની ફાઈનલમાં જગ્યા બનાવવામાં સફળ રહ્યો. આ મુકાબલામાં હવામાન ખેલાડીઓ માટે મોટો પડકાર બન્યું.

ગ્લાસગોની ઠંડી અને વાદળછાયા વાતાવરણના કારણે કોઈ પણ એથલીટ ૮૪ મીટરના ઓટોમેટિક ક્વોલિફિકેશન માર્કને સ્પર્શી શક્યો નહીં. આવી સ્થિતિમાં ફાઈનલિસ્ટનો નિર્ણય બંને ગ્રુપના સવર્શ્રેષ્ઠ પ્રદર્શનના આધારે કરવામાં આવ્યો.

ભારત માટે સૌથી મોટી ખુશી એ રહી કે તેના ત્રણેય ખેલાડીઓ ફાઈનલમાં પહોંચી ગયા. રોહિત યાદવે ૭૮.૩૭ મીટરનો સવર્શ્રેષ્ઠ થ્રો કરીને નવમા સ્થાને રહીને ક્વોલિફાઈ કર્યું, જ્યારે યશ વીર સિંહે ૭૮.૩૬ મીટરના પ્રયાસ સાથે ૧૦મું સ્થાન મેળવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો. આનાથી હવે ભારત પાસે મેડલ જીતવાના ત્રણ મજબૂત દાવેદાર હશે.

ક્વોલિફિકેશન રાઉન્ડમાં શ્રીલંકાના રૂમેશ થરંગા પાથિરાજે સૌથી આગળ રહ્યો. તેમણે ૮૨.૮૪ મીટરનો થ્રો કરીને પ્રથમ સ્થાન મેળવ્યું. તો બીજી તરફ, પાકિસ્તાનના અર્શદ નદીમે શરૂઆતી પ્રયાસ બાદ અંતરમાં સુધારો ન કર્યો, પરંતુ ૭૮.૬૩ મીટર સાથે સાતમા સ્થાને રહીને ફાઈનલમાં જગ્યા બનાવવામાં સફળ રહ્યો.

હવે સૌની નજર ફાઈનલ મુકાબલા પર હશે, જ્યાં નીરજ ચોપરા ફરી એકવાર મોટા મંચ પર ગોલ્ડ મેડલ જીતવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. ભારતના ત્રણ ખેલાડીઓ ફાઈનલમાં પહોંચવાથી દેશની મેડલની આશાઓ પણ ઘણી વધી ગઈ છે.

મેદાન પર કરી આવી હરકત

## શરમજનક હાર વચ્ચે બે પાકિસ્તાની ખેલાડીઓને ICC એ ફટકાર્યો મોટો દંડ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**દુબઈ, તા.૩૦ :** વેસ્ટ ઈન્ડિઝ સામેની પ્રથમ ટેસ્ટ મેચમાં ૯૦ રનથી કારમી હારનો સામનો કર્યા બાદ પાકિસ્તાન ક્રિકેટ ટીમ માટે વધુ એક ખરાબ સમાચાર આવ્યા છે. મેદાન પર અણછાજતું વર્તન કરવા બદલ પાકિસ્તાનના બે મુખ્ય ફાસ્ટ બોલરો ખુર્રમ શહઝાદ અને મોહમ્મદ અબ્બાસ સામે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા કડક શિસ્તભંગના પગલાં લેવામાં આવ્યા છે.

આ બંને ખેલાડીઓ વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેનો આઉટ થયા બાદ મેદાન પર અતિ આક્રમક અને ઉશ્કેરણીજનક ઉજવણી કરતા જોવા મળ્યા હતા, જેને કારણે ICCએ તેમને દોષિત ઠેરવી દંડ અને ઠપકો આપ્યો છે.

ICC દ્વારા જારી કરાયેલા સત્તાવાર નિવેદન અનુસાર, બંને પાકિસ્તાની ફાસ્ટ બોલરોને ICCની આચારસંહિતાની કલમ ૨.૫ (લેવલ-૧ ગુનો) હેઠળ દોષિત માનવામાં આવ્યા છે. આ નિયમ આંતરરાષ્ટ્રીય મેચ દરમિયાન કોઈ પણ બેટ્સમેન આઉટ થયા બાદ તેની સામે એવી ભાષા, હાવભાવ કે એક્શન કરવા પર પ્રતિબંધ લગાવે છે જે બેટ્સમેનને ઉશ્કેરી શકે અથવા તેના પ્રત્યે અપમાનજનક હોય.

વેસ્ટ ઈન્ડિઝની બીજી ઈનિંગ્સની ૧૭મી ઓવરમાં ખુર્રમ શહઝાદે શાઈ હોપની વિકેટ લીધા બાદ બેટ્સમેનની એકદમ નજીક જઈને અતિ આક્રમક રીતે ઉજવણી કરી હતી. ICCના મતે, શહઝાદની આ હરકત બેટ્સમેન તરફથી બિનજરૂરી પ્રતિક્રિયા ઉશ્કેરી શકી હોત. આ જ મેચમાં વેસ્ટ ઈન્ડિઝની ઈનિંગ્સની છેલ્લી વિકેટ જોમેલ વોરિકનની ઝડપ્યા બાદ મોહમ્મદ અબ્બાસે પણ તેની નજીક જઈને ઉશ્કેરણીજનક અંદાજમાં જશ્ન મનાવ્યો હતો.

આ વર્તન બદલ ICCના મેચ રેફરી જેફ ક્રોએ બંને ખેલાડીઓ માટે સજા નક્કી કરી છે. ફાસ્ટ બોલર ખુર્રમ શહઝાદ પર તેની મેચ ફીના ૧૫ ટકા દંડ ફટકારવામાં આવ્યો છે. જ્યારે બીજી તરફ, ઈનિંગ્સમાં ૫ વિકેટ ઝડપનાર મોહમ્મદ અબ્બાસને આ પ્રકારની પ્રથમ ભૂલ હોવાને કારણે સત્તાવાર રીતે લેખિત ઠપકો આપીને છોડી દેવાયો છે. જોકે, દંડ ઉપરાંત આ બંને ખેલાડીઓના શિસ્ત રેકોર્ડમાં ૧-૧ ડિમેરિટ પોઈન્ટ ઉમેરી દેવામાં આવ્યો છે. પાછલા ૨૪ મહિનામાં આ બંને ખેલાડીઓનો ટ્રેક રેકોર્ડ એકદમ ક્લીન હતો. મેદાન પરના અમ્પાયરો એલેક્સ વ્હાર્ફ, રિચાર્ડ કેટલબરો અને થર્ડ અમ્પાયર જયરામન મદનગોપાલ દ્વારા આ ચાર્જ લગાવવામાં આવ્યા હતા, જેને બંને પાકિસ્તાની ખેલાડીઓએ સ્વીકારી લીધા છે.

શિસ્તભંગની આ ઘટના વચ્ચે મેચની વાત કરીએ તો, વેસ્ટ ઈન્ડિઝની ટીમે પ્રથમ ટેસ્ટમાં પાકિસ્તાનને ૯૦ રને હરાવીને ૨ મેચોની સિરીઝમાં ૧-૦ની લીડ મેળવી લીધી છે. વેસ્ટ ઈન્ડિઝની બીજી ઈનિંગ્સ ૧૮૧ રનમાં સમેટાતાં પાકિસ્તાનને જીતવા માટે ૨૧૧ રનનો ટાર્ગેટ મળ્યો હતો. પરંતુ વિન્ડિઝના બોલર જેડન સીલ્સે માત્ર ૨૦ રન આપીને ૫ વિકેટ ઝડપી પાકિસ્તાની બેટિંગ લાઈન-અપના ધજાગરા ઉડાવી દીધા હતા અને આખી ટીમ માત્ર ૧૨૦ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. પાકિસ્તાન તરફથી માત્ર કેપ્ટન બાબર આઝમ ૫૮ રન બનાવીને અણનમ રહ્યો હતો, જ્યારે છેલ્લી વિકેટ માટે મોહમ્મદ અબ્બાસે ૨૩ રનનું યોગદાન આપીને ૧૨ ઓવર સુધી સંઘર્ષ કર્યો હતો, પરંતુ તે ટીમને હારથી બચાવી શક્યા નહોતા.

ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો

## અજિંક્ય રહાણેએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી

**૨૦13 માં અજિંક્ય રહાણેએ તેની કારકિર્દી શરૂ કરી હતી અને ભારત માટે કુલ ૮૫ ટેસ્ટ, ૯૦ વન-ડે અને ૨૦ ટી૨૦ રમી ચૂક્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૩૦ :** ટીમ ઈન્ડિયા માટે એક આંચકાજનક અહેવાલ સામે આવ્યા છે. દમદાર ખેલાડી અજિંક્ય રહાણેએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી છે.

ભારતના સિનિયર ખેલાડીઓની લિસ્ટમાં સામેલ અજિંક્ય રહાણેએ સંન્યાસની જાહેરાત કરતાં એક વીડિયો શેર કર્યો હતો. જેમાં તેણે કહ્યું કે, હવે આગળ વધવાનો યોગ્ય સમય આવી ગયો છે. હું આંતરરાષ્ટ્રીય ક્રિકેટના દરેક ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી રહ્યો છું.

2013 માં અજિંક્ય રહાણેએ તેની કારકિર્દી શરૂ કરી હતી અને ભારત માટે કુલ 85 ટેસ્ટ, 90 વન-ડે અને 20 T20I રમી ચૂક્યો છે. જોકે વેસ્ટ ઈન્ડિઝ સામે 2023 ની શ્રેણી બાદથી તેને ભારતીય ટીમમાં રમવાનો મોકો નહોતો મળ્યો. નેશનલ સિલેક્ટર્સની નજરોથી બહાર હોવા છતાં રહાણે ઘરેલુ ક્રિકેટમાં ઘણો એક્ટિવ રહ્યો છે અને 2024-25 ની સિઝનમાં તેણે મુંબઈની કેપ્ટન્સી સંભાળી હતી. IPL 2026 માં તેણે KKR ની કેપ્ટન્સી સંભાળી હતી.

# ઉત્તરાખંડમાં ભારે વરસાદ અને ભૂસ્ખલ : કેદારનાથ યાત્રા બંધ

**અલકનંદા અને મંદાકિની નદીમાં ભારે પૂર આવ્યા છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**દેહરાદુન, તા.૩૦**

ઉત્તરાખંડમાં ચોમાસાના ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે ચારધામની યાત્રા પ્રભાવિત થઈ છે. ખાસ કરીને સોનપ્રયાગમાં ખડક ધસી આવતા અને ગૌરી કુંડમાં ભૂસ્ખલન થતા, કેદારનાથની યાત્રા ફરી એકવાર અચોક્કસ સમય માટે સ્થગિત કરી દેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બે દિવસ સુધી સ્થગિત રહ્યા બાદ ગુરુવારે સવારે ૬ વાગ્યાથી ચાર ધામ યાત્રા ફરી શરૂ થઈ હતી, પરંતુ કેદારનાથ જવાના પદયાત્રાના માર્ગ પર ગૌરી કુંડ પાસે અચાનક મોટા પાયે ભૂસ્ખલન થવાને કારણે યાત્રાળુઓની અવરજવર ફરી એકવાર બંધ કરવામાં આવી છે. વધુમાં, સોનપ્રયાગ વિસ્તારમાં ટેકરીઓ પરથી અચાનક પથ્થરો પડતાં વહીવટીતંત્રે સલામતીના કારણોસર યાત્રા સ્થગિત કરી દીધી છે.

જિલ્લા મેજિસ્ટ્રેટ વિશાલ મિશ્રાએ જણાવ્યું હતું કે, ગઈકાલ બુધવારે મોડી રાત્રે અને ગુરુવારે વહેલી સવારે અનેક સ્થળોએ ભૂસ્ખલન થયું હતું. ગૌરી કુંડ નજીક પગપાળા જવાનો માર્ગમાં અવરોધ સર્જાયો છે. માર્ગ પરથી મોટા પથ્થરો દૂર કરવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. અચાનક ખડકો પડતાં સોનપ્રયાગમાં આ માર્ગ અસુરક્ષિત બન્યો હતો, જેના કારણે અધિકારીઓએ યાત્રાળુઓને સલામત સ્થળોએ રાખવા પડ્યા હતા. પોલીસ, SDRF, NDRF અને સ્થાનિક વહીવટીતંત્રની ટીમો સંવેદનશીલ વિસ્તારોમાં તહેનાત કરવામાં આવી છે. પરિસ્થિતિ સામાન્ય થયા પછી જ યાત્રા ફરી શરૂ થશે. સતત વરસાદને કારણે રુદ્રપ્રયાગ જિલ્લામાં અલકનંદા અને મંદાકિની નદીઓમાં પાણીનું સ્તર ભયસુચક ચેતવણીના ચિહ્નથી ઉપર વધી ગયું છે. વધતાજતા પાણીના સ્તરને ધ્યાનમાં રાખીને, જિલ્લા વહીવટીતંત્રે હાઇ એલર્ટ જાહેર કર્યું છે અને નદી કિનારાના વિસ્તારોના રહેવાસીઓને સલામત સ્થળોએ ખસી જવાની સલાહ આપી છે. કોઈપણ સંભવિત કુદરતી આફતનો સામનો કરવા માટે તમામ સંબંધિત વિભાગોને હાઇ એલર્ટ પર રાખવામાં આવ્યા છે.

હવામાન કેન્દ્રના ડિરેક્ટર ડૉ. સીએસ તોમરના જણાવ્યા અનુસાર, ઉત્તરાખંડ રાજ્યના ૧૦ જિલ્લાઓ માટે ભારે વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે.

ઓરેન્જ એલર્ટ : બાગેશ્વર, નૈનિતાલ, ચંપાવત અને પિથોરાગઢમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે.

યલો એલર્ટઃ ઉત્તરકાશી, દેહરાદૂન, ચમોલી, પૌરી, ટિહરી અને ઉધમ સિંહ નગર.

જ્યારે કેદારનાથ યાત્રા હાલમાં સ્થગિત છે, ત્યારે બદ્રીનાથ ધામની યાત્રા ચાલુ છે. ભારે પ્રયાસો પછી, રાહત અને બચાવ ટીમોએ બુધવારે મોડી રાત્રે બદ્રીનાથ હાઈવે ફરી ખોલ્યો છે. ચમોલી જિલ્લામાં ભૂસ્ખલનથી રસ્તો બંધ થઈ ગયો હતો. ચમોલીમાં નદીના પાણીનું સ્તર વધ્યું હોવા છતાં, તે હાલમાં ભયના નિશાનથી નીચે છે.

## કોલકત્તા હાઈકોર્ટનો મોટો ચુકાદો : વોટર ID, આધાર અને PAN કાર્ડ પણ નાગરિકતાનો પુરાવો નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલકત્તા, તા.૩૦**

કોલકત્તા હાઈકોર્ટે એક કેસની સુનાવણી કરતી વખતે મતદાર આઈડી, આધાર કાર્ડ, પાન કાર્ડ અને બૅંક એકાઉન્ટ ભારતીય નાગરિકતાનો પુરાવો ન હોવાનો મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. મુર્શિદાબાદનો નાસિર નામનો વ્યક્તિ બાંગ્લાદેશી હોવાની આશંકાના કારણે લાલગોલા ડિટેન્શન સેન્ટરમાં બંધ છે. જસ્ટિસ દેબાંગ્સુ બસાક અને જસ્ટિસ મોહમ્મદ શબ્બર રશીદીની પીઠે રાજ્ય સરકારની કાર્યવાહીમાં દખલ કરવાનો પણ ઈનકાર કરી દીધો છે.

બાંગ્લાદેશી હોવાની આશંકાના કારણે નાસિર ડિટેન્શન સેન્ટરમાં બંધ છે. કોર્ટે નાસિર અને તેના પિતરાઈ ભાઈ સુમન મોલ્લાને ભારતીય નાગરિક સાબિત કરવા માટે અનેક તકો આપી હતી, જોકે તેઓ તે સાબિત કરવામાં નિષ્ફળ રહ્યા છે. નાસિર કોર્ટમાં પોતાનું જન્મ-પ્રમાણપત્ર રજૂ કરી શક્યો નથી. તેની તરફથી સુમને કોર્ટમાં એક મતદાર ઓળખપત્ર, આધાર કાર્ડ, પાન કાર્ડ અને બૅંકની પાસબુક રજૂ કરી હતી.

હાઈકોર્ટની પીઠે આ દસ્તાવેજોને નાગરિકતાનો ચોક્કસ કે પાક્કો પુરાવો માનવાનો ઈનકાર કરી દીધો છે. કોર્ટે કહ્યું કે, "મતદાર ઓળખપત્ર ભારતીય નાગરિકતાનો નિર્ણાયક પુરાવો નથી, તે માત્ર મતદાર યાદીમાં નામ નોંધાયેલું હોવાનો જ પુરાવો છે. SIR પ્રક્રિયા કરતી વખતે નાસિરનું નામ મતદાર યાદીમાંથી હટાવી દેવાયું હતું."

આ સાથે કોર્ટે સ્પષ્ટ કહ્યું કે, "આધાર કાર્ડ પણ ભારતીય નાગરિકતાનો પાક્કો પુરાવો ન હોઈ શકે. આ ઉપરાંત કોર્ટે પાન કાર્ડ અને બૅંક એકાઉન્ટના દસ્તાવેજો મામલે પણ આવી જ ટિપ્પણી કરી છે." કોર્ટે અરજદાર નાસિર અને સુમનની દાનત પર શંકા વ્યક્ત કરી છે. તેમના દાવામાં ઘણી વિસંગતતા સામે આવી છે. સુમને દાવો કર્યો હતો કે, નાસિરના પિતાનું ૧૯૮૦માં નિધન થયું હતું, જેના કારણે તેણે જ નાસિરની દેખરેખ રાખી છે. કોર્ટે સુમનનો આ દાવો ફગાવી દીધો છે, કારણ કે રેકોર્ડ મુજબ નાસિરની ઉંમર ૪૬ વર્ષ છે, જ્યારે તેની દેખરેખ રાખતો હોવાનો દાવો કરનાર સુમનની ઉંમર ૩૮ વર્ષ છે.

પોલીસ પૂછપરછમાં સુમને પોતાને નાસિરનો પિતરાઈ ભાઈ હોવાનો દાવો કર્યો હતો, જોકે પછી તેણે કોર્ટમાં નાસિર તેના કાકા હોવાનું કહ્યું હતું. નાસિરે પોતાના માતા-પિતાનું નિધન થયું હોવાનું અને તેમને દફન કર્યા હોવાનું કહ્યું હતું, પરંતુ માતા-પિતાને ક્યાં દફન કરાયા છે તેની માહિતી તે આપી શક્યો નહોતો. આ બાબતે કોર્ટે ટિપ્પણી કરી કે, જો નાસિરે દફન કરેલું સ્થળ દર્શાવ્યું હોત તો DNA ટેસ્ટ કરાવીને સત્ય જાણી શકાયું હોત. સુનાવણી દરમિયાન રાજ્ય સરકારના વકીલે પીઠને કહ્યું હતું કે, નાસિરે પોલીસ કસ્ટડીમાં કબૂલાત કરી હતી કે તે એક બાંગ્લાદેશી નાગરિક છે અને વર્ષો પહેલા ગેરકાયદેસર રીતે ભારતમાં ઘૂસ્યો હતો.

## પશ્ચિમ બંગાળમાં પથ્થરનાં વેપારીનાં ઘરમાંથી ૨૦ કરોડ રોકડ, ૧૫ કીલો સોનું જપ્ત કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુરી, તા.૩૦**

પોલીસે બુધવારે પશ્ચિમ બંગાળનાં બીરભૂમ જિલ્લામાં એક ભૂતપૂર્વ સરકારી બસ ડ્રાઈવર અને હાલમાં પથ્થરનાં વેપારીનાં ઘરમાંથી ઓછામાં ઓછા ૨૦ કરોડ રૂપિયા રોકડા અને ૧૫ કિલો સોનું જપ્ત કર્યુ છે. આ જપ્તીને પશ્ચિમ બંગાળમાં અત્યાર સુધી કરવામાં આવેલી સૌથી જપ્તી પૈકીની એક ગણવામાં આવી રહી છે. પોલીસે જણાવ્યું હતું કે તેમણે દેઉચા ગામમાં મિનાર મંડલનાં બે માળનાં નિવાસસ્થાનમાંથી એક કિલોગ્રામ વજનનાં ૧૪ સોનાનાં બાર અને ૧૦૦ ગ્રામનાં ૧૦ સોનાનાં બિસ્કિટ જપ્ત કર્યા છે. જેની કીંમત હાલનાં ભાવે ૨૧.૫ કરોડ રૂપિયા થાય છે.

છેલ્લે મળેલા સમાચાર અનુસાર રોકડ નોટોની ગણતરી ચાલુ જ હતી. છેલ્લી ગણતરી મુજબ રોકડ ચલણી નોટોનો આંક ૨૦ કરોડ રૂપિયાને પાર થઈ ગયો હતો. જેના ઘરમાંથી રોકડ રકમ અને સોનું જપ્ત કરવામાં આવ્યું છે તેની ઓળખ મિનાર મંડલ તરીકે કરવામાં આવી છે. મિનાર મંડલ આ વિસ્તારનાં પથ્થરનાં મોટા વેપારી ટુલ્લુ મંડલની પત્નીનો ભાઈ છે. રોકડ રકમ ગણવા માટે નોટો ગણવાનાં પાંચ મશીનો મંગાવવામાં આવ્યા હતાં.

ઉલ્લેખનીય છે કે, મુખ્યપ્રધાન સુવેન્દુ અધિકારીએ ટુલ્લુ મંડલને રેતી માફિયા ગણાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે બીરભૂમ જિલ્લો લાંબા સમયથી ગેરકાયદે માઈનિંગ અને પથ્થરનાં વેપાર સાથે જોડાયેલ સંગઠિત અપરાધોને કારણે તપાસનાં દાયરામાં છે. ટુલ્લુનું નામ કરોડો રૂપિયાનાં પશુઓની દાણચોરીનાં કેસની સીબીઆઈ તપાસમાં સામે આવ્યું હતું.

ઓગસ્ટ, ૨૦૨૨માં એજન્સીએ જિલ્લાનાં મોહંમદ બજાર વિસ્તારમાં તેની ઓફીસ અને ગોડાઉન ઉપરાંત તેમની અનેક સંપત્તિઓની તપાસ કરી હતી. તે જ વર્ષે નવેમ્બરમાં ઈડીએ પૂછપરછ માટે તેને દિલ્હી બોલાવ્યો હતો. ઈડીનું સમન્સ મળ્યાનાં ૪૮ કલાકની અંદર જ હત્યાનાં એક કેસમાં બીરભૂમ પોલીસે તેની ધરપકડ કરી લીધી હતી.

**લદાખ પહોંચતા જ સોનમ વાંગચુકે કર્યા સરકારના વખાણ**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**લદાખ, તા.૩૦**

પર્યાવરણવિદ્ અને શિક્ષણ સુધારક સોનમ વાંગચુક દિલ્હીના જંતર-મંતર પર સતત ૨૬ દિવસના અનશન બાદ લદાખ પરત ફર્યા છે. દિલ્હીથી શ્રીનગર પાછા ફરતી વખતે તેમણે પહેલીવાર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરી હતી. ટ્રેન પ્રવાસના પોતાના અનુભવ અને રસ્તામાં આવતા એન્જિનિયરિંગની અજાયબી સમાન ચિનાબ બ્રિજને લઈને તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક વીડિયો પોસ્ટ કર્યો છે. આ વીડિયોમાં તેમણે ભારતીય રેલવે અને દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરની મુક્ત મને પ્રશંસા કરી છે.

સોનમ વાંગચુકે વીડિયોમાં જણાવ્યું હતું કે, મને હંમેશાં રેલવે દ્વારા મુસાફરી કરવી ખૂબ ગમે છે, પરંતુ વંદે ભારત ટ્રેનમાં સફર કરવાનો અનુભવ એકદમ અલગ અને અદ્ભુત રહ્યો છે. રિયાસી જિલ્લામાં ચિનાબ નદી પર બનેલા વિશ્વના સૌથી ઊંચા રેલવે આર્ચ બ્રિજ (Chenab Railway Bridge) પરથી વંદે ભારત ટ્રેનમાં પસાર થવું એ અત્યંત સુંદર અનુભવ હતો. આવા વિશાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ દેશની ટેક્નોલોજી ક્ષેત્રે પ્રગતિ અને શાનદાર કનેક્ટિવિટીનું પ્રતીક છે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રેલવેના વખાણ કરવાની સાથે સાથે સોનમ વાંગચુકે કેન્દ્ર સરકારને એક ખાસ અપીલ પણ કરી છે. ૨૬ દિવસના આંદોલન બાદ સરકાર સાથે થયેલી વાતચીતનો ઉલ્લેખ કરીને તેમણે જણાવ્યું કે, સરકારે પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ અને યુવાનો પર કોઈ પણ પ્રકારની કાનૂની કાર્યવાહી ન કરવાના પોતાના લેખિત વચન પર કાયમ રહેવું જોઈએ, જેથી દેશના યુવાનોમાં સરકાર અને વ્યવસ્થા પ્રત્યે વિશ્વાસનો માહોલ જળવાઈ રહે.

આ રેલવે રૂટનું સૌથી મોટું આકર્ષણ ચિનાબ નદી પર બનેલો આર્ચ બ્રિજ છે. આ પુલ નદીના સ્તરથી ૩૫૯ મીટરની ઊંચાઈ પર આવેલો છે, જે પેરિસના પ્રખ્યાત એફિલ ટાવર કરતાં પણ આશરે ૩૫ મીટર વધુ ઊંચો છે. આ પુલ કલાકના ૨૬૬ કિલોમીટરની ઝડપે ફૂંકાતા પવન અને રિએક્ટર સ્કેલ પર ૮ની તીવ્રતાના ભૂકંપને પણ સહન કરવાની ક્ષમતા ધરાવે છે.

નવી દિલ્હી-શ્રીનગર વંદે ભારત એક્સપ્રેસ ભારતીય રેલવેના સૌથી મહત્વકાંક્ષી પ્રોજેક્ટ્સમાંથી એક છે. સામાન્ય રીતે જમ્મુથી શ્રીનગર સડક માર્ગે જવામાં ૭થી ૧૦ કલાકનો સમય લાગતો હતો, જ્યારે હવે ટ્રેન દ્વારા જમ્મુથી શ્રીનગરનું અંતર માત્ર ૩.૫ કલાકમાં અને દિલ્હીથી શ્રીનગરની સફર ૧૩ કલાકથી પણ ઓછા સમયમાં પૂરી થઈ જાય છે.

## અદાણી એન્ટરપ્રાઈઝ લિ.ના નાણા વર્ષ ૨૭ના પહેલા ત્રિમાસિક પરિણામો

**અત્યાર સુધીના સૌથી વધુ ત્રિમાસિક રૂા.૫,૬૪૨ કરોડ EBITDA પ્રાપ્ત કર્યોઃ અદાણી સોલર મોડ્યુલ લાઈન ક્ષમતા ૫.૭ ગીગાવોટ સુધી વિસ્તારી : ડેટા સેન્ટર વ્યવસાયે ૪૦૦ મેગાવોટનો નવો હાઈપરસ્કેલ ઓર્ડર મેળવ્યો**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**સુરત, તા.૩૦**

અદાણી ઔદ્યોગિક જુથની મુખ્ય કંપની અદાણી એન્ટરપ્રાઈઝ લિ.(AEL) એ ૩૦ જૂન, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ત્રિમાસિકના પરિણામો આજે જાહેર કર્યા છે.

આ પરિણામો કંપનીના સ્થાપિત અને ઈન્ક્યુબેટિંગ વ્યવસાયોના વિવિધ પોર્ટફોલિયોની મજબૂતાઈ અને સ્થિરતા તેમજ વૃદ્ધિ દર્શાવે છે. તેના કારણે, અદાણી એન્ટરપ્રાઈઝએ વાર્ષિક ધોરણે ૪૯%ના વધારા સાથે વાર્ષિક ધોરણે તેનો અત્યાર સુધીનો સૌથી વધુ ત્રિમાસિક EBITDA રૂા.૫,૬૪૨ કરોડ નોંધાવ્યો છે. શિસ્તબદ્ધ રોકાણ મારફત ઈન્ફ્રા-પ્લેટફોર્મનો મજબૂત પાયો બાંધ્યા બાદ કંપની હવે તેની સંપત્તિઓની ક્ષમતાના ઉપયોગ અને કાર્યકારી કાર્યક્ષમતાના માધ્યમથી તેના શેરધારકો માટે અર્થપૂર્ણ નાણાકીય પરિણામોમાં પરિણમે તે તબક્કાનું સાક્ષી બનવા સજ્જ છે.

અદાણી ગ્રુપના ચેરમેન શ્રી ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે અદાણી એન્ટર-પ્રઈઝે નવા નાણાકીય વર્ષની શરૂઆત અસાધારણ મજબૂત પ્રદર્શન સાથે કરી છે તેની પ્રતીતી અમારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈન્ક્યુબેટિંગ પ્લેટફોર્મના વધતા કદ અને પરિપક્વતાને કારણે હાંસલ કરેલો રૂા.૫,૬૪૨ કરોડનો અત્યાર સુધીનો સૌથી વધુ ત્રિમાસિક EBITDA છે. તેમણે જણાવ્યું હતું કે નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આંતરરાષ્ટ્રીય કામગીરીનો આરંભ, ગંગા એક્સપ્રેસવે પર ટોલ વસૂલાતની શરૂઆત, અમારા સૌર મોડ્યુલ ક્ષમતાનું વિસ્તરણ અને મુખ્ય એક એવો મોટા કદનો ડેટા સેન્ટરનો નવો ઓર્ડર અમારી વૃદ્ધિની સફરના મહત્વપૂર્ણ સીમાચિહ્નો દર્શાવે છે. તેમણે ઉમેર્યું હતું કે રૂા.૧૫,૦૦૦ કરોડનો સફળ QIP અમારી વ્યૂહરચના અને અમલીકરણ ક્ષમતાઓમાં મજબૂત સંસ્થાકીય વિશ્વાસને વધુ પ્રતિબિંબિત કરે છે. ભારતની માળખાગત જરૂરિયાતો જે પ્રમાણે વિસ્તરી રહી છે તેને અનુરુપ અમે વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક વ્યવસાયો બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ જેનાથી રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ આગળ વધવા સાથે અમારા બધા હિસ્સેદારો માટે કાયમી મૂલ્ય વર્ધન કરે છે.

અહેવાલના સમયમાં કુલ આવક વાર્ષિક ધોરણે ૫૦% વધીને રૂા.૩૩,૫૪૬ કરોડ થઈ હતી. જે આગળના આ ગાળામાં રૂા.૨૨,૪૩૭ કરોડ અને ગત પુરા વર્ષમાં રૂા..૧,૦૨,૯૪૩ કરોડ હતી. કરવેરા પહેલાંનો નફો રૂા. ૨,૬૪૪ કરોડના OFAC સમાધાનને બાદ કરતાં રૂા. ૧,૨૯૫ કરોડ થયો છે. જે ગત વર્ષના આ સમયમાં રૂા.૧,૪૬૬ કરોડ હતો. ગત સમગ્ર વર્ષમાં તે રૂા.૪,૩૦૯ કરોડ હતો. કર બાદનો નફો ગત વર્ષના આ ગાળામાં રુ.૮૮૫ કરોડ હતો. જે હાલ સમીક્ષાના સમય દરમિયાન રૂા..૧,૧૬૦ કરોડ થયો છે. ગત સમગ્ર વર્ષનો કર બાદનો નફો રૂા.૯,૭૪૬ કરોડ થયો હતો.

અદાણી એરપોર્ટ્સનો એબિડટા વાર્ષિક ધોરણે ૪૯% વધીને રૂ. ૧,૬૩૩ કરોડ નોંધાયો છે. આ ગાળામાં ક્ષમતામાં વધારો થતાં, કોપર વ્યવસાયે રૂ.૭૪૯ કરોડનો એબિડટા ઉમેર્યો છે. અદાણી ન્યૂ ઈન્ડસ્ટ્રીઝે ૧.૭ ગીગાવોટની નવી મોડ્યુલ લાઈન કાર્યરત કરી છે. નવી મુંબઈ એરપોર્ટે ૧૫ જુલાઈ, ૨૦૨૬ થી આંતરરાષ્ટ્રીય કામગીરી શરૂ કરી છે.

# કોંગોમાં ઈબોલા વાઈરસનો એટેક : ૫૦ના મોત

## ૧ કરોડ લોકો પર ખાદ્યનું સંકટઃ સંયુક્ત રાષ્ટ્ર ચિંતામાં



(સંપૂર્ણ સમાચાર સેવા)
**કોંગો, તા.૩૦**

ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો (DRC)માં ઈબોલા વાયરસનો પ્રકોપ ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે, જેને પગલે સંયુક્ત રાષ્ટ્ર (UN)ના બે વરિષ્ઠ અધિકારીઓએ આંતરરાષ્ટ્રીય સમુદાયને તાત્કાલિક ધોરણે રાહત પ્રયાસો વધારવા હાકલ કરી છે. કોંગોમાં આ રોગચાળો બચાવ કામગીરી કરતાં પણ વધુ ઝડપે ફેલાઈ રહ્યો છે.

યુએનના વરિષ્ઠ ઈબોલા સંયોજક જ્યુલિયન હાર્નીસ અને વિશ્વ ખાદ્ય કાર્યક્રમ (WFP)ના કાર્યકારી નિયામક કાર્લ સ્કાઉએ કોંગોના ઇતુરી પ્રાંતની રાજધાની બૂનિયાથી એક વર્ચ્યુઅલ પ્રેસ બ્રીફિંગ દરમિયાન આ ગંભીર પરિસ્થિતિ અંગે વૈશ્વિક સમુદાયનું ધ્યાન દોર્યું હતું. ઉલ્લેખનીય છે કે, બૂનિયા હાલમાં આ ઈબોલા પ્રકોપનું મુખ્ય કેન્દ્ર બનેલું છે.

અધિકારીઓએ આપેલા આંકડા મુજબ, કોંગોમાં માત્ર ૨૪ કલાકમાં ઈબોલાના કારણે ૫૦ લોકોના મોત થયા છે. અહીં દર ૨૦ દિવસે કેસની સંખ્યા બમણી થઈ રહી છે, જે બચાવ ટુકડીઓની કામગીરી કરતાં ઘણી વધારે સ્પીડથી આગળ વધી રહી છે.

WFPના નિયામક કાર્લ સ્કાઉના જણાવ્યા અનુસાર, કોંગોમાં આ અત્યાર સુધીનો સૌથી ઝડપથી ફેલાતો ઈબોલા સંકટ છે. ભૂતકાળની સરખામણી કરતા તેમણે જણાવ્યું કે, પશ્ચિમ આફ્રિકામાં જ્યારે ૧૦૦૦ લોકોના મોત માટે ૮ મહિનાનો સમય લાગ્યો હતો, તેની સામે કોંગોમાં છેલ્લા માત્ર બે મહિનામાં જ ૧૦૦૦ લોકો પોતાના જીવ ગુમાવી ચૂક્યા છે.

પૂર્વ કોંગોમાં લાંબા સમયથી ચાલી રહેલા આંતરિક સંઘર્ષને કારણે સ્થિતિ વધુ વણસી છે. હાલમાં આશરે ૧ કરોડ લોકો ખાદ્ય અસુરક્ષા અને ગંભીર સંકટનો સામનો કરી રહ્યા છે. ઈબોલાનું કેન્દ્ર ગણાતા ઈતુરી વિસ્તારમાં જ લગભગ ૨૦ લાખ લોકોને તાત્કાલિક અનાજ અને ખાદ્ય સહાયની જરૂરિયાત છે. રોગચાળો અને ભૂખમરો બંને એકસાથે આવતા સ્થાનિક નાગરિકોની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે.

યુએનના અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે, પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માટે વધુ ફંડિંગ, તબીબી સામગ્રી, મેડિકલ ટીમો અને અસરગ્રસ્ત વિસ્તારો સુધી પહોંચવાની મંજૂરી ખૂબ જ જરૂરી છે.

જ્યુલિયન હાર્નીસે વિશ્વના દેશોને તેમની સીમાઓ ખુલ્લી રાખવા વિનંતી કરી છે, જેથી રાહત કાર્યકરો અને જરૂરી તબીબી સાધનો વગર કોઈ અવરોધે કોંગો સુધી પહોંચાડી શકાય.

આ સંકટને પહોંચી વળવા માટે નાણાકીય ભંડોળની ભારે અછત વર્તાઈ રહી છે. કોંગો માટે સંયુક્ત રાષ્ટ્રની માનવતાવાદી સહાય યોજના અંતર્ગત ૨.૧ અબજ ડોલરની જરૂરિયાત છે, પરંતુ અત્યાર સુધીમાં માત્ર ૪૫ ટકા ફંડિંગ જ મળી શક્યું છે. આ ઉપરાંત, WFPને આગામી ૬ મહિનામાં કોંગોમાં માત્ર લોજિસ્ટિક્સ અને ટ્રાન્સપોર્ટેશનની કામગીરી સંભાળવા માટે જ ૭.૬ કરોડ ડોલરની તાકીદની જરૂર છે, જેમાં ખોરાકનો ખર્ચ સામેલ નથી.

### ભારતને સ્પષ્ટ અને મક્કમ પક્ષ મુક્યો

# પીઓકેને પાકિસ્તાનનું બતાવનારા અમેરિકન અખબાર પર ભડક્યું ભારત

## ભારતીય દૂતાવાસે ન્યૂયોર્ક ટાઈમ્સના હેડલાઈન અને શબ્દપ્રયોગને ભ્રામક અને ગલત ગણાવતા ફરી એકવાર ભારતનું વલણ દોહરાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૩૦**

અમેરિકન સમાચાર પત્ર 'ધ ન્યૂયોર્ક ટાઈમ્સ' દ્વારા પાકિસ્તાનના કબ્જા હેઠળના કાશ્મીરને "પાકિસ્તાની કાશ્મીર" તરીકે દર્શાવતા અહેવાલ સામે ભારતે ભારે વિરોધ નોંધાવ્યો છે.

વોશિંગ્ટન સ્થિત ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આકરો પ્રહાર કરતા સ્પષ્ટ કર્યું છે કે, "કોઈ 'પાકિસ્તાની કાશ્મીર' નથી, તે માત્ર પાકિસ્તાન દ્વારા ગેરકાયદેસર કબ્જે કરાયેલું કાશ્મીર છે."

ભારતીય દૂતાવાસે ન્યૂયોર્ક ટાઈમ્સના હેડલાઈન અને શબ્દપ્રયોગને ભ્રામક અને ગલત ગણાવતા ફરી એકવાર ભારતનું વલણ દોહરાવ્યું છે. નવી દિલ્હીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશો પહેલા પણ, આજે પણ અને હંમેશા ભારતનો અવિભાજ્ય અને અખંડ ભાગ રહેશે. આ સાથે જ ભારતે ઉમેર્યું કે પાકિસ્તાને આ વિસ્તારો પર ગેરકાયદે કબ્જો જમાવ્યો છે અને ત્યાંના સ્થાનિક લોકો સામે સતત હિંસાનો ઉપયોગ કરી રહ્યું છે.

અમેરિકન અખબારે Pokના મીરપુર વિસ્તારમાં હાલમાં જ નાગરિક અધિકારો માટે લડતા 'જોઈન્ટ આવામી એક્શન કમિટી'ના સભ્યો અને પાકિસ્તાની સુરક્ષા દળો વચ્ચે થયેલી હિંસક ઝડપ પર એક રિપોર્ટ પ્રકાશિત કર્યો હતો. આ અહેવાલમાં હિંસા દરમિયાન બે લોકોના મોત અને ચૂંટણી પ્રક્રિયા ખોરવાઈ હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. જોકે, રિપોર્ટિંગ દરમિયાન Pok ને "પાકિસ્તાની કાશ્મીર" લખાતાં જ ભારતે તેને સખત શબ્દોમાં સુધારીને કડક પ્રતિક્રિયા આપી છે.

### ડામિએટા પોર્ટ પર યુએસ ગેસ ટેન્કર પર ડ્રોન એટેક

# ઈરાન-અમેરિકા યુદ્ધની આગ ઈજિપ્ત સુધી પહોંચી

## ડામિએટા પોર્ટ પર આ ઘટના એવા સમયે બની છે જ્યારે મિડલ ઈસ્ટમાં ચારેય તરફથી હુમલા વધી રહ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૩૦**

મિડલ ઈસ્ટમાં ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલું યુદ્ધ હવે એક નવો અને અત્યંત ખતરનાક વળાંક લઈ રહ્યું છે. અત્યાર સુધી ફારસની ખાડી સુધી સીમિત રહેલો આ સંઘર્ષ હવે ભૂમધ્ય સાગર અને ઈજિપ્તના મુખ્ય ઊર્જા કેન્દ્રો સુધી વિસ્તરી રહ્યો છે.

બુધવારે ઈજિપ્તના વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ડામિએટા પોર્ટ પર ઊભેલા એક અમેરિકન ગેસ ટેન્કર પર ડ્રોનથી હુમલો કરવામાં આવ્યો હતો, જેના પછી ત્યાં ભયાનક વિસ્ફોટ થયો હતો અને વિકરાળ આગ ફાટી નીકળી હતી. બ્રિટિશ મરીન સિક્યુરિટી ફર્મ 'એમ્બ્રે' અનુસાર, આ હુમલો અમેરિકન માલિકીના 'એનર્જોસ વિન્ટર' નામના ફ્લોટિંગ સ્ટોરેજ ટેન્કર પર થયો હતો. વિસ્ફોટ એટલો જોરદાર હતો કે આગ નજીકમાં જ ઊભેલા અન્ય LNG વાહક 'ગેસલાગ સેલમ' અને એક ટગબોટ સુધી ફેલાઈ ગઈ હતી. ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો અને જહાજમાંથી તમામ નાવિકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઘટનામાં સદ્નસીબે કોઈ જાનહાની થઈ નથી.

નોંધનીય છે કે, 'એનર્જોસ વિન્ટર' એક સામાન્ય ટેન્કર નથી પરંતુ FSRU (ફ્લોટિંગ સ્ટોરેજ એન્ડ રિગેસિફિકેશન યુનિટ) છે, જેની LNG સંગ્રહ ક્ષમતા આશરે 1,38,250 ઘન મીટર છે. ઈજિપ્તના પેટ્રોલિયમ મંત્રાલયે આગ પર કાબૂ મેળવ્યાની પુષ્ટિ કરી છે પરંતુ ડ્રોન હુમલાના દાવા પર મૌન સેવ્યું છે.

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની આકરી ધમકીઃ આ ઘટના બાદ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સામે ફરીથી કડક સૈન્ય કાર્યવાહી કરવાની ખુલ્લી ધમકી આપી છે.

ઓવલ ઓફિસમાં પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે જણાવ્યું હતું કે, "અમેરિકા ઈરાન પર ખૂબ જ જોરદાર પ્રહાર કરશે અને હવે ઈરાન પર હુમલો કરવાનો અમારો વારો છે. તેઓ જાણે છે કે આ આવી રહ્યું છે." આ ઉપરાંત ટ્રમ્પે રશિયા પર પ્રસ્તાવિત પ્રતિબંધ વિધેયકમાં ઈરાન પર પણ ભારે ટેરિફ લાદવાની વકાલત કરી હતી, જેથી કાયદો વધુ મજબૂત બને. ડામિએટા પોર્ટ પર આ ઘટના એવા સમયે બની છે જ્યારે મિડલ ઈસ્ટમાં ચારેય તરફથી હુમલા વધી રહ્યા છે. આ ઘટનાના થોડા કલાકો પહેલા જ અમેરિકા અને સાઉદી અરેબિયાએ ઈરાક સ્થિત ઈરાન સમર્થિત 'પોપ્યુલર મોબિલાઈઝેશન ફોર્સિસ'ના ઠેકાણાઓ પર સંયુક્ત એરસ્ટ્રાઈક કરી હતી. ઈરાને પણ જોર્ડનમાં અમેરિકન સૈન્ય બેઝ પર બેલિસ્ટિક મિસાઈલો દાગી હોવાનો દાવો કર્યો હતો અને હોર્મુઝની ખાડીમાંથી પસાર થતા જહાજોને નિશાન બનાવવાની ધમકી આપી હતી.

# જાપાનમાં શક્તિશાળી ભૂકંપ બાદ એઓન મોલમાં ભીષણ બ્લાસ્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ટોક્યો, તા.૩૦**

જાપાનમાં મંગળવારે ૭.૧ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપ આવ્યાની થોડા સમય પછી ભૂકંપના ઝટકાના કારણે કાશિમા ટાઉનમાં આવેલા એઓન મોલ કુમામોટોમાં ભીષણ બ્લાસ્ટ થયો હતો.

આ બ્લાસ્ટ થયો ત્યારે મોટા ભાગના લોકોને તો સુરક્ષિત બહાર કાઢી દેવામાં આવ્યાં હતા, પરંતુ કેટલાક લોકો અંદર ફસાઈ ગયાં હોવાનું મોલના એક રિટેલરે જણાવ્યું હતું. ચાલો જાણીએ ભૂકંપ બાદ અત્યારે ત્યાની સ્થિતિ કેવી છે?

જાપાનના સ્થાનિક મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે આ બ્લાસ્ટ થયો તેના કારણે કેટલાક લોકોના મોતની પણ આશંકા છે. તંત્ર દ્વારા અત્યારે રાહત અને બચાવ કામગીરી કરવામાં આવી રહી છે.

મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે વિસ્ફોટના કારણે આ મોલમાં બીજા માળનો એક ભાગ સંપૂર્ણ રીતે ધરાશાયી થઈ ગયો હતો. તેમાં કેટલાક લોકો નીચે કાટમાળમાં દટાયા હોઈ શકે છે.

આ સમગ્ર મામલે વિગતો આપતા ફાયર વિભાગે જણાવ્યું કે, "કાશિમા શહેરમાં એક શોપિંગ કોમ્પ્લેક્સનો બીજો માળ ધરાશાયી થયો હતો, જેના કારણે ઘણા લોકો અંદર ફસાયા હતા."


પોલીસે અગાઉ જણાવ્યું હતું કે, તેમને કુમામોટો પ્રદેશમાં એઓન મોલ આઉટલેટમાં વિસ્ફોટ જેવો અવાજ આવ્યો હોવાના અહેવાલો મળ્યા હતા. જેથી રાહત અને બચાવકાર્ય અત્યારે ચાલી રહ્યું છે. જો કે, કેટલા લોકોના મોત થયા અને કેટલા લોકો ઘાયલ થયા તેનો કોઈ ચોક્કસ આંકડો હજી સુધી જાહેર કરવામાં આવ્યો નથી.

ભૂકંપની વાત કરવામાં આવે તો, જાપાનના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારમાં ૭.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ ક્યૂશૂ દ્વીપ પર આવેલ કુમામોટો પ્રાંત પાસે ૧૦ કિમી નીચે જમીનમાં નોંધાયું હતું. આ વિસ્તાર મધ્ય ટોક્યોથી આશરે ૯૦૦ કિમી દૂર આવેલું છે. ભૂકંપ પછી સરકાર દ્વારા નાની સુનામીની પણ ચેતવણી જાહેર કરવામાં આવી હતી.




### રણબીર કપૂરની આ બીજી મોટી ફિલ્મ છે

# લવ એન્ડ વોરના પ્રમોશન માટે ટીઝર કે મોશન પોસ્ટર નહિ બને




**સંજય લીલા ભણશાળી તેમની આગામી મહત્વાકાંક્ષી ફિલ્મ 'લવ એન્ડ વોર'ના પ્રમોશન માટે ઇમર્સિવ એક્સપરિયન્સની તૈયારી કરી રહ્યા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

સામાન્ય રીતે ફિલ્મની જાહેરાત કરવામાં આવે ત્યારે ફિલ્મનું પોસ્ટર કે ટીઝર રીલિઝ કરવામાં આવે છે. પરંતુ સંજય લીલા ભણશાળી તેમની આગામી મહત્વાકાંક્ષી ફિલ્મ 'લવ એન્ડ વોર'ના પ્રમોશન માટે ઈમર્સિવ એક્સપરિયન્સની તૈયારી કરી રહ્યા છે. ભણશાળી તેમની ફિલ્મના માહોલનો પરિચય દર્શકોને કરાવી તેમને થિયેટર્સમાં આકર્ષવાનો નવતર પ્રયાસ કરશે.

'લવ એન્ડ વોર'માં રણબીરકપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલ મુખ્ય ભૂમિકાઓમાં જોવા મળશે.

આ પિરિયડ ડ્રામાને નિર્દેશક સંજય લીલા ભણશાળી એક ખાસ રીતે દર્શકો સમક્ષ રજૂ કરવા માંગે છે. તેઓ ફિલ્મનું ટીઝર કે પ્રમોશનલ વિડિયો રજૂ કરવાને બદલે અલગ જ માહોલ રચી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.

રણબીર કપૂરની આ બીજી મોટી ફિલ્મ છે. 'રામાયણ ભાગ વન'ના ટ્રેલરની ઉત્કંઠાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે. હવે સંજય લીલા ભણશાળીની પિરિયડ ફિલ્મનો ઈમર્સિવ એક્સપરિયન્સ રજૂ થવા સાથે રણબીરનું નામ વધારે ગાજવા લાગશે.

## ટીવી ઈન્ડસ્ટ્રીની અભિનેત્રી નિયા શર્મા બોયફ્રેન્ડ સાથે મોજ કરતી જોવા મળી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

ઈન્ડસ્ટ્રીની સૌથી હોટ એક્ટ્રેસમાંથી એક નિયા શર્મા હંમેશા તેની ફેશન સેન્સ અને બોલ્ડનેસ માટે જાણીતી છે. તે હાલમાં માલદીવમાં વેકેશન એન્જોય કરી રહી છે. તેણે સોશિયલ મીડિયા પર એવા ફોટા શૅર કર્યા છે જેને ચાહકો તરફથી અપાર પ્રેમ મળી રહ્યો છે, દરેક શોટમાં તેની બોલ્ડ સ્ટાઈલ સ્પષ્ટ દેખાય છે. આ વખતે તેના કથિત બોયફ્રેન્ડ, સિકંદર સિંહની હાજરીએ સૌને ચોંકાવી દીધા છે. જોકે બંનેમાંથી કોઈએ પણ સંબંધની પુષ્ટિ કરી નથી, અફવાઓ સૂચવે છે કે સિકંદર સિંહ નિયાનો બોયફ્રેન્ડ છે. આ ફોટામાં નિયા શર્માને સફેદ મોનોકિની પહેરેલી જોવા મળી છે. આગળના ભાગમાં પ્લંગિંગ કટ-આઉટ ડિઝાઈન તેના દેખાવને ખૂબ જ બોલ્ડ અને ગ્લેમરસ ટચ આપવામાં આવ્યો છે. પોતાના લૂકને વધારે એક્ટ્રેક્ટિવ બનાવવા માટે નિયાએ પર્લચેઈન પહેરી છે. જે તેની નેકલાઈનની સુંદરતામાં નોંધપાત્ર વધારો કરે છે.

નિયા બીચ રેતી પર સૂતી વખતે અતિ મનમોહક લાગી રહી છે, 'ભીના વાળ' વાળવાળો લુક એની સુંદરમાં ઔર વધારો કરે છે. કેટલાક ફોટામાં ક્લાસિક બ્લેક-એન્ડ-વ્હાઈટ સ્ટાઈલમાં જોવા મળી છે, જ્યારે અન્યમાં સૂર્યના સોનેરી કિરણો વચ્ચે બીચ પર પોઝ આપતી દેખાય છે. એક તસવીરમાં, બંને સાથે ડ્રિંક્સનો આનંદ માણતા જોવા મળે છે, જ્યારે બીજામાં સિકંદર નિયાનો હાથ પકડીને કેમેરા માટે પોઝ આપી રહ્યો છે. તેઓ માલદીવ રિસોર્ટના સ્ટાફ સાથે પોઝ આપતા જોવા મળે છે જ્યાં તેઓ વેકેશન માણી રહ્યા હતા.

આ ફોટો પર ૭૫ હજારીથી વધારે લાઈક્સ મળી ચૂકી છે. આવું પહેલીવાર નથી, આ પહેલા પણ તે પોતાના એકથી એક બેસ્ટ બોલ્ડ પોઝ શૅર કરી ચૂકી છે. જેમાં તેનું પર્ફેક્ટ બિકીની ફીગર સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. આ વખતેના ફોટોશુટમાં સૌથી વધારે ચર્ચા તેની વ્હાઈટ મોનોકિની અને તેના ફીગરની થઈ રહી છે. ફેન્સે તેના કોમેન્ટ બોક્સમાં હાર્ટ અને ફાયર વાળા ઈમોજીનો ઢગલો કરી દીધો હતો. તેની ઈન્સ્ટાગ્રામ વોલ પરથી એકથી એક બોસ્ટ બોલ્ડ અંદાજ જોઈ શકાય છે. મોટાભાગના ફોટોઝ પર ફેન્સનો સારો એવો રિસપોન્સ મળી રહ્યો છે. મોટાભાગના ફોટો પર ૫૦ હજારથી વધારે લાઈક્સ આવી ચૂકી છે.

### બોયફ્રેન્ડે ફેંક્યો પડકાર!

# શ્વેતા તિવારીને લઈને પૂર્વ પતિએ કર્યો મોટો દાવો!

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

હંમેશાં પોતાની પર્સનલ લાઈફને લઈને અથવા તો ફિટનેસ-ફીગરને લઈ ચર્ચામાં રહેતી ટીવી એક્ટ્રેસ શ્વેતા તિવારીનું નામ ફરી ચર્ચામાં છે. પૂર્વ પતિ રાજા ચૌધરીએ બેવફાઈ કરી હોવાનો શ્વેતા પર આરોપ મૂક્યો છે. રાજાનો દાવો છે કે, તે કો-સ્ટાર સેઝાન ખાન સહિત અનેક એવા લોકો સાથે અફેરમાં હતી. ટીવી એક્ટ્રેસ શ્વેતા તિવારી પર એના પૂર્વ પતિ રાજા ચૌધરીએ આરોપ મૂક્યો છે. એક સમયે રાજા ચૌધરી સાથે શ્વેતાનું નામ ચર્ચામાં હતું. વર્ષ ૨૦૦૭માં તેઓ એકબીજાથી અલગ થઈ ગયા હતા. વર્ષ ૨૦૧૨માં એમના સત્તાવાર છૂટાછેડા થઈ ગયા બાદ હવે વર્ષો પછી રાજા ચૌધરીએ એક ખાસ મુલાકાતમાં પોતાની અંગત જિંદગીના સિક્રેટ ખોલ્યા હતા. લગ્નજીવન, શ્વેતા સાથેના રિલેશનશિપના વિવાદ અને પોતાના કેટલાક પારિવારિક સંબંધો પર તેમણે દિલ ખોલીને વાત કરી હતી. આ તમામ વિષયો પર તેમણે ચોંકાવનારા ખુલાસા કર્યા હતા. રાજા ચૌધરીએ એક ખાસ મુલાકાતમાં શ્વેતા તિવારી પર છેત્તરપિંડી કરવાનો, અનેક એવા અફેર્સનો તથા દીકરી પલકથી પોતાનો દૂર કરવાનો ગંભીર આરોપ મૂક્યો છે. ટીવી શૉના ઓડિશન વખતે રાજા ચૌધરી અને શ્વેતા તિવારી વચ્ચે પહેલીવાર મુલાકાત થઈ હતી.

રાજાના જણાવ્યા અનુસાર બન્ને વચ્ચે પહેલી મુલાકાત બાદ એક ઊંડું કનેક્શન જોવા મળ્યું હતું. રિલેશનશિપની શરૂઆત એકબીજાને પામી લેવાની હોડથી શરૂ થઈ ન હતી. વર્ષ ૧૯૯૯માં બન્નેએ લગ્ન કર્યા, લગ્ન બાદના વર્ષોમાં એક દીકરી પલકનો જન્મ થયો, રાજાએ શ્વેતાના કરિયરને સંપૂર્ણ રીતે સપોર્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો. રાજાએ ઉમેર્યું કે, મારા મનમાં ક્યારેય કોઈ મેલ ઈગો નહોતો. શ્વેતાને સેટ પર મૂકવા અને લેવા માટે પણ જતો. જ્યારે એને જરૂરિયાત હતી. હું હંમેશાં એમની સાથે ઊભો રહ્યો છું. જ્યારે શ્વેતાને પોતાના એક્ટિંગ કરિયરમાં સારી એવી સફળતા પ્રાપ્ત થઈ એ સમયે રાજાએ ઘર અને પરિવારની જવાબદારી સંભાળી, રાજાએ જણાવ્યા અનુસાર પરિવારને સંભાળવા માટે ખુદને એક રીતે હોમમેકર્સ બનાવી કામ કર્યું હતું. પણ સમય આગળ વધતા કેટલીક વસ્તુઓ બગડવા લાગી હતી.

રાજાએ આરોપ લગાવ્યો હતો કે, શ્વેતાની માતા એમની સાથે રહેવા આવ્યા બાદ ઘરમાં વિવાદ અને ખોટી વાર્તાઓ વધતી ગઈ. શ્વેતાની માતાએ અમારી વચ્ચેની તિરાડને પહોળી કરવામાં મોટી ભૂમિકા ભજવી છે. એ જ શ્વેતાને સવાલ કરતી હતી કે, જ્યારે હવે પોતાની ઓળખ બનાવી જ લીધી છે અને ઈન્ડસ્ટ્રીમાં સ્થાન જમાવી લીધું છે તો પછી હવે રાજાની જરૂર શું છે. રાજાએ કહ્યું કે, તે પરિવાર માટે ગાડીઓ ખરીદતા અને ઘરનો અન્ય સામાન પણ પોતાની આવકમાંથી જ ખર્ચતા હતા. પણ પછી એવો અહેસાસ કરાવવામાં આવ્યો કે, તે એક અનપેઈડ ડ્રાઈવર અને ૨૪ કલાક હાઉસ હેલ્પર તરીકે જ છે.

# અભિષેક બચ્ચન સાથે સગાઈ તૂટ્યા પછી કરિશ્મા કપૂરે શું કર્યું હતું? : ફિલ્મમેકરે કર્યો ખુલાસો

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

બિગ બીના પુત્ર અભિષેક બચ્ચન ફિલ્મક્ષેત્રે પણ ચર્ચામાં રહ્યા છે, પરંતુ ફિલ્મ સાથે તેઓ અંગત જીવનમાં પણ ખૂબ ચર્ચામા રહે છે. અભિષેક બચ્ચન સાથે સગાઈ તૂટ્યા બાદ કરિશ્મા કપૂરે શું કર્યું હતું તે અંગે ફિલ્મ નિર્માતા સુનિલ દર્શને મોટો ખુલાસો કર્યો છે. ફિલ્મમેકર સુનિલ દર્શને એક ઈન્ટરવ્યૂ દરમિયાન બોલિવૂડના ચર્ચિત બ્રેકઅપમાંથી એક વિશે વાત કરતા જણાવ્યું હતું કે, જ્યારે અભિષેક બચ્ચન સાથે કરિશ્મા કપૂરની સગાઈ તૂટી ત્યારે તે કરિશ્માના ઘરે જ હાજર હતા. તેમણે એ વાત પણ સ્વીકારી હતી કે મને ક્યારેય સમજાયું જ નહીં કે આ ઘટના બાદ ઝડપથી કરિશ્માએ બિઝનેસમેન સંજય કપૂર સાથે લગ્ન કરી લીધા હતા.

એક ઈન્ટરવ્યૂની વાતચીત દરમિયાન સુનિલ દર્શને યાદ કર્યું હતું કે, કરિશ્માના જીવનના એ સમયમાં તે તેમના ખૂબ નજીક રહ્યા હતા. 'જાનવર', 'હા મેને ભી પ્યાર કિયા', 'એક રિશ્તાઃ ધ બોન્ડ ઓફ લવ' જેવી ફિલ્મોમાં તેમણે સાથે કામ કર્યું, દર્શને કહ્યું કે, તેણે અભિષેક સાથે કરિશ્માના સબંધોને સમય સાથે આગળ વધતા જોયું હતું.

દર્શનના જણાવ્યા અનુસાર જ્યારે 'હા મેને ભી પ્યાર કિયા' ફિલ્મની તૈયારી થઈ રહી હતી. ત્યાં સુધીમા આ કપલ લગ્ન કરવાનું નક્કી કરી ચુક્યુ હતું. તેણે કહ્યું કે, 'તેમનો સબંધ 'એક સબંધ' શરૂ થતા પહેલા જ બની ગયો હતો અને સમય સાથે વધુ ગાઢ બની ગયો હતો. જ્યારે મેં 'હા મૈંને ભી પ્યાર કિયા' ફિલ્મની તૈયારી કરી, ત્યારે એવું નક્કી થઈ ગયું હતું કે તેઓ પરણશે. તેઓ એક આકર્ષક જોડી હતા. અમિતાભ બચ્ચનના દીકરા અને રાજ કપૂરની પૌત્રી અજીબ વાત એ છે કે તેમની સાથે કામ કરવા માટે થઈને મેં 'હા મેને ભી પ્યાર કિયા' ફિલ્મ લખી હતી.' દર્શને તે દિવસને યાદ કર્યો જ્યારે તેની સગાઈ તૂટી હતી. તેણે કહ્યું કે, 'સંયોગથી જ્યારે સગાઈ તૂટી ત્યારે હું કરિશ્માના ઘરે જ હાજર હતો. દુઃખ છે કે તેમના લગ્ન ન થયા. મને નથી લાગતું કે ત્યારબાદ જે પ્રતિક્રિયા થઈ કે જે ભાવનાત્મક ઉથલપાથલ મચી, તે કોઈ સમજી શકે છે ત્યાર બાદ તે નવા વર્ષની ઉજવણી કરવા માટે બેંગકોક જતી રહી અને મને અચાનક ખબર પડી કે તે સંજય સાથે લગ્ન કરવાની છે. મને આ નિર્ણય સમજાયો નહોતો.'

કરિશ્મા કપૂર અને અભિષેક બચ્ચનના અલગ થવાના કારણોને લઈને વર્ષોથી જુદી જુદી અટકળો લગાવવામાં આવી રહી છે, પરંતુ લોકોનું એવું માનવું છે કે તેના માટે કોઈને દોષી માનવું જોઈએ નહીં. તેણે કહ્યું કે, સબંધો જટિલ હોય છે, બહારના લોકો ક્યારેય બે લોકો વચ્ચેના છૂટા પડ્યાના તણાવને સમજી શકતા નથી. તેણે કહ્યું કે, 'લોકો બબીતાજી, જયાજી, કરિશ્મા કે અભિષેકને દોષ આપે છે, પરંતુ મને લાગે છે કે આ વાતો ભાગ્ય પર છોડવી જોઈએ. તેમનો સબંધ ઘણા ઉત્તર-ચઢાવવાળો રહ્યો હતો.

ભારે વરસાદ અને વાવાઝોડાની આગાહીને પગલે

# નવસારીના મેંધર અને ભાટ ગામના ઝીંગા તળાવોમાં તંત્રએ સંયુક્ત મુલાકાત લીધી



-તસવીર: દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી (વંકાલ), તા.૩૦**

નવસારી જિલ્લામાં ભારે વરસાદ અને વાવાઝોડાની આગાહીને ધ્યાનમાં રાખી જનહિત અને જાનમાલની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતાં મેંધર અને ભાટ ગામ ખાતે પોલીસ વિભાગ તથા ફિશરીઝ વિભાગના અધિકારીઓ દ્વારા સંયુક્ત મુલાકાત લેવામાં આવી હતી.

**ઝીંગા તળાવના માલિકોને તાત્કાલિક સલામત સ્થળે ખસી જવા અને તળાવોની કામગીરી બંધ રાખવા સૂચના**

મુલાકાત દરમિયાન ઝીંગા તળાવોના માલિકો અને સંચાલકો સાથે ચર્ચા કરી હવામાન વિભાગની આગાહીને ધ્યાનમાં રાખીને કોઈપણ પ્રકારનું જોખમ ના લેવા અપીલ કરવામાં આવી હતી. તંત્ર દ્વારા તમામને તાત્કાલિક સલામત સ્થળે સ્થળાંતર કરવા તેમજ આગામી સૂચના સુધી તમામ ઝીંગા તળાવોની કામગીરી સંપૂર્ણપણે બંધ રાખવા સૂચના આપવામાં આવી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, ભારે વરસાદ, પવન અને સંભવિત જળભરાવને કારણે જોખમી વિસ્તારામાં રોકાવું હિતાવહ નથી. તમામ સંચાલકાને સ્થાનિક વહીવટી તંત્રની સૂચનાઓનું પાલન કરવા, અફવાઓથી દૂર રહેવા તેમજ કોઈપણ આપત્તિજનક પરિસ્થિતિમાં તાત્કાલિક પોલીસ અથવા સ્થાનિક વહીવટી તંત્રનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ધરમપુર એસટી ડેપોને વધુ ૬ નવી મીની બસ ફાળવાઈ: ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે લીલી ઝંડી બતાવી, મુસાફરોમાં ખુશીની લહેર

**કુલ ૧૦ નવી બસો ફાળવવામાં આવશે, આગામી દિવસમાં વધુ ચાર બસ મળતા કનેક્ટિવિટી વધશે: ધારાસભ્ય**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૩૦**

વલસાડ જિલ્લાના આદિવાસી વિસ્તાર ધરમપુર તાલુકામાં એસટી બસની કનેક્ટિવિટી વધે તે માટે ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ દ્વારા વધારાની બસો ફાળવવા માટે રજૂઆત કરતા રાજ્ય સરકાર દ્વારા નવી ૬ મીની બસ ફાળવવામાં આવતા આજે ગુરૂવારે ધરમપુર બસ ડેપો ખાતે ૬ નવી મીની બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે મુસાફર જનતાને સંબોધી જણાવ્યું કે, આ નવી બસોના પ્રારંભથી તાલુકાના ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોના નાગરિકોને વધુ સુવિધાજનક, સુરક્ષિત અને સરળ જાહેર પરિવહનની સેવા ઉપલબ્ધ બનશે, જેના કારણે દૈનિક અવરજવર તેમજ શિક્ષણ, રોજગાર અને આરોગ્ય જેવી જરૂરી સેવાઓ સુધી પહોંચ વધુ સરળ બનશે. રાજ્ય સરકાર દ્વારા કુલ ૧૦ મીની બસ ફાળવવામાં આવનાર છે. હજુ ૪ બસ આગામી દિવસોમાં ફાળવાશે. જેથી વિદ્યાર્થીઓ અને નોકરીયાતોને ફાયદો થશે.

ધરમપુર ડેપો મેનેજર ભૂમિકા પટેલે જણાવ્યું કે, નવી ફાળવાયેલા આ મીની બસો સાંકડા રસ્તા અને ડુંગરાળ વિસ્તારમાં પણ સુગમતા સાથે સેવા આપશે. જાહેર પરિવહન વ્યવસ્થાને વધુ સશક્ત બનાવવા માટે અને જનસુવિધામાં વધારો કરવા માટે રાજ્ય સરકારનું આ એક મહત્વપૂર્ણ પગલું છે. આ મીની બસમાં કુલ ૩૫ સીટ છે. નવી ફાળવાયેલા આ બસો સાથે હવે ધરમપુર એસટી ડેપો પાસે કુલ ૬૬ એસટી બસોનું બળ થયું છે. જેનાથી ઉત્તમ સેવા મુસાફર જનતાને આપી શકાશે.

# વલસાડના કાંઠા વિસ્તારમાં મીઠા અગરિયાઓને થયેલા નુકસાન અંગે ધારાસભ્ય ભરતભાઈ પટેલે કરી મુલાકાત



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૩૦**

વલસાડ તાલુકાના કાંઠા વિસ્તારમાં અતિ ભારે વરસાદ અને પૂરના કારણે મીઠા અગરિયાઓને થયેલા નુકસાન અંગે ધારાસભ્ય ભરતભાઈ પટેલ દ્વારા સ્થાનિક અગરિયાઓ સાથે ભાગલ ગામની સ્થળ મુલાકાત કરવામાં આવી હતી.

મુલાકાત દરમિયાન અગરિયાઓ પાસેથી તેમની સમસ્યાઓ, તેમને થયેલું નુકસાન તેમજ તેમને પડતી મુશ્કેલીઓ અંગે વિગતવાર માહિતી મેળવવામાં આવી હતી.

અગરિયાઓને થયેલા નુકસાનનું યોગ્ય સર્વેક્ષણ કરી તેમને જરૂરી સહાય અને રાહત મળે તે માટે સરકાર સમક્ષ સતત રજૂઆત કરવામાં આવી રહી છે. વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલે જણાવ્યું કે, અગરિયા સમાજના હિત અને તેમના પ્રશ્નોના નિરાકરણ માટે સરકાર ગંભીર છે.

અગરિયાઓને મુશ્કેલીના સમયમાં એકલા છોડવામાં નહીં આવે અને તેમને યોગ્ય સહાય મળે તે માટે જરૂરી તમામ પ્રયાસો કરવામાં આવશે. રાજ્ય સરકાર હંમેશા અગરિયા સમાજની સાથે ઉભી છે અને તેમના હિત માટે સતત પ્રયત્નશીલ રહેશે. આ અંગે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી અને મીઠા ઉદ્યોગ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી જયરામ ગામીતને પણ વિસ્તૃત રજૂઆત કરવામાં આવી છે. જેથી આગામી દિવસોમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સર્વે કરી વળતર આપવામાં આવે તે માટેના પ્રયત્ન ચાલુ છે.

# વલસાડમાં પતિના લગ્નબાહ્ય સંબંધના કારણે સર્જાયેલ પારિવારિક વિવાદનો અભયમ મહિલા હેલ્પલાઈનના હસ્તક્ષેપથી સુખદ અંત

**અસરકારક કાઉન્સેલિંગ, કાયદાકીય માર્ગદર્શન અને બાળકના શ્રેષ્ઠ હિતને પ્રાધાન્ય આપી દંપતી વચ્ચે કરાવ્યું સમાધાન: પતિએ વૈવાહિક જવાબદારીઓ નિભાવવાની ખાતરી આપતા પત્નીએ પણ કાયદાકીય કાર્યવાહીનું માંડી વાળ્યું**




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૩૦**

વલસાડ જિલ્લામાં રહેતી એક પરિણીત મહિલાએ પોતાના પતિના લગ્નબાહ્ય સંબંધ, ઘરેલુ વિવાદ, મારઝૂડ તથા પરિવાર પ્રત્યેની બેદરકારીના કારણે માનસિક તણાવ અનુભવતા મદદ માટે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. માહિતી મળતાની સાથે જ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનની ટીમે તાત્કાલિક હસ્તક્ષેપ કરી પીડિતા સાથે વિશ્વાસપૂર્વક વાતચીત કરી સમગ્ર ઘટનાની વિગત જાણી હતી. ત્યારબાદ બંને પક્ષોની અલગ-અલગ રજૂઆત સાંભળી નિષ્પક્ષ રીતે હકીકતો સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

પીડિતાના જણાવ્યા મુજબ, તેમના પ્રેમલગ્ન થયા છે અને તેમને ત્રણ વર્ષનો એક પુત્ર છે. તેમના પતિ ખાનગી કંપનીમાં નોકરી કરે છે. છેલ્લા ત્રણથી ચાર મહિનાથી તેઓ વારંવાર મંદિર જવાના બહાને ઘરેથી નીકળી જતા અને મોડી રાત્રે ઘરે પરત આવતા હતા. શંકા જતાં પીડિતા એક દિવસ તેમની સાથે ગઈ હતી, જ્યાં પતિએ એક મહિલાની ઓળખાણ કરાવી હતી. થોડા સમય બાદ તે મહિલા પીડિતાના ઘરે પણ આવી હતી. ત્યારબાદ પીડિતાએ પતિના મોબાઈલ ફોનમાં બંને વચ્ચે થયેલી વાતચીત તથા સાથે ફરવા ગયાના ફોટોગ્રાફ્સ જોયા હતા. આ અંગે પૂછપરછ કરતાં પતિ ઉશ્કેરાઈ જતા, પીડિતા સાથે મારઝૂડ કરતા તેમજ ઘરખર્ચ અને બાળકની જવાબદારી યોગ્ય રીતે નિભાવતા ન હતા. બાળકના ઉછેરનો મોટાભાગનો ખર્ચ સસરા ઉઠાવતા હોવાથી પીડિતા સતત માનસિક, ભાવનાત્મક અને આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહી હતી.

પરિસ્થિતિની ગંભીરતા સમજી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની ટીમે બંને પક્ષોનું સંવેદનશીલતા, ધીરજ અને નિષ્પક્ષતા સાથે વિસ્તૃત કાઉન્સેલિંગ કર્યું હતું. ટીમે પતિને સમજાવ્યું કે, વૈવાહિક જીવન વિશ્વાસ, પરસ્પર સન્માન, જવાબદારી અને પારદર્શિતા પર આધારિત છે. લગ્નબાહ્ય સંબંધો માત્ર દંપતી વચ્ચેના વિશ્વાસને જ નહીં, પરંતુ સમગ્ર પરિવારના સુખ, બાળકના માનસિક વિકાસ અને ભવિષ્યને પણ અસર કરે છે.

ટીમ દ્વારા પતિને વધુમાં સમજાવવામાં આવ્યું કે, પત્ની પર શારીરિક, માનસિક કે આર્થિક અત્યાચાર કરવો અથવા હેરાનગતિ પહોંચાડવી કાયદાકીય રીતે ગંભીર બાબત છે. મહિલાઓને ઘરેલુ હિંસા અને હેરાનગતિ સામે કાયદાકીય રક્ષણ મેળવવાનો અધિકાર છે તેમજ જરૂરિયાત ઊભી થાય તો તેઓ પોલીસ, મહિલા સુરક્ષા સંબંધિત સેવાઓ તથા અન્ય કાયદાકીય સહાય મેળવી શકે છે. સાથે જ પીડિતાને પણ તેના કાનૂની અધિકારો, ઉપલબ્ધ સહાય સેવાઓ તથા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન દ્વારા મળતી કાઉન્સેલિંગ અને માર્ગદર્શન સેવાઓ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

અભયમ મહિલા હેલ્પલાઈનની અસરકારક સમજાવટ બાદ પતિએ પોતાની ભૂલનો સ્વીકાર કર્યો હતો. તેમણે લગ્નબાહ્ય સંબંધનો અંત લાવવાની, પત્ની સાથે વિશ્વાસપૂર્વક દામ્પત્ય જીવન જીવવાની, ઘરખર્ચ અને બાળકની સંપૂર્ણ જવાબદારી નિભાવવાની તેમજ ભવિષ્યમાં કોઈપણ પ્રકારની મારઝૂડ, ઝઘડો કે માનસિક હેરાનગતિ નહીં કરે તેવી ખાતરી આપી હતી. ટીમે બંને પક્ષોને બાળકના શ્રેષ્ઠ હિતને કેન્દ્રમાં રાખીને પરસ્પર સમજણ, સંવાદ અને વિશ્વાસ સાથે જીવન આગળ વધારવા પ્રેરિત કર્યા હતા.

૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનના સમયસરના હસ્તક્ષેપ, અસરકારક કાઉન્સેલિંગ, કાયદાકીય માર્ગદર્શન અને પરિવાર કેન્દ્રિત અભિગમના પરિણામે દંપતી વચ્ચે સફળતાપૂર્વક સમાધાન થયું અને પારિવારિક જીવનને નવી દિશા મળી હતી. પીડિતાએ હાલ કોઈ કાયદાકીય કાર્યવાહી કરવાની ઈચ્છા ન હોવાનું જણાવી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની કામગીરી બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# કપરાડા-નાનાપોંઢાના ગામોમાં પુરગ્રસ્તોને શૌર્ય રક્ષા ટ્રસ્ટ દ્વારા રાશન-કપડાનું વિતરણ કરાયું



**સબ હેડ જીજાઉ મહિલા સંગઠન સાથે સંયુક્ત સેવા કાર્ય: સેંકડો જરૂરીયાતમંદ પરિવારોને મળી મદદ**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૩૦**

વલસાડ જિલ્લામાં તાજેતરમાં આવેલા પૂરથી પ્રભાવિત પરિવારાને મદદરૂપ થવા માટે વાપીની શૌર્ય રક્ષા ચેરિટેબલ ટ્રસ્ટ અને જીજાઉ મહિલા સંગઠન તેમજ સંજયભાઈ શિંદે ટીમના સંયુક્ત પ્રયાસથી રાહત સામગ્રી એકત્ર કરીને વિતરણ કરવામાં આવી રહી છે.

આ સેવા કાર્ય અંતર્ગત આજે પૂરગ્રસ્ત વિસ્તારામાં જરૂરતમંદ પરિવારોને રાશન, રસોડાના વાસણો અને કપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આયોજકોએ આ સેવા કાર્યને સફળ બનાવવા માટે તમામ સહયોગીઓ, સ્વયંસેવકો અને દાનદાતાઓનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. તેમના સહયોગથી જ મોટી સંખ્યામાં પરિવારો સુધી મદદ પહોંચાડી શકાઈ. આ સેવા કાર્યમાં રામચંદ્ર તાત, અંતેશ્વર બિરાદર, હનુમંત રાઉત, ધનંજય જાધવ, રાજેશ ચૌહાણ અને કુશલભાઈ વડુ, એક્સ પેરા મિલિટ્રી સહિતના અગ્રણીઓ જોડાયા હતા. તો શૌર્યરક્ષા ચેરિટેબલ ટ્રસ્ટના સંસ્થાપક શ્રીમતી અશ્વિની રાણે, શ્રીમતી સંપદા સિંકર, શ્રી પ્રદીપ સિંકર, શ્રીમતી પ્રિયંકા, શ્રીમતી વંદના ચૌધરી, જીજાઉ મહિલા સંગઠનના શ્રીમતી માયાતાઈ શિંદે અને શ્રીમતી દીપા તાઈ સોનવણેના નેતૃત્વમાં મહિલાઓએ પણ આ સેવાકાર્યમાં સક્રિય ભાગ લીધો હતો.

ટ્રસ્ટ અને સંગઠનના સંયુક્ત ઉપક્રમે નાનાપોંઢાના, વડખંભા, બાબર ખડક સહિત અનેક પૂરગ્રસ્ત ગામોમાં જરૂરતમંદ પરિવારોને રાશન, રસોડાના વાસણો અને કપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. હજુ જરૂરિયાત મુજબ સેવા કર્યા ચાલુ છે.

# વાપીની ઉપાસના સ્કૂલમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી થઈ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૩૦**

વાપીની ઉપાસના લાયન્સ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલમાં ગુરુપૂર્ણિમાની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ગુરુપૂર્ણિમા વિશે પ્રવચનો કર્યા હતા. વિદ્યાર્થીઓએ ગુરુજનો ઉપર અનેક લોકગીતો રજૂ કરીને શિક્ષકોને ભાવવિભોર કર્યા હતા. શાળાના શિક્ષક મહેશ પી. પટેલે પોતાના પ્રવચનમાં ગુરુ દ્રોણાચાર્ય અને એકલવ્યનું ઉદાહરણ આપી ગુરુજનોને પોતાનો ધર્મ અને કર્તવ્ય બજાવવા પર ભાર મૂક્યો હતો. શાળાના આચાર્ય શ્રીમતી ભાવિકા લાડએ શિક્ષકોને ગુરુપૂર્ણિમાની શુભેચ્છા પાઠવી સમાજના ઘડતરમાં ગુરુઓની ભૂમિકા સમજાવી હતી.

શાળાના બાલમંદિર, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

શાળાના સિનિયર કો-ઓર્ડિનેટર મયૂરી શાહને વિશેષ સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળાના ઉપાચાર્ય ડો.જુમના મૈતીએ આભાર માન્યો હતો. કાર્યક્રમમાં ઉદઘોષક તરીકે શાળાની શિક્ષિકા દર્શના જોશી અને અલ્પના સિંગે પોતાની આગવી શૈલી રજૂ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના શિક્ષકો, બિનશૈક્ષણિકગણે ભારે જહેમત ઉઠાવી હતી. છેવટે રાષ્ટ્રગીત ગાઈ સૌ છૂટા પડ્યા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉપાસના પરિવારમાં આનંદ-ઉલ્લાસ છવાય ગયો હતો.

**(છેલ્લા પાનાનું ચાલુ) કૃષિ અને ખડૂત...**

પૂરગ્રસ્ત વિસ્તારોમાં ખેતીને થયેલા વ્યાપક નુકસાનની વિસ્તૃત સમીક્ષા કરી હતી.

આ નિરીક્ષણ મુલાકાતમાં મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી સાથે રાજ્યના નાણા શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ અને આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર અને ગ્રામ ઉદ્યોગ અને જિલ્લા પ્રભારી મંત્રીશ્રી નરેશભાઈ પટેલ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રીશ્રીએ પૂર પ્રભાવિત વિસ્તારોના ખેડૂતો સાથે સીધો સંવાદ કરી નુકસાનીની વાસ્તવિક માહિતી મેળવી હતી. ખેડૂતોને પડતી મુશ્કેલીઓ અંગે ચર્ચા કર્યા બાદ, તેમણે જિલ્લા વહીવટીતંત્રને અસરગ્રસ્ત ખેડૂતોને તાત્કાલિક ધોરણે જરૂરી સહાય પહોંચાડવા માટે સત્વરે કાર્યવાહી કરવા જણાવ્યું હતું. વધુમાં, ખેતીવાડી અધિકારીને ખેતી પાકો અને જમીનને થયેલા નુકસાનનો સઘન સર્વે કરી, આંકડા એકત્રિત કરવા અને નિયમાનુસાર વળતર અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરવા સૂચના આપી હતી.

તેમની મુલાકાત દરમિયાન સ્થાનિક પદાધિકારીઓ અને અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.જેમાં વલસાડ જિલ્લા પંચાયતના પ્રમુખ હેતલબેન પટેલ, ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલ અને શ્રી રમણલાલ પાટકર, તેમજ વલસાડ જિલ્લા કલેક્ટરશ્રી નિતિન સાંગવાન અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોત સહિતના વહીવટી અધિકારીઓએ ઉપસ્થિત રહી પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

**(છેલ્લા પાનાનું ચાલુ) સુરતના ધોરણો...**

સામાજિક-ધાર્મિક સંસ્થાઓ, ઉદ્યોગો, સ્વૈચ્છિક સંસ્થાઓ, પત્રકારો અને સ્થાનિક નાગરિકોના સેવાભાવનાને મંત્રીશ્રીએ બિરદાવી હતી.

રાજ્ય સરકારે વલસાડ અને નવસારી જિલ્લાના નાગરિકોને વિશ્વાસ આપ્યો છે કે આ કુદરતી આપત્તિમાંથી ઝડપથી બહાર લાવવા માટે તમામ વિભાગો દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી ચાલુ છે અને દરેક અસરગ્રસ્ત સુધી સહાય પહોંચાડવામાં આવશે.

વલસાડ જિલ્લામાં અત્યાર સુધીમાં આશરે ૧૮,૦૦૦ લાભાર્થીઓને રૂા. ૩.૫૦ કરોડની કેશડોલ સહાય, રૂા.૯.૫૦ કરોડની ઘરવખરી સહાય તથા મકાન સહાય સહિત વિવિધ પ્રકારની રાહત પહોંચાડવામાં આવી છે.

કૃષિ મંત્રીશ્રીએ આજે ઉમરગામ તાલુકાના મોહનગામ અને પારડીના તીઘરા ગામની મુલાકાત લીધી હતી. તેમની સાથે રાજ્યના નાણા શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ અને આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર અને ગ્રામ ઉદ્યોગ અને જિલ્લા પ્રભારી મંત્રીશ્રી નરેશભાઈ પટેલ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

**CHANGE OF NAME**

**OLD NAME:** BALWANT BHAGU PATEL
**NEW NAME:** **PATEL BALAVANTBHAI BHAGUBHAI**
**ADDRESS:** H No. 78-3, Bhandarwad, Kadaiya, Nani Daman, Daman And Diu-396210

**CHANGE OF NAME**

I HAVE CHANGE OF MY NAME FROM JIGNESH KISMATBHAI BHANDARI TO **NEW NAME JIGNESH KISMAT BHANDARI**
**ADD.** FLAT NO.B-202, SAI RESIDENCY, SILVASSA- 396230, UT OF DNH&DD

ભારત સરકાર
કોર્પોરેટ બાબતોનું મંત્રાલય
સેન્ટર ફોર પ્રોસેસિંગ એક્સિલરેટેડ કોર્પોરેટ એક્ઝિટ (C-PACE)
IICA બિલ્ડીંગ, 7મો માળ,
પ્લોટ P-6,7,8, સેક્ટર-5, IMT માનેસર, ગુડગાંવ,
હરિયાણા - 122050.
ઈમેલ: roc.cpace@mca.gov.in

सत्यमेव जयते

Government of India
Ministry of Corporate Affairs
Centre for Processing Accelerated Corporate Exit (C-PACE)
IICA Building, 7th Floor,
Plot P-6,7,8, Sector-5, IMT Manesar,
Gurgaon, Haryana - 122050.
Email: roc.cpace@mca.gov.in

**ફોર્મ નં. એસટીકે-6**
**જાહેર સૂચના**
[કંપનીઓ અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૨૪૮ની પેટા-કલમો (૨) અને (૪) અને કંપનીઓ (કંપનીઓના રજિસ્ટરમાંથી કંપનીઓના નામ દૂર કરવા) નિયમો, ૨૦૧૬ ના નિયમ ૭ અનુસાર]

**જાહેર સૂચના : ROC/C-PACE/STK-2/248(2)/2026-27/836** **તારીખ: 21/07/2026**

**સંદર્ભ:**

૧. કંપનીઓ અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૨૪૮ (૨) હેઠળ **દમણ અને દીવ** રાજ્યમાં નીચેની ***(1)*** કંપનીઓના નામ રદ્ કરવા અથવા દૂર કરવાના કિસ્સામાં:

| ક્રમ | કાર્ય વસ્તુ | CIN | કંપનીનું નામ |
|---|---|---|---|
| 1 | AC4494713 | U47912DD2023PTC010033 | **ઓલેમેન્ટો ફેશન પ્રાઈવેટ લિમિટેડ** |

૨. આથી સૂચિત કરવામાં આવે છે કે, કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૨૪૮ (૨) હેઠળ કંપની રજિસ્ટ્રારને ઉપરોક્ત કંપનીઓના નામ કંપનીઝ રજિસ્ટરમાંથી દૂર કરવા માટે અરજીઓ મળી છે કારણ કે કંપની સ્થાપનાના એક વર્ષની અંદર વ્યવસાય શરૂ કરવામાં નિષ્ફળ ગઈ છે અથવા કંપનીએ પાછલા બે નાણાકીય વર્ષોથી વ્યવસાય કરી રહી નથી અને કંપની અધિનિયમ ૨૦૧૩ની કલમ ૪૫૫ હેઠળ નિષ્ક્રિય કંપનીનો દરજ્જો મેળવવા માટે આ સમયગાળા દરમિયાન કોઈ અરજીઓ કરી નથી અથવા કંપનીએ નિષ્ક્રીય કંપનીનો દરજ્જો મેળવ્યો છે/ મેમોરેન્ડમના સબ્ક્રાઈબરોએ કંપનીના સ્થાપના સમયે ચૂકવવાનું વચન આપ્યું હતું તે સબસ્ક્રિપ્શન ચૂકવ્યું નથી અને કલમ ૧૦એની પેટા કલમ (૧) હેઠળ તેના નિષ્ક્રિય થયાના એકસો એંસી દિવસની અંદર આ અસરની ઘોષણા ફાઈલ કરવામાં આવી નથી/કોઈ વ્યવસ્થા અથવા કામગીરી કરી રહી નથી, જેમ કે કલમ ૧૨ની પેટા કલમ (૯) હેઠળ ભૌતિક ચકાસણી પછી બહાર આવ્યું છે પરંતુ કંપની તરીકે નોંધણી ચાલુ રાખવા માંગતા નથી અને તેથી, કંપનીના રજીસ્ટરમાંથી તેમના નામ દૂર કરવા વિનંતી કરી છે.

૩. તદ્નુસાર, કંપનીના રજિસ્ટ્રાર ઉપરોક્ત કંપનીઓના નામ કંપનીના રજિસ્ટરમાંથી દૂર કરવાનો પ્રસ્તાવ મૂકે છે.

૪. કંપનીઓના રજિસ્ટરમાંથી કંપનીઓના નામ દૂર કરવા અથવા દૂર કરવાના પ્રસ્તાવ સામે વાંધો ઉઠાવનાર કોઈપણ વ્યક્તિ આ સૂચનાના પ્રકાશનની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર ઉપરોક્ત કાર્યાલયના સરનામે પોતાનો વાંધો મોકલી શકે છે.

**ઈરકાન ટિર્કી**
**ડેપ્યુટી રજિસ્ટ્રાર**
**સેન્ટર ફોર પ્રોસેસિંગ એક્સિલરેટેડ કોર્પોરેટ એક્ઝિટ**


**CBC 07123/11/0377/2627**

વર્તમાન પ્રવાહ
વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# આગામી ૧ ઓગસ્ટ સુધી ભારે વરસાદની આગાહીને પગલે વલસાડ જિલ્લા વહીવટી તંત્ર એલર્ટ મોડમાં

**નીચાણવાળા વિસ્તારોમાંથી સ્થળાંતરની પૂર્વ તૈયારીઃ બોટ તૈનાતી અને જાહેર જનતાને સતર્ક રહેવા અપીલઃ સરકારી વાહનો, હૂટરવાળા વાહનો, કચરો એકત્રિત કરતા વાહનો દ્વારા જનતાને સતર્ક કરવા સતત અનાઉન્સમેન્ટ કરવા સૂચના**




(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૩૦

ભારતીય હવામાન વિભાગ દ્વારા વલસાડ જિલ્લામાં તા. ૩૦ જુલાઈથી આગામી તા. ૦૧ ઓગસ્ટ સુધીના દિવસોમાં ભારે વરસાદની આગાહીને પગલે એલર્ટ અપાતા જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણ એલર્ટ મોડમાં આવી ગયું છે. જિલ્લા કલેક્ટરશ્રી નીતિન સાંગવાનના માર્ગદર્શન હેઠળ તમામ મામલતદારો, પ્રાંત અધિકારીઓ, તાલુકા વિકાસ અધિકારીઓ, ચીફ ઓફિસરો તેમજ સંબંધિત વિભાગોને આગોતરી સાવચેતીના ભાગરૂપે આગોતરા આયોજન સાથે જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે.

જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા અપાયેલી સૂચનાઓમાં તમામ મામલતદારોને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને જરૂરિયાત મુજબ સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવાની પૂર્વ તૈયારીઓ રાખવા સૂચના આપવામાં આવી છે. ચીફ ઓફિસરો અને તાલુકા વિકાસ અધિકારીઓને તાલુકાના તમામ નીચાણવાળા વિસ્તારોમાં જરૂરી સ્થળોએ બોટ્સ અગાઉથી જ તૈનાત કરવા તથા તેની વિગતો તાત્કાલિક જિલ્લા આપત્તિ નિયંત્રણ કેન્દ્ર (ડીઈઓસી)ને મોકલવા જણાવાયું છે. જે વિસ્તારોમાં તા. ૨૧ થી ૨૩ જુલાઈ દરમિયાન ભારે વરસાદ પડ્યો હોય અને પૂરથી વધુ પ્રભાવિત થયા હતા તેમજ અન્ય નીચાણવાળા વિસ્તારોમાં રાઉન્ડ ધ ક્લોક (૨૪ કલાક) સ્ટાફની ડ્યુટી ગોઠવવા મામલતદારોને જણાવાયું છે.

પારડી વિસ્તાર સહિત દરિયાકાંઠાના વિસ્તારોમાં કોસ્ટ ગાર્ડની બોટ્સ પણ આગોતરી તૈયાર રાખવા અને જરૂરિયાત સમયે તેનો ઉપયોગ કરવા માટે પ્રાંત અધિકારીઓને સંકલન કરવા જણાવાયું છે.

તમામ તાલુકાઓમાં સરકારી વાહનો, હૂટરવાળા વાહનો, કચરો એકત્રિત કરતા વાહનો તેમજ અન્ય ઉપલબ્ધ માધ્યમો દ્વારા જાહેર જનતામાં સતત અનાઉન્સમેન્ટ કરવા પણ સૂચના આપવામાં આવી છે. તેમાં આગામી ત્રણ દિવસ તા. ૧ ઓગસ્ટ સુધી ભારે વરસાદની શક્યતાને ધ્યાનમાં રાખીને બિનજરૂરી બહાર ન નીકળવા, પાણીના વહેણવાળા રસ્તાઓ પાર કરવાનો પ્રયાસ ન કરવા તેમજ વરસાદ દરમિયાન શક્ય હોય ત્યાં સુધી પશુઓને દોરડાથી બાંધી ન રાખવા અપીલ કરવામાં આવી છે. સાથે જ તમામ પ્રાંત અધિકારીઓને પોતાના વિસ્તારના ઔદ્યોગિક એકમો અને વ્યાવસાયિક સંસ્થાઓ સાથે સંકલન કરી ભારે વરસાદની સ્થિતિમાં કર્મચારીઓને કામ પર ન બોલાવવા અંગે પણ સૂચના આપવા જણાવાયું છે.

જિલ્લા વહીવટી તંત્રે તમામ વિભાગોને સંપૂર્ણ સતર્કતા સાથે કાર્ય કરવાની અને કોઈપણ આપત્તિજનક પરિસ્થિતિમાં તાત્કાલિક પ્રતિસાદ આપવા માટે સજ્જ રહેવાનો નિર્દેશ આપ્યો છે.

## આજે વલસાડ જિલ્લાની તમામ શાળાઓમાં રજા

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૩૦

હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની આગાહી કરવામાં આવતા વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખી સાવચેતીના ભાગરૂપે તા. ૩૧-૦૭-૨૦૨૬ (શુક્રવાર)ના રોજ વલસાડ જિલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટેડ, ખાનગી, આંગણવાડી, પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે. આ નિર્ણય જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સાવચેતીના પગલાંરૂપે લેવામાં આવ્યો હોવાનું જિલ્લા શિક્ષણાધિકરી અને પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી વલસાડ દ્વારા જણાવાયું છે. બાળકોનું શિક્ષણ ન બગડે તે માટે ઓનલાઈનના માધ્યમથી અથવા અન્ય ઓનલાઈન શિક્ષણની વ્યવસ્થા કરી બાળકોનું શિક્ષણ કાર્ય ચાલું રાખવાનું રહેશે.

ગુરુપૂર્ણિમા નિમિત્તે

# નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ સલવાવ ગુરુકુળમાં સંતોના આશીર્વાદ લીધા, પૂરના નુકસાનની કરી સમીક્ષા





(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૩૦

ગુરુપૂર્ણિમાના પાવન અવસરે ગુજરાત રાજ્યના નાણાંમંત્રી અને પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈ તેમજ વાપી નગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતીષભાઈ પટેલે સલવાવ સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુળની મુલાકાત લઈ પૂજ્ય પુરાણી સ્વામી કેશવચરણદાસજીનું પૂજન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

આ પ્રસંગે પૂજ્ય રામ સ્વામી, પૂજ્ય હરિ સ્વામી, ટ્રસ્ટી બાબુભાઈ પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ સંતો સાથે ગુરુપૂર્ણિમાની શુભેચ્છાઓની આપ-લે કરી ધર્મ, સંસ્કાર અને સમાજસેવાના કાર્ય અંગે ચર્ચા કરી હતી.

મુલાકાત દરમિયાન ગુરુકુળના સંતો અને ટ્રસ્ટીઓએ તાજેતરમાં પડેલા અતિભારે વરસાદના કારણે સંસ્થામાં સર્જાયેલી પૂરની સ્થિતિ અને તેના પરિણામે થયેલા વ્યાપક નુકસાન અંગે નાણાંમંત્રી કનુભાઈ દેસાઈને વિગતવાર માહિતગાર કર્યા હતા. તેમણે સંસ્થાની હાલની પરિસ્થિતિથી અવગત થઈ જરૂરી સહકાર અને રાહત અંગે ચર્ચા કરી હતી.

ગુરુપૂર્ણિમાના આ પવિત્ર અવસરે ધાર્મિક અને આધ્યાત્મિક માહોલ વચ્ચે યોજાયેલ આ મુલાકાતને ભક્તો અને ઉપસ્થિત આગેવાનોએ આવકારી હતી.

# વાપી રાજસ્થાન ભવનમાં સ્વ.મંજુબેન દાયમાની ૧૯મી પુણ્યતિથિની ઉજવણીએ વિશાળ રક્તદાન કેમ્પ યોજાયો

**નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે રક્તદાન કેમ્પનું ઉદ્ઘાટન કરાયું**





(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૩૦

વાપી રાજસ્થાન ભવનમાં આજે ગુરૂવારે સ્વ.મંજુબેન દાયમાની ૧૯મી પુણ્યતિથિની ઉજવણી વિશાળા રક્તદાન કેમ્પ થકી કરવામાં આવી હતી. રાજસ્થાન પ્રગતિ મંડળ અને દાયમા પરિવારના સંયુક્ત ઉપક્રમે થયેલા આ આયોજનમાં રક્તદાતાઓએ ઉત્સાહભેર રક્તદાન કરી કેમ્પને સફળ બનાવ્યો હતો.

રાજસ્થાન ભવનમાં યોજાયેલ રક્તદાન કેમ્પનું ઉદ્‌ઘાટન નાણા અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈના કરકમલથી કરવામાં આવ્યું હતું. રાજસ્થાન પ્રગતિ મંડળ અને દાયમા પરિવાર સ્વ.મંજુબેન દાયમાની સ્મૂર્તિમાં પ્રત્યેક વર્ષ રક્તદાન કેમ્પનું આયોજન કરે છે.

આ પ્રસંગે નાણામંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, રક્તદાન જેવી માનવતાભરી કામગીરીને મારી શુભેચ્છા પાઠવું છું. દાયમા પરિવાર હંમેશાં સમાજ સેવામાં અગ્રણી રહ્યો છે. વાપીને કર્મભૂમિ બનાવી વાપીનું ઋણ સદાય ચુકવતો રહ્યો છે.

મુખ્ય આયોજક બી.કે. દાયમાએ જણાવ્યું હતું કે, મંજુબેન પાર્સદ તરીકે સેવાની સાથે સાથે લાયોનેસ ક્લબની અધ્યક્ષા તરીકે પણ સતત રક્તદાન મુહિમ સતત ચલાવતી રહી હતી. પ્રગતિ મંડળના અધ્યક્ષ શ્રવણ કુમાર નેજાએ જણાવ્યું હતું કે, અધ્યક્ષ તરીકે મારા માટે ગૌરવ છે કે સમાજ સેવાના કાર્યો પૈકી પ્રથમ કામ રક્તદાન કેમ્પના આયોજનનું આવ્યુ છે. રક્તદાન એ જીવનદાન છે. રક્તદાન કેમ્પમાં ૫૦૦ યુનિટ રક્તનું લક્ષાંક રાખવામાં આવે છે. આ પ્રસંગે વારંવાર રક્તદાન કરતા રહેલા ૧૧ રક્તદાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

# વાપીમાં વેપારીને ૭૩ એએની જમીન એનએ કરાવી આપવાની લાલચ આપી ₹૨.૧૨ કરોડની ઠગાઈ કરનાર આરોપીની ધરપકડ



**આરોપી રાજેશ ગૌતમ રહે.વાપી છરવાડાની ધરપકડઃ મુખ્ય આરોપી રાજેન્દ્ર ઝેકડીયા રહે.વલસાડ અને એમ.એસ. ગોહીલ ફરાર**

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૩૦

વાપીમાં વેપારીને ૭૩ એએની જમીન એનએ કરાવી આપવાની લાલચ આપી મિત્રતા કેળવી અને નકલી અધિકારીનો ઢોંગ કરી ત્રણ આરોપીએ વેપારી પાસેથી ₹.૨.૧૨ કરોડની માતબર રકમની ઠગાઈ કરી હતી. આ પ્રકરણના ત્રણ આરોપી પૈકી એકની જીઆઈડીસી પોલીસે ધરપકડ કરી લીધી છે.

જીઆઈડીસી પોલીસમાં ઠગાઈનો ભોગ બનનાર ઉત્પલ બળદેવભાઈ પારેખે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ અનુસાર ગાંધીનગર સચીવાલયના ઉચ્ચ અધિકારીની ઓળખ આપી ઉત્પલ પારેખ સાથે મિત્રાતા કેળવી હતી. ત્યારબાદ જમીનની ફાઈલ મુખ્ય આરોપી રાજેન્દ્ર ઝેકડીયા રહે. નનકવાડા વલસાડ જે ગાંધીનગરનો નકલી અધિકારી ગણાવતો હતો. બીજો કડી રૂપ ભૂમિકા ભજવનાર રાજેશ ગૌતમ રહે.રાજ સેફાયર બિલ્ડીંગ છરવાડા વાપી અને ત્રીજો આરોપી એસ.એસ. ગોહીલ મળીને કાવતરૂ રચી સરકારી મહેસુલ અધિકારીઓનો સ્વાંગ રચીને ફરિયાદી ઉત્પલ પારેખ પાસેથી રોકડા, બેન્ક ટ્રાન્સફર, આંગડીયા મારફતે અલગ અલગ સમયે જમીન એન.એ. કરાવી આપવાના પેટે રૂા.૨,૧૨,૪૫૦૦૦ ની રકમ લીધી હતી. લાંબો સમય વિતી જવા છતાં જમીનનું કામ પુરુ નહિ થતા ઉત્પલ પારેખને ઠગાઈ થઈ હોવાનો પાકો અહેસાસ થયો તેથી ત્રણેય વિરૂધ્ધ જીઆઈડીસી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં ત્રણ પૈકી આરોપી રાજેશ ગૌતમની ધરપકડ કરી લીધી. બાકીના બે આરોપીની શોધ પોલીસ ચલાવી રહી છે.

વલસાડ-નવસારી પૂરગ્રસ્તોની વ્હારે ગુજરાત સરકાર

# સુરતના ધોરણો મુજબ વલસાડ-નવસારી જિલ્લાઓમાં વેપારીઓ, લારી-ગલ્લાધારકો અને અન્ય અસરગ્રસ્તોને આર્થિક સહાય આપવામાં આવશે




**ખેતી અને બાગાયતી પાકોના નુકસાનનો તાત્કાલિક સર્વે કરીને રાજ્ય અને કેન્દ્ર સરકારના ધોરણો મુજબ સહાય આપવામાં આવશેઃ પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણી**

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૩૦

અતિ ભારે વરસાદ અને પૂરથી પ્રભાવિત વલસાડ અને નવસારી જિલ્લાના વેપારીઓ, લારી-ગલ્લાધારકો અને અન્ય અસરગ્રસ્તોને સુરત અને અમદાવાદની તરાહ પર જ આર્થિક સહાય ચૂકવવામાં આવશે, તેમ પ્રવક્તામંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વલસાડ અને નવસારી જિલ્લામાં નોધાયેલા અસાધારણ વરસાદને ધ્યાનમાં રાખી બંને જિલ્લાઓને વિશેષ પ્રાથમિકતા આપવામાં આવી છે.

વલસાડ ખાતે મીડિયા સાથની મુલાકાતમાં પ્રવક્તા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ખેતી અને બાગાયતી પાકોના નુકસાનનો તાત્કાલિક સર્વે કરીને રાજ્ય અને કેન્દ્ર સરકારના ધોરણો મુજબ સહાય આપવામાં આવશે. તેમણે ઉમેર્યું કે, ઘાસચારાની અછત દૂર કરવા કલેક્ટરને તાત્કાલિક નિર્ણય લેવાની સત્તા આપવામાં આવી છે. અસરગ્રસ્તોને આ મહિનાથી જ રાશન સહાય આપવાનો નિર્ણય લેવાયો હોવાનું પણ પ્રવક્તામંત્રીએ જણાવ્યું.

શ્રી જીતુભાઈ વાઘાણીએ સ્થિતિનો ચિતાર આપતા જણાવ્યું કે, દોઢ-બે દિવસમાં એક સાથે આટલો વરસાદ પડી જાય એ અસાધારણ ઘટના છે. તેમણે કહ્યું કે કદાચ ભારતમાં આટલો ભારે વરસાદ બહુ ઓછા સ્થળોએ પડ્યો હશે અને આ કટોકટીની સ્થિતિમાં રાજ્ય સરકાર નાગરિકોની પડખે છે. શ્રી જીતુભાઈ વાઘાણીએ કહ્યું કે, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહિનાથી જ રાશન આપવાનો સંવેદનશીલ નિર્ણય લીધો છે. મંત્રીશ્રીએ કહ્યું કે, નવસારી અને વલસાડ જિલ્લામાં ખેતીઅને બાગાયતમાં જે નુકસાન થયું છે, તેનો સર્વે કરીને કેન્દ્ર અને રાજ્ય સરકારના ધારાધોરણ અનુસાર મદદ કરવામાં આવશે.

તેમણે જણાવ્યું કે બાગાયતી પાકોમાં જે છોડ-વૃક્ષને નુકસાન થયું છે તેને વૈજ્ઞાનિક પદ્ધતિથી બચાવવા પ્રયાસ કરવામાં આવશે. પૂર દરમિયાન એનજીઓ,

-વધુ પેજ નં.૭ પર

વાપી સુરતથી થતી ગુટખા તસ્કરીનો પર્દાફાશ

# બોર્ડર નજીક મહારાષ્ટ્ર પોલીસે ૨૦ લાખનો ગુટખા-તમાકુનો ગેરકાયદે જથ્થો ઝડપ્યો





(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૩૦

મુંબઈમાં ગુટખાનો પ્રતિબંધ હોવાથી ગુટખા માફીયા ગેરકાયદે ગુટખા તમાકુનો જથ્થો ઘૂસાડવાનું નેટવર્ક આંતરિક રીતે ચલાવી રહ્યા છે. તેવા નેટવર્કનો મહારાષ્ટ્ર પોલીસે ગુટખા તસ્કરીનો બોર્ડર નજીક પર્દાફાશ કરીને ૨૦ લાખનો ગુટખાનો જથ્થો ઝડપી પાડ્યો છે.

મુંબઈ મહારાષ્ટ્રમાં ગુટખા ઉપર પ્રતિબંધ હોવાથી વાપી-સુરતથી ગેરકાયદે ગુટખા ઘૂસાડવાનું નેટવર્ક ગુટખા માફિયા ચલાવી રહ્યા છે. ભૂતકાળમાં ગુટખાનો જથ્થો મુંબઈમાં ઘૂસાડવાના બનાવો બની ચૂક્યા છે. આજે મહારાષ્ટ્ર ગુજરાતની બોર્ડર ઉપરથી મહારાષ્ટ્ર પોલીસે જથ્થો ભરેલી ટ્રક ઝડપ પાડી હતી. ચાલકની ધરપડક કરી વધુ આગળની તપાસ પોલીસે હાથ ધરી છે. ગુટખાનું ઘૂસાડવાનું નેટવર્ક અમદાવાદ મુંબઈ હાઈવે ઉપર ચાલે છે એવું નથી. રેલવે મારફતે પણ ગુટખાનો જથ્થો મુંબઈ ઘૂસાડવાના ષડયંત્રો પણ ચાલી રહ્યા છે. તેથી રેલવેના વિવિધ સ્ટેશનો ઉપર પણ ગુટખા અંગે ચેકીંગ કાર્યવાહી ચલાવાઈ રહી છે.

# ધરમપુરના ઢોકવળ ગામે દિપડા માટે પાંઝરૂ મુકવા ગ્રામજનોની માંગ

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૩૦

આજરોજ તા.૩૦/૦૭/૨૦૨૬ના દિને ધરમપુખ ખાતે ઢાંકવળ ગામના આગેવાનો સાથે ધરમપુર પ્રાંત અધિકારીશ્રી અને રેન્જ ફોરેસ્ટ અધિકારીશ્રીને ધરમપુરને ઢાંકવળ ગામની વન અધિકાર દાવાની મંજુર જગ્યા પર વન વિભાગ દ્વારા કરવામાં આવેલ પ્લાનટેશન બાબતે અને ઢાંકવલ ગામે દીપડા દ્વારા બે બકરાના શિકાર કરવામાં આવેલ હોય ત્યાં તાત્કાલિક પાંજરૂ મૂકવા બાબતે ગ્રામજનો અને ગામના સરપંચશ્રી, જિલ્લા પંચાયત સભ્ય શ્રી હિનાબેન અને ગામ આગેવાન જહિરામભાઈ અને મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહી રજૂઆત કરી હતી.

# કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી જીતુભાઈ વાઘાણીએ ઉમરગામના મોહનગામમાં પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ ખેતીક્ષેત્રે થયેલા નુકસાનીનો તાગ મેળવ્યો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૩૦

રાજ્યના કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર,પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યઉદ્યોગ અને પ્રોટોકોલ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ તાજેતરમાં ભારે વરસાદ અને પૂરથી પ્રભાવિત ઉમરગામ તાલુકાના મોહનગામ ખાતે રૂબરૂ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે

-વધુ પેજ નં.૭ પર



